ચંદ્રમણિ પ્રકાશન
કિંમત રૂા.૨૦

# મમતા


વર્ષઃ ૧, અંકઃ ૧૨, ૨૦૧૨
વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક





# વિક્રમ સેઠ/રાગ વિશ્વરંજની
# કેફિયત




પરદેશમાં રહેતા ભારતીય (એનઆરઆઈ) લેખકોમાં વિક્રમ સેઠ એક એવું નામ છે જેને વિશ્વભરમાં એની બહુમુખી પ્રતિભા માટે આદર અપાય છે. કવિતા, પ્રવાસ, લેખન, નવલકથા, બાળ સાહિત્ય, નિબંધ એમ સાહિત્યનાં લગભગ બધાં જ ક્ષેત્રોમાં નામના મેળવી ચૂકેલા આ સર્જકને ભારત ઉપરાંત બીજા ઘણાં દેશોનો અનુભવ છે. આઠ ભાષાઓના જાણકાર આ લેખકે અંગ્રેજીમાં જ લખવાનું પસંદ કર્યું છે. ૧૯૫૨માં કલકત્તામાં જન્મેલા વિક્રમના પિતા બાટા શૂ કંપનીમાં નોકરી કરતા હતા. માતા લીલા સેઠ દિલ્હી હાઈકોર્ટની સર્વ પ્રથમ મહિલા જજ હતાં. નાની બહેન ફિલ્મો બનાવે છે અને દીપા મહેતા સાથે કાર્યરત છે. માતાએ જીવનકથા ''ઓન બેલેન્સ'' લખી છે. પરિવારના આ સાંસ્કૃતિક વાતાવરણમાં ઊછરેલા વિક્રમને ઉચ્ચ સંસ્થાઓમાં શિક્ષણ મળ્યું જેમાં દૂન સ્કૂલ, ઓક્સફર્ડ અને સ્ટેનફર્ડનો સમાવેશ થાય છે. વિક્રમ ઓક્સફર્ડમાં હતો ત્યારે ચીની ભાષા શીખી તેણે ત્યાંની કવિતાનો અભ્યાસ કર્યો. ૧૯૮૦માં તેનો પ્રથમ કવિતા સંગ્રહ છપાયો પણ કોઈએ એની ખાસ નોંધ લીધી નહીં.

એકત્રીસ વર્ષની ઉંમરે સિનકિયાંગ અને તિબેટના અનુભવો બાદ ''ફ્રોમ હેવન લેક'' પ્રવાસ વર્ણનનું પુસ્તક લખ્યું જેને થોમસ કૂક બૂક એવોર્ડ મળ્યો. લખવાનો શોખ જાગ્યો અને વિક્રમ સ્ટેનફર્ડમાં અર્થશાસ્ત્રમાં પીએચ.ડી. કરી રહ્યો હતો ત્યારે ૧૯૮૬માં એક તદ્દન નવો જ પ્રયોગ કર્યો. સાન ફ્રાન્સિસ્કોના એક દાયકાના અનુભવો પર ''ગોલ્ડન ગેટ'' નામની સોનેટ આધારિત એક પદ્ય નવલકથા લખી જેનાથી વિક્રમને સારી પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા મળી. અનેક વર્ષો વિદેશમાં રહી જ્યારે એ ભારત પાછો આવ્યો ત્યારે અહીંની પારંપરિક લગ્ન પ્રથા પર એક અતિ લાંબી નવલકથા ''અ સૂટેબલ બોય'' લખી. કુલ ૧૩૪૯ પાનાંની આ મહાકથા વિશ્વની સૌથી લાંબી નવલકથા ગણાય છે. આમાં ચાર પરિવારોની વાત છે અને પોતાની આસપાસના ઘણાં જીવંત પાત્રોને અહીં કાલ્પનિક રૂપ આપવામાં આવ્યું છે. આ નવલ લખતાં એક દાયકાનો સમય લાગ્યો હતો. દર વર્ષે સરેરાશ ૧૩૦ પાનાં જ લખાયાં હતાં જેને વિક્રમ 'સ્લો કૂકિંગ' કહે છે. ''અ સૂટેબલ બોય'' માટે વિક્રમને અઢી લાખ પાઉન્ડની એડવાન્સ રકમ મળી હતી અને આ પુસ્તકની દસ લાખ નકલો વેચાઈ છે. સૌથી લાંબી નવલકથા લખવાનો વિક્રમનો આ વિક્રમ સહેલાઈથી તૂટે તેમ લાગતું નથી. *વોશિંગ્ટન પોસ્ટે* આ નવલકથાને 'પ્રથમ પ્રયાસે ટોલ્સ્ટોય' કહી બિરદાવી અને વિક્રમની ગણના અંગ્રેજી ભાષાના પ્રમુખ લેખકોમાં થવા લાગી. એ કહે છે કે આ નવલ હું જુદા ભાગોમાં લખી શક્યો હોત પણ રોયલ્ટીની પરવા કર્યા વિના મેં વાર્તાની સળંગતા તૂટે નહીં તે માટે વાર્તાને એક જ પુસ્તકમાં સમાવી છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતની વિધિવત્ તાલીમ લીધા બાદ લેખકને પશ્ચિમના શાસ્ત્રીય સંગીતમાં રસ જાગ્યો. એક મૂક બધિર સંગીતકારના મુખ્ય પાત્ર પર યુરોપની પાર્શ્વભૂમિ પર ''ઇક્વલ મ્યુઝિક'' લખાઈ. ત્યાર બાદ ''ધ રીવર્ડ અર્થ'' અને ''ટુ લાઇવ્ઝ''નું સર્જન થયું. દરેક કૃતિમાં નવો વિષય ખેડવાના આગ્રહી વિક્રમને હવે ''અ સૂટેબલ ગર્લ'' લખવાની ઇચ્છા છે. એકવાર સફળતા મળ્યા બાદ આજે એની દરેક નવી કૃતિને અંગ્રેજી સાહિત્યમાં આદરથી જોવામાં આવે છે.

પોતાની લેખન પદ્ધતિ વિશે એ કહે છે - હું દરેક વિષય પર પહેલાં સંશોધન કર્યા પછી જ લખું છું અને લખાણને ખાસ મઠારતો નથી. ટીન ટીનનાં કોમિક્સ વાંચવા મને આજે પણ ગમે છે. મારાં પાત્રો સામાન્ય રીતે જીવિત પાત્રો પર આધારિત હોય છે. કોમનવેલ્થ રાઈટર્સ એવોર્ડ વિજેતા આ લેખકે ૨૦૧૨ના કોલકાતા બૂક ફેરની મુલાકાત લીધા પછી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું - ભારતમાં બીજે ક્યાંય આ કક્ષાનો પુસ્તક મેળો મેં જોયો નથી. વિક્રમ પોતાને મૂળ અર્થશાસ્ત્રી માને છે પણ ખરી કમાણી એને લેખન પ્રવૃત્તિમાંથી મળી છે. લેખક આર્થિક સંકટમાં રહેતો હોય એ માન્યતાને એણે સાવ ખોટી પાડી દીધી છે. એની કૃતિ ''ટુ લાઇવ્ઝ'' માટે વિક્રમને ચૌદ લાખ પાઉન્ડની રોયલ્ટી મળી છે.

આજે સાઇઠની ઉંમરે પહોચેલો વિક્રમ છેલ્લાં પાંચ વર્ષથી એની આદત પ્રમાણે નવા શોખોમાં વ્યસ્ત છે. સુલેખન (કેલિગ્રાફી), ચિત્રકળા અને શિલ્પમાં આજે એ લીન રહે છે. પોતાના ગેરેજમાં જ સ્ટૂડિયો બનાવી દીધો છે. એ કહે છે કે ચીનમાં કેલિગ્રાફીને ચિત્રકળા કરતાં પણ ઊંચો દરજ્જો અપાય છે. આ એવી કળા છે જેને સંગીતની જેમ વાંચી શકાય છે. વિક્રમ માને છે કે દરેક સત્તાધીશને કલાકારનો ભય હોય છે કારણ કે કલાકાર ધારે તો સમાજમાં મોટું પરિવર્તન લાવી એમની સત્તા માટે જોખમ ઊભું કરી શકે છે. શિલ્પ કળામાં ખુલ્લા હાથે સર્જન કરવાનો એને આનંદ છે. કોઈ શિલ્પ પર કામ કર્યા બાદ હેલ્થ ક્લબમાં કસરત કર્યા જેવી ભાવના થતી હોય છે.

આ બહુમુખી પ્રતિભા ધરાવતો લેખક કંઈક નવું કરવાનો આગ્રહી છે, ''અ સૂટેબલ ગર્લ'' એ ક્યારે બહાર પાડી શકશે તે કહેવું મુશ્કેલ છે, પણ તે પહેલાં કોઈ તદ્દન નવા જ ક્ષેત્રમાં નામના મેળવી લે તો નવાઈ નહીં! આજે વિદેશમાં રહીને અંગ્રેજીમાં લખતા ભારતીય મૂળનાં ઘણાં લેખકો લોકપ્રિય છે અને વિશ્વકક્ષાનાં ઇનામો પણ મેળવી ચૂક્યાં છે. આ બધામાં વિક્રમ સેઠનું વ્યક્તિત્વ જુદું પડી આવે છે. **મ**


*વિવિધ સ્રોતમાંથી સંકલન અને ગુજરાતી રજૂઆત*
**બકુલ બક્ષી**
**મો ૯૮૨૫૫ ૦૩૮૭૮**
**bakulbakshi@hotmail.com**

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક


## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

જેમ્સ થર્બર નામના અમેરિકન લેખકની એક વાર્તા છે, 'ધ સિક્રેટ લાઈફ ઓફ વોલ્ટર મિટી.' એમાં વોલ્ટર મિટી નામનો એક શરમાળ, સામાન્ય માણસ પોતાને થતા અન્યાયો સામે વાસ્તવમાં તો કશું કરી શકતો નથી પરંતુ પોતાની ખાનગી ફેન્ટસીમાં, દિવાસ્વપ્નોમાં, પોતાને શક્તિમાન ભૂમિકાઓમાં કલ્પે છેઃ યુદ્ધવિમાનોનો પાયલટ, ઈમરજન્સી રૂમનો સર્જન, અને વળી ખૂની ખંજર ફેરવતો હત્યારો!






આ અંક સાથે 'મમતા' તેનું પહેલું વર્ષ પૂરું કરે છે, માનવામાં નથી આવતું! વાચકો અને નવોદિતોનો પ્રચંડ પ્રતિસાદ સંપાદકને સવારે ઊઠીને ઊભા થવાનો ઉત્સાહ આપે છે. નવા નવા વિચાર અને નવા નવા મિત્રોની સહાય ડોકીમાં ગરમાટો લાવે છે. પરંતુ એ સુંદર ચિત્રમાં વાસ્તવ કેટલો ને ફેન્ટેસી કેટલી તે માપી શકાય તેમ નથી. કાઉંસમાં કહી શકાય કે, માપવુંયે નથી. નિશાળમાં ભણેલી ગોપાલસિંહ નેપાલીની કવિતા ખોપરીમાં હુંકાર કરતી ઘૂરે છે, સર્કસના ગોળામાં ચાલતા ફટફટિયા જેવા આત્મવિશ્વાસ અને ડેન્જરના ભાવ સાથે. *મુખ સે મુખછવિ પર લજ્જા કા ઝીના પરિધાન કહીં સુંદર/સુંદર સે સુંદર કા ધ્યાન કહીં સુંદર.* ક્યોંકિ વાસ્તવ એ છે કે હજી મમતાના પગ અસ્થિર છે, પ્રૂફવાચકની સતત શોધ છે. રેખાંકનોની કક્ષા અણસરખી છે, ગ્રાહકોની ફરિયાદો હજી આવે છે. હજી 'મમતા'નો પ્રચાર વ્યવસ્થિત થયો નથી, હજી વિજ્ઞાપન માટેની ઝુંબેશ નહિવત્ છે, હજી એસટી સ્ટોલો, ફેરિયા, વ્હીલરના સ્ટોલો ઉપર 'મમતા'નો થોકડો દેખાતો નથી, રિયાયતી ભાવે અંકો ટપાલ કરવાનો પ્રબન્ધ હજી એક વર્ષે પણ થયો નથી - અને સંપાદક ઘેલાં કાઢે છે, કે 'વાચકો અને નવોદિતોનો પ્રચંડ પ્રતિસાદ સંપાદકને સવારે ઊઠીને ઊભા થવાનો ઉત્સાહ આપે છે.'

આ અંકમાં કેટલીક મેદસ્વી વાર્તાઓને નિર્મમ રીતે સંક્ષિપ્ત કરી છે, મૂલ્યાંકનોને પણ ટુંકાવવાં પડ્યાં છે. કેટલીક લાંબી વાર્તાઓ લેખકોએ પોતે ટૂંકી કરી આપી છે, ને કેટલાક લેખકો પાસે તેમની રચનાઓ ફરી લખાવાઈ છે. લેખકો અને વિદ્વાનો આ સંપાદકીય ધૃષ્ટતા સહી લેશે એવી પ્રત્યાશા છે. આદર્શ તો એ કહેવાય કે દરેક વાર્તાની લીટીએ લીટીને સંપાદક 'સુધારે', કથાકારની હૈયાફાટ ઊર્મિલતાને ઓછી કરીને કથાકારીય 'ઓબ્જેક્ટિવિટી'ને અગ્રતા આપે, ફિલ્મી ગીતડાંનાં ગોદડાં નીચેથી કથાને બહાર કાઢી બતાવે. પરંતુ એટલો હઠાગ્રહ રખાયો નથી. છેવટ વાકયે વાકયે જોડણી ભૂલોવાળી મહાકથાઓને કાપીકૂપી વર્ડ ફાઈલમાં રીરાઈટ કરવાનુંયે બન્યું નથી. તે બદલ કમ્પોઝિટરો પાસે અને અલબત્ત વાચકો પાસે સંપાદક નતનયને શરમિન્દગી દર્શાવે છે.

આ દીપોત્સવી અંક નંબર વન છે. યાને ડાયાસ્પોરા સિતારાનો વિશેષ અંક છે. એમાંની વાર્તાઓ ભારતથી દૂર રહેતા એનઆરઆઈ, એનઆરજી સ્ત્રીપુરુષોના મગજમાં કેવાં કેવાં વસ્તુ આવે છે તેનો એક ચિતાર છે. કેનેડા, અમેરિકા, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, અને આયર્લેન્ડની હવાનો શ્વાસ લેતા ગુજરાતી લેખક-યશ-વાંચ્છુઓ પાનાંનાં પાનાં ભરીને શું લખી મોકલે છે તેની ઝાંકી રજૂ કરવાના હેતુથી વાર્તાની ગુણવત્તા કરતાં લેખકોનો ભૌગોલિક નિવાસને અગ્રતા બક્ષી છે. પહેલાં સોળ વાર્તાઓ લીધેલી. પહેલાં આખા અંકનું કલર પ્રિન્ટિંગ કરાવવાની ફેન્ટસી હતી પરંતુ વિજ્ઞાપન ક્ષેત્રે સરિયામ નિષ્ફળતાના કારણે આ અંકમાં નવ જ વાર્તાઓ લઈ શકાઈ છે. હવે પછીના દીપોત્સવી અંક નંબર ટુ યાને જન્મદિવસ વિશેષ અંકમાં ડાયાસ્પોરાના બાકીના સિતારાઓની કમાલ તેમ જ આરઆઈ અને આરજી વાર્તાકારોના અફસાના પેશ થશે.

આ એક વર્ષમાં નથી એકેય વાર્તા આવી સાયન્સ ફિકશનની, ડિટેક્ટિવ રહસ્યની, પ્રસન્ન પ્રેમની, પ્રવાસની. એક સમયની હીરો હીરોઈન, વિલેન અને કોમેડિયનના ડબ્બાવાળી એકધારી હિન્દી ફિલ્મોની જેમ હજી ગુજરાતી લેખકો એકધારાં મધ્યમ વર્ગના પરિવારોની એકધારી હૈયાસઘડીની વાર્તાઓમાં ડૂબાડૂબ છે. હવે હિન્દી ફિલ્મો યુરોપ અમેરિકાની ઠસ્સાદાર ફિલ્મોની જેમ નવા વિષયો ને નવી માવજત સાથે આવી રહી છે. વિસ્મય થાય છે કે ગુજરાતી વાર્તામાં એવું કાંઈ થશે કે નહીં? વોલ્ટર મિટી કહે છે, શ્યોર શ્યોર!

મુખપૃષ્ઠ ઉપર છે તમામ એનઆરજી લેખકોના આદિપુરુષ કૃષ્ણલાલ શ્રીધરાણી - વધુ રસિક ભાગ આવતા અંકે

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોમાં સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યૂટર ઉપર લેટર સાઈઝ કે એ-ફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઈ-મેઈલથી** mamatamonthly@hotmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઈલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- **વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઈન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઈ-મેઈલ આઈડી મોકલવાં.**
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઈચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે નીચેના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું,** mamatacirculation@gmail.com **અથવા 'મમતા' કાર્યાલય ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭.** સંપાદકીય પત્રવહેવાર માટે ઈ-મેઈલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


**૦૩** • **પંખીનો મેળો**

**૦૪** • બળવંત જાની / **કાલા ઘેલા અમીછાંટણા**

**૦૫** • વલ્લભ નાંઢા / **સુખદ અનુભવ**

**૦૬** • રજની પી. શાહ / **મેરી ગો રાઉન્ડમાં**

**૦૮** • નૈમિષ નાણાવટી / **બીજી વાર્તા**

**૧૨** • હંસા જાની / **આઠ ડોલર**

**૧૬** • વિરાફ કાપડિયા / **શ્રીધર**

**૨૨** • પ્રવીણ શાસ્ત્રી / **એસ્કોર્ટ**

**૨૬** • ભદ્રા વડગામા / **એક અદ્ભુત ભેટ**

**૩૦** • ધીરુભાઈ શાહ / **ત્રણ લઘુ વાર્તા**

**૩૨** • હિમાંશુ વડોદરિયા / **ગાંધીજીને મળવું**

**૩૪** • કનુ પંચાલ / **ખરેખર ખરખરો**

**૩૬** • અશ્વિન દેસાઇ / **કોને ખબર કેમ**

**કવર ૨** • વિક્રમ સેઠ / **રાગ વિશ્વરંજની**



**પ્રચાર** મણિલાલ રાજપૂત

**કોપી એડિટર** છાયા ત્રિવેદી **સંપાદન સહાય** સુચી વ્યાસ

**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** રીટા ડાંગોદરા
ફોન : ૯૪૨૬૪ ૧૮૫૧૦

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ.
૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર
અમદાવાદ: ૩૮૦૦૨૧ ફોન: ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** : એ. વી. ઠાકર

**વિજ્ઞાપન અને રવાનગી** કે. એ. વૈદ્ય

**મુખપૃષ્ઠ પરિકલ્પના** મણિલાલ રાજપૂત

**રેખાંકન** દિનેશ શર્મા અને સુલેમાન રોશનઅલી

# પંખીનો મેળો

જુલાઈનો અંક મળ્યો. શ્રી બળવંત જાની પાસે તમે એમની પ્રથમ વાર્તા લખાવી શક્યા તેથી આનંદ થયો. મારો આ પ્રતિભાવ એમની વાર્તા માટે છે. મેં સાંભળ્યું છે કે તેમની આ વાર્તા "તૂટ્યા તાર" સત્યઘટના પર આધારિત છે. તોય વાર્તાનો અંત મને ન ગમ્યો. એકદમ ચીલાચાલુ અંત છે. આવા કિસ્સાઓમાં આપણી બહેનોએ ક્યાં તો ઘાસલેટનો ડબ્બો શોધવો પડે, ક્યાં કૂવો કે પછી ઊંચા મકાનની કોઈ છત. હવે એમાં વાવનો ઉમેરો થયો. લેખકો ધારે તો આ ચીલાચાલુ અંતને બદલે જુદો ચીલો ચાતરી બહેનોને માથાભારે બતાવી પ્રોત્સાહિત કરી શકે. આ વાર્તામાં એકબીજાની સાથે લીધેલી પ્રતિજ્ઞા એકદમ તકલાદી અને ક્ષણભંગુર નીવડેલી બતાવી છે. આ વાર્તામાં રૂપાએ જો એના બાપને ઉભડક કહ્યું હોત કે હું મારા પસંદ કરેલા પુરુષને જ પરણવા માટે પ્રતિજ્ઞાબદ્ધ છું એટલે તમે નક્કી કરેલા પુરુષને હું નહિ પરણી શકું તો થઈ થઈને શું થયું હોત? શક્ય છે બાપે કદાચ એને ગળું દબાવીને મારી નાખી હોત. અને મરવાનું તો આમેય વાર્તામાં આવે જ છે. પણ, એક પ્રેમકથા નિર્માલ્ય અવસ્થાને બદલે અમરત્વને પામી હોત. આવી માથાભારે છોકરીની વાત વાંચીને વાસ્તવિક જગતની માત્ર એક છોકરીને પણ પાનો ચઢે, તેને સામી થવા પ્રોત્સાહિત કરે તો એમાં હું લેખકની કલમનો કસબ જોઉં છું. આપણી ૨૧મી સદીમાં આવા કિસ્સાઓમાં હું તો બહેનોને આત્મહત્યા તરફ જવાને બદલે વીરાંગનાના રૂપમાં જોવા ચાહું છું. અને લેખકની કલમમાં આવી ક્રાંતિ લાવવાનું સામર્થ્ય પણ છે. એટલું જ કે આપણા લેખકો એમાં ઊણા ન ઉતરવા જોઈએ.

તમે અને 'મમતા' અનેક સમસ્યાઓમાંથી પસાર થઇ રહ્યાં છો અને એનો ખેલદિલીપૂર્વક ઉલ્લેખ કરીને એકરાર કરી રહ્યા છો. વાચકો સમજુ હોય છે, એમને ખબર છે આ કેવું મુશ્કેલ સાહસ છે એટલે એ સર્વે તમારી આ મુશ્કેલીઓ ઉદારતાથી નભાવી લેશે. બાકીનાંઓની ફિકરમાં રહેશો તો બાવાના બેઉ બગડ્યા જેવું થશે.

**કિશોર દેસાઈ, તંત્રી,**
**'ગુર્જરી' ડાયજેસ્ટ, કોલેજવિલ,**
**પેનસિલવેનિયા, અમેરિકા**

જત જણાવવાનું કે 'મમતા' શરૂ થવાનું હતું એ અરસામાં વાર્તાસ્પર્ધામાં મેં મારી એક વાર્તા આપને મોકલી હતી. પરંતુ એ હજુ સુધી પ્રસિદ્ધ ન થઈ હોવાથી એને હવે પ્રસિદ્ધ ન કરવા વિનંતી. કારણ કે મારે તેને અન્ય સામયિકમાં મોકલવી છે. ભવિષ્યમાં કોઈ સારી વાર્તા લખાયે હું 'મમતા' માટે અવશ્ય મોકલીશ.

**હરીશ થાનકી, પોરબંદર**

*તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈ-મેઈલથી (sub: pankhino melo) મોકલવા. અથવા ટપાલનું સરનામું 'મમતા' વાર્તામાસિક, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, પથિકાની સામે, ગાંધીનગર ૩૮૦-૦૦૭*

'મમતા' વાર્તામાસિક મને નિયમિતપણે મોકલતા રહેશો. ઓગસ્ટ મહિનાનો અંક મને ૧૦મી સપ્ટેમ્બરના રોજ મળ્યો. આ માટે ઘટતું કરશોજી. આપ છેલ્લે પાને એક આકર્ષક તસવીર મૂકીને વાચકોને ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખવા આમંત્રણ આપો છો, તે નવોદિત લેખકો માટે પ્રોત્સાહન રૂપ હોય છે. આજના નવોદિત લેખકોને ઈનામથી આકર્ષાઈને નહીં પણ ચિત્રો દ્વારા પોતાના વિચારો પ્રગટ કરવાની ઈચ્છા હોય છે. ઓગસ્ટ અંકમાં સુરેશ જાનીની 'ઈશ્વરનો જન્મ' અને કેતન કાનપરિયાની 'કબર' હેતુલક્ષી હતી.

**ઘનશ્યામ એચ. ભરૂચા**
**લોઅર પરેલ, મુંબઈ**

'મમતા'માં ગયા મહિને જિજ્ઞેશ અધ્યારુની 'નવનિર્માણ' વાર્તા સારી હતી. બળવંતભાઈની 'તૂટ્યા તાર' પણ ખૂબ સારો પ્રયત્ન હતો. પાઓલો કોએલો બાબત બકુલ બક્ષીને સલામ. તમે લેખકોના મોબાઈલ નંબર આપો છો એટલે વ્યક્તિગત પ્રતિભાવ પણ આપી શકાય છે. જૂની ભૂલોનું પુનરાવર્તન ન થવું જોઈએ.

**રામ મોરી, ભાવનગર**

જુલાઈ અંકની મને પસંદ પડેલી વાર્તાઓ છેઃ 'અનાહત' (કિશોર પટેલ), 'નવનિર્માણ' (જિજ્ઞેશ અધ્યારુ), અને 'અમુભાઈ જમુભાઈ' (રમણીક અગ્રાવત).

**ઉપેન્દ્ર દવે દહીંસર (ઇસ્ટ), મુંબઈ**

કૃપા કરી ધ્યાનમાં લેશો કે મને 'મમતા'ના જુલાઈ અંક પછી એક પણ અંક મળ્યો નથી. યાનેકે ઓગસ્ટ અને સપ્ટેમ્બરના અંકો મળ્યા નથી. કોઈ ચબરાક તપાસનિશ આ ગુમનામ અંકો સબબ તલાશી લેશે અને આ દુઃખી ગ્રાહકને એક ટૂંકો ઈમેઈલ લખી રાહત આપશે તો તે વસ્તુ વખાણવાપાત્ર ગણાશે.

**વિરાફ કાપડિયા,**
**પ્લેન્સબરો, ન્યુ જર્સી, અમેરિકા**

અમને છેલ્લે ૯મો (જુલાઈ) અંક મળ્યા પછી ૧૦માની રાહ જોવાય છે. આ વખતે કંઈ મોડું થયું છે? જણાવશો.

**કોકિલા રાવળ, ફિલાડેલ્ફિયા**
**પેનસિલવેનિયા, અમેરિકા**

***"તમે પણ લખો ને!"***

# બળવંત જાની/ કાલાંઘેલાં અમીછાંટણાં



સ્નેહ-પ્રેમને અભિવ્યક્તિની કચાશ કે અધૂરપ નડતી નથી હોતી. મને આ નવા, ઊગતા કુમળા છોડને અવલોકવા ગમ્યા એની કાલી-ઘેલી, તોતડી અણઘડ વાણી પરત્વે વ્હાલપનાં અમી છાંટણાં એટલે આ એનઆરજી અંકમાં પ્રકાશિત વાર્તાઓ પરત્વે પ્રતિભાવ.

વિરાફ કાપડિયા તો વિચક્ષણ કવિ અને ભાવક છે. તેઓ વાર્તાલેખન તરફ વળે છે અને ડાયસ્પોરા ચરિત્રના, ડાયસ્પોરા પરિવેશમાં સૂક્ષ્મ નિરીક્ષણ, વ્યવહાર વર્તનની વિશદ નોંધ મળે છે. શ્રીધર અને કમલકાંત માટેની વર્ણનશૃંખલા જ એ બંને ચરિત્રોના આંતરમનને આલોકિત કરે છે. બહુ સાચી રીતે વિરાફે કમલકાંતના અંતરમાં ઊંડે-ઊંડે ઝબકતા દુરિતને 'ખંધાઈ' શબ્દ દ્વારા વ્યક્ત કરેલું, એ જ અણગમતું કારણ હતું. અને એના નિધનનું કારણ પણ બન્યું. બાલ્ઝાકને જેણે વાંચ્યો હોય કે સોલ બેલોને જેણે વાંચ્યો હોય એમની કલમમાંથી, ઝીણી-વિગતોમાંથી ટપકતાં આવાં વર્ણનો સરી પડે. વિરાફને અભિનંદન, **'શ્રીધર'** જેવી વર્ણનાત્મક વાર્તાના સર્જન માટે.

ભદ્રા વડગામાએ કુંવારી માતા બનવાના કથાબીજની ભારે માવજત કરી છે. **'એક અદ્‌ભુત ભેટ'માં** પડખે લેતા પપ્પાનું છેલ્લું દૃશ્ય એ કેશવ માટેની જ એક અદ્‌ભુત ભેટ નથી, પીટર, લીના અને માતાને પણ એ એક અદ્‌ભુત ભેટ સમાન વલણ છે. કેશવ અદ્‌ભુત ભેટ છે કે પીટરનું સહજ મળવું અને મનમેળાપ પણ અદ્‌ભૂત ભેટ છે કે આ છેલ્લું દૃશ્ય? અદ્‌ભુત ભેટ પાછળની ઝંખના પ્રત્યેક પાત્ર ધરાવે છે. કથન, આલેખન ભારે હૃદયસ્પર્શી છે. ડાયસ્પોરા ગુજરાતી માનસનો કલાત્મક પ્રતિઘોષ પાડતી વાર્તા ભારે અર્થપૂર્ણ પણ હોઈને વિશેષ પ્રેમનું ભાજન બને છે. ભદ્રાબહેનને કલાપૂર્ણ માવજત માટે ધન્યવાદ. ભદ્રા વડગામાના વાર્તાસંગ્રહની અપેક્ષા રહે છે.

વર્ણન ઉપરાંત કથનકળા, ડાયસ્પોરા ગુજરાતી વાતાવરણ નિર્માણકળા અને સંવાદના માધ્યમથી હંસા જાનીએ એક ભારે મોટી સમસ્યાનું હૃદયસ્પર્શી આલેખન **'આઠ ડોલર'**માં કર્યું છે. નવી ગુજરાતી ડાયસ્પોરા પેઢીની જૂની પેઢીના લોકો પરત્વેના વિસંવાદને અહીં સ્થાન મળ્યું છે. તમે અમેરિકા ગયા, ભલે ભારતીયતા જાળવો પણ અમેરિકન સભ્યતાને ન સ્વીકારો અને તમારા અહંને, અતીતને પંપાળ્યા કરો તો કેવા દુષ્પરિણામો આવે એનું ખરું વાસ્તવિક આલેખન હંસા જાનીએ કર્યું છે. એટલે વાર્તામાં સાદ્યંત રસ પડે છે.

**'એસ્કોર્ટ'**માં પ્રવીણ શાસ્ત્રીએ ડાયસ્પોરા યુવા પેઢીના દુર્નિવાર વેદનશીલ અવસ્થિતિ અને સ્નેહ સંપન્ન અતીતની સભર ક્ષણને સરસ રીતે આલેખી છે. અહીં પણ આકસ્મિક લાગતો પ્રસંગ તાલમેલિયો બની જાય અને પ્રસંગ સાથે ગોઠવાય એટલે કથનકળા, રચનાકળાની આવડત પ્રગટતી હોવા છતાં વાર્તા નબળી લાગે રહે છે.

એવો જ મુદ્દો અશ્વિન દેસાઈની **'કોને ખબર કેમ'**માં ઊપસે છે. બળકટ પ્રસંગની માવજતમાં તાલમેલિયો આકસ્મિક મિલન અને સંવાદ ભારે વજનદાર છે. પણ પછી પતિ પરત્વેનો એમાંનો અંતિમ સંવાદ-શબ્દ અને એની માનસિકતાને ઉપસાવે છે એટલે વાર્તા મુખર બની ગઈ અન્યથા અશ્વિન પાસે પણ રચનાકળાનું કૌશલ્ય છે. વાર્તાની રચનાકળા પ્રિયપાત્ર સાથેના કાલ્પનિક સંવાદથી સર્જાઈ હોઈને આસ્વાદ્ય બની રહે છે.

**'ખરેખરો ખરખરો'** ગુજરાતી ડાયસ્પોરા ભાષાનું પોત, માનસ અને વલણ દ્વારા નિરૂપાયેલ છે. બે પ્રકારના ખરખરાનું આલેખન ચોટદાર છે. પ્રસંગ સામાન્ય છે, ચોટ છે, ડાયસ્પોરા માનસ પણ કેટલું બધું ગુજરાતી પ્રકારનું અકબંધ છે એ અહીં સ્થાન પામ્યું હોઈને વાર્તા સાદ્યંત રસપ્રદ બની રહી છે.

હિમાંશુ વડોદરિયાએ **'મારે ગાંધીજીને મળવું છે'**માં હકીકતને વાસ્તવિકતાને સીધી-સાદી બાનીમાં એવી રીતે આલેખન કર્યું છે કે લખાણ વાર્તા બનવાને બદલે અહેવાલ બની રહે છે.


ધીરુભાઈ શાહ **'ત્રણ વાર્તા'** નિમિત્તે લઘુકથાનકમાંથી ભવિષ્યમાં લઘુવાર્તાઓ સારી રીતે કાંતી શકશે. ભલે માવજતની ઓછી આવડત છતાં 'એક ડોલર આઠ સેન્ટ', 'હકાર નકાર' કરતા વધુ સ્પર્શક્ષમ છે. 'ઈસાબેલા'માંથી ઉપસતો ધ્વનિ પણ વજનદાર પ્રસંગ પારખવાની દૃષ્ટિનો દ્યોતક છે.

નૈમિષ નાણાવટીએ **'બીજી વાર્તા'**માં ડાયસ્પોરિક ગુજરાતી સમાજને વાચા આપવાને બદલે પોતાના વતનના મૂળભૂત પ્રસંગની આસપાસ, વતનના વાતાવરણનું નિર્માણ કરીને બધું તાલમેલિયું આલેખન કર્યું છે. દુરિતને વશ વર્તવાનું વ્યવહાર-વલણ ઘણું અપ્રતીતિકર પ્રકારે આલેખન પામ્યું છે. એમ લાગે કે ગુજરાતમાં જ રહેતા કોઈ ગુજરાતી નવોદિત વાર્તાકારે વાર્તા રચી છે. હકીકતે કશુંક ડાયસ્પોરિક પોત ડાયસ્પોરા ગુજરાતી વાર્તા દ્વારા પ્રગટે એ અપેક્ષા રહે છે. ગુજરાતી વાર્તા સરસ બની પણ એ એનઆરજી વાર્તાની ઓળખ પામી શકે એવી નથી.

આ બધી વાર્તાઓ વિશેના ભાવ-પ્રતિભાવ તો સ્નેહાળ હસ્તસ્પર્શથી હૂંફ પ્રસરાવવા માટેના પ્રોત્સાહન સ્વરૂપનો વ્યવહાર છે. એમાં વિવેચનને બદલે વાત્સલ્ય છે. મમતાના નિત્ય સેવનથી પણ વાર્તાલેખન માટેની રીત મળી રહેશે. 'મમતા'નું વાચન મારા વાચનમાં ભળ્યું છે. આ વખતે આગુતરું વાંચવાની જોગવાઈ કરી અને મનના પ્રતિભાવને શાબ્દિક સ્વરૂપે મૂકવાનું નોતરું પાઠવ્યું એની પ્રસન્નતા સાથે દશેય વાર્તા રચયિતાઓને ઝાઝા હેતથી રામ રામ... **મ**

balvantraijani@yahoo.com

# વલ્લભ નાંઢા/ સુખદ અનુભવ



આ 'મમતા'ના એનઆરઆઈ વિશેષાંકની વાર્તાઓના વાંચનમાંથી પસાર થવાનો અનુભવ સુખદ રહ્યો. આ વાર્તાઓમાં વિદેશી માહોલની સાથોસાથ ત્યાંના સમાજ, પ્રકૃતિ, લોકસંસ્કૃતિ, ધાર્મિક વિભાવના, માનવ સહજ નબળાઈઓ અલગ અલગ વિષય, અલગ અલગ ભાષા, અલગ અલગ રચનારીતિ વગેરેના કારણે બધી વાર્તાઓ પોતપોતાની રીતે મને આહ્‌લાદક લાગી છે. એનઆરઆઈ લેખકો ભાષાની શુદ્ધિ અને જોડણી બાબત વિશેષ ધ્યાન આપતા હોય છે. રંજ છે કે આ વાર્તાઓમાં એવું ખાસ બન્યું નથી.

**બીજી વાર્તા / નૈમિષ નાણાવટી**

ગ્રામ્ય પરિવેશમાં કાશી, ચંદુ, હીરિયો, વજેસંગ, સવલી અને મોંઘી જેવા પાત્રો, ગ્રામજીવનનું સજીવ ચિત્રણ અને તળપદા શબ્દોનો પ્રયોગ સાથે સામાન્ય ઘટનાને તોડીફોડીને તેમાંથી કશુંક નવું સર્જન કરવાની લેખકની ખાંખત ''બીજી વાર્તા''માં પ્રગટ થાય છે.

**આઠ ડોલર / હંસા જાની**

એક જૂનીપુરાણી સૂટકેસ સાથે અમેરિકા રોજીરોટી કમાવા આવેલો સુનીલ સમય જતાં પગભર બને છે. તેના બેકાર પુત્ર કૃણાલને ચિત્રકલાનો શોખ છે જે પિતા સુનીલને ખટકે છે. સુનીલ વારંવાર પુત્રને ટોણા મારે છેઃ 'આ દુનિયા મેં આઠ ડોલરમાંથી ઊભી કરી છે. તેં શું કર્યું?' સુનીલના પુત્રે શો જવાબ આપ્યો તે નહીં કહું.

**શ્રીધર / વિરાફ કાપડિયા**

ભાષાશુદ્ધિ અને રમ્યતાથી લેખકે આ વાર્તાને નવા ખૂણેથી આલેખી, સ્થૂળ ઘટનાઓને ગાળી નાખી કમલકાંત, શ્રીકાંત અને મોરિયો જેવાં પાત્રોમાં લેખકની સર્જકશકિત ખીલી છે. મંદિરના મુખ્ય પૂજારી કમલકાંતના અણધાર્યા મોત પાછળ ઘુંટાતું રહસ્ય સાવ અણધારી રીતે સામે આવે છે જે વાચકને મુગ્ધ કરી મૂકે છે. લેખકને વિશેષ ધન્યવાદ.

**એસ્કોર્ટ / પ્રવીણ શાસ્ત્રી**

એસ્કોર્ટ જેવા કૂડા ધંધામાં ખૂંપેલી રતિપુરાણા પ્રેમીને પૂછે છેઃ 'પાંચ મિનિટ માટે તારો ખભો રડવા માટે મળશે?' બંને પ્રેમીઓ લગ્નબંધનથી મુક્ત રહીને પણ એકબીજાંને ચાહી શકે એવો ભાવ આ વાર્તામાં આબાદ વ્યક્ત થયો છે.

**ત્રણ લઘુ વાર્તાઓ / ધીરજલાલ શાહ**

ઈસાબેલામાં - ૧૭૯૭ની સાલ એટલે વિશ્વના કેટલાંક દેશોમાં ફૂલીફાલેલી ગુલામી-પ્રથાનો સુવર્ણકાળ! વાર્તાના આરંભથી અંત સુધી ઈસાબેલાને ગુલામોની યાતનાઓને દૂર કરવા સતત સંઘર્ષ કરતાં લેખકે નિરૂપ્યાં છે. એક ડોલરને આઠ સેન્ટમાં લેખક પોતાની પત્નીના મૃત્યુ પછી પોતાનો ખાલીપો દૂર કરવા જૈફ ઉંમરે કલમ પકડે અને વાચન, લેખન અને સર્જન તરફ વળે તેને તમે શું કહેશો? હકાર અને નકારમાં માનવસ્વભાવની નબળાઇ-સબળાઇની તુલનાત્મક વિલક્ષણતા સુંદર રીતે વ્યક્ત થઈ છે.

**એક અદ્‌ભુત ભેટ / ભદ્રા વડગામા**

સ્કોટલેંડમાં ઊછરેલી અને કેઝ્યુઅલ સેક્સને આધુનિક નજરે જોતી બિંધાસ્ત એક કુંવારી માતાનાં યાતના સંઘર્ષનું વેધક દર્શન ભદ્રા વડગામાએ કરાવ્યું છે. અભિનવ કથાબીજને કારણે ''એક અદ્‌ભુત ભેટ'' અનોખી ભાત પાડનારી રચના બને છે.

**મારે ગાંધીજીને મળવું છે / હિમાંશુ વડોદરિયા**

બાળમાનસ ઉપર જે સંસ્કાર સિંચન થાય છે તેની છાપ કાયમ જળવાયેલી રહે છે. ગાંધીજી દેશમાં ઘૂસી આવેલા ચોરોને ભગાડી મૂકવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે એ વાત નાનપણમાં પિતા ત્રિભોવનદાસ પાસેથી સાંભળ્યા પછી બાળક લક્ષ્મણના મનમાં ગાંધીજીને મળવાની ઝંખના જાગે છે. લક્ષ્મણ યુવાન બને છે ત્યારે સાબરમતી આશ્રમમાં ગાંધીબાપુ સાથે તેનો ભેટો થાય છે ત્યારે એ બાપુ પાસે શું માગે છે? પાત્રો મર્યાદિત છે, એ ખૂબી પણ છે અને કૃતિની મર્યાદા પણ છે.

**ખરેખરો ખરખરો / કનુ પંચાલ**

કરોડપતિ શેઠ વિષ્ણુનારાયણ સહાયે ધર્મ પત્ની વિમળાબેન પાછળ રાખેલા બેસણામાં સિનેજગતની મશહૂર અભિનેત્રીને નિહાળવાની લોકોની ઘેલછા ભીડ વધારનારી બને છે! એક નાનકડી ઘટનાની આંગળી પકડીને લેખકે પોતાના કસબથી વાર્તાને સંતર્પક અંત આપ્યો છે.

**કોને ખબર કેમ / અશ્વિન દેસાઈ**

વાર્તાનો નાયક એક ફંક્શનમાં હાજરી આપવા જાય છે ત્યારે ત્યાં પોતાની પૂર્વ પ્રેમિકાની લુખ્ખી ઔપચારિકતાથી ડઘાઈ જાય છે. પછી આવે છે અવગણનાની સીમા-પ્રેમિકા તેના પતિને કહે છેઃ ''મને તો એમ કે તમે શોભિત દેસાઈને ઉપાડી લાવ્યા હશો!'' ત્યારે વાર્તાના નાયકની સાથે વાચકને પણ વીજળીનો ઝટકો લાગે છે. એક સાધારણ ઘટનાને લેખકે ખૂબ સરસ રીતે મમળાવી-બહેલાવી વાર્તાના ઢાંચામાં ઢાળી છે.

***આવતો મમતાના અંક જન્મદિવસનો વિશેષાંક બનશે! હજી બીજી એનઆરઆઈ વાર્તાઓ અને અન્ય રમ્ય રચનાઓ આવતા અંકે મ***

*vallabh324@aol.com*

આ એનઆરઆઈ અંક ખરેખર મેઘધનુષી થયો છે. દરેક વાર્તા ભિન્ન ભિન્ન રંગની છે. કોઈએ પેસ્ટલ મૂક્યા તો કોઈએ બોલ્ડ. તો કોઈએ કસ્ટમ મિશ્ર દ્રાવણથી પીંછી મારી બતાવી. મેં દિલથી નવે નવ વાર્તાઓ વાંચી, જાંચી અને ફરી ફરીને વાંચી. આનંદ, આનંદ. જાણે મેં મેરી-ગો રાઉન્ડમાં રાઈડ લીધી તો ક્યારે પર્વત પરથી હોટએર બલૂનમાંથી ઊતર્યો તેવું અનુભવ્યું. ક્યાંક ક્યાંક વાર્તાના લેખકને મેં ટીચ મારી છે ફક્ત એમને એક ચાનક ચઢે માટે. મારી પંડિતાઈ બતાવવા તો નહીં જ. ‘ચાંદની’ના સંપાદક સ્વ. અશોક હર્ષે મને એમના પોસ્ટકાર્ડમાં એવી ટીચો મારેલી જે મેં જતનથી સાચવી અને અમલમાં મૂકી.

**૧. નૈમિષ નાણાવટી / બીજી વાર્તા**

વાત તો કાશીની સાથે નપાવટ અને લંપટ વજેસિંગના કન્ફ્રન્ટેશનની છે જેમાં કાશીની દિલેરી લેખકે આબાદ પકડી છે. ફટફટી (શિષ્નનું પ્રતીક) પર ચઢીને આવેલો વિલન શૂન્ય થઈ જાય, અને બોથડની જેમ એનો અર્થ શોધે તે મને ઘણું ગમ્યું. કેનેડામાં બેસીને લેખક કેનેડાની વાતો આપે તે મારી ફરમાઈશ. આટલી નાની વાર્તામાં પાત્રોનો અતિરેક થઈ ગયો છે. મોંઘી, સવલી, કાશી, ચંદુ, હીરિયો, નાથુ, ચંદુ, રાવજી... શું કામ?



**રજની પી. શાહ/**
**મેરી ગો રાઉન્ડમાં રાઈડ**

**૨. હંસા જાની / આઠ ડોલર**

આ વાર્તા ઉપર રીયલ એન.આર.આઈ.નો સ્ટેમ્પ છે. રોજબરોજ જીભ પર આવે છે આ વાક્ય, ‘આઠ ડોલર લઈને અમે અહીં આવેલા!’ મતલબ કે તે છતાંય અમારી સિદ્ધિ જુઓ. અહીં પુત્ર કુણાલ એનો નાટકીય ઉત્તર આપે છે જેનાથી આપણને એની નજરથી વાર્તા દેખાય છે. છતાં માત્ર એક દૃષ્ટાંત, એક દલીલ પર આખી વાર્તા મંડાઈ છે તે મને જરા એનોરેક્સીક લાગી.

**૩. વિરાફ કાપડિયા / શ્રીધર**

ન્યૂ જર્સીના મંદિરના બે પૂજારીઓ, જુનિયર શ્રીધર વર્સસ સિનિયર કૃષ્ણકાંતની વાત લેખકે અદ્‌ભુત આલેખી છે. શ્રીધરના અણગમાની સૂક્ષ્મ વાતો કરી એના ચુમાયેલા સ્વભાવની વાતોનું શું પરિણામ આવશે જેનાથી વાર્તાના રહસ્ય ભર્યા અંતની ધરી ફર્યા કરે છે. બ્રાવો! બ્રાવો!

**૪. પ્રવીણ શાસ્ત્રી / એસ્કોર્ટ**

ન્યૂ યોર્કના રેસ્ટોરંટના બસબોયનું સરસ બયાન કર્યું છે. રતિ અને મિથુનના મૈથુન પછી રતિ હાઈએન્ડ એસ્કોર્ટ સર્વિસમાં જોડાય છે. વૈભવી લાઈફ સ્ટાઈલથી ઊબઈને અંતે નાયિકા પુનઃ જૂના પ્રેમીને મળે છે ને સિનેમાનું ગીત વાગે છે. ‘એક પ્યાર કા નગ્મા હે...’ આ તો વાંચ્યા વગર પણ તંત્રીઓ છાપી કાઢે તેવું બ્રાન્ડેડ થઈ ગયું. તાલમેલિયું. સરસ શૈલીવાળા લેખક પાસેથી વધારે અપેક્ષા રાખીએ.

**૫. ભદ્રા વડગામા / એક અદ્‌ભુત ભેટ**

લીના પબમાં પીવા બેઠી ને વન નાઈટસ્ટેન્ડવાળો જહોન મળ્યો. એની સાથે સેક્સ થઈ. એનાથી પ્રેગ્નન્ટ પણ થઈ ગઈ અને એ કુંવારી માતા બની. વાર્તા એ રીતે થોડી ફોરેનની લાગે છે જે લેખિકાએ સરસ રીતે ગૂંથી છે. પુત્રના જન્મથી પોતાના પિતા સાથેના રુક્ષ સંબંધોમાં પ્રેમનું ઝરણ ફૂટે છે. મને એમ લાગે છે આવી લીનિયર વાર્તા બીજી વાર વાંચતાં બોરિંગ લાગવા માંડે છે.

**૬. ધીરજલાલ શાહ / ત્રણ લઘુ વાર્તા**

ઈસાબેલા એ વાર્તા નથી. બીજી બે દાદાની લઘુકથાઓ છે. ‘એક ડોલર અને આઠ સેન્ટ’ બાળમાનસને રીઝવે તેવી બાળવાર્તા છે. દરેક શક્યતા ઉપર ‘અસંભવ’નું તત્ત્વ તાકીને ઊભું છે. પણ સદ્‌ભાવનું રાધેરાધે કરતા હોઈએ ત્યાં વળી એવા તત્ત્વોની કોઈને પડી નથી તો જાવા દો. ‘હકાર કે નકાર વલણ’ વાર્તા નથી. એક ટૂચકો છે. માટે એની ચર્ચા કરતો નથી.

**૭. હિમાંશુ વડોદરિયા / મારે ગાંધીજીને મળવું છે**

બાળમાનસ ઉપર ગાંધીની એક ‘હીરો’ તરીકેની ઈમેજ બંધાય છે. કાળક્રમે એ બાળક ગાંધી આશ્રમે પહોંચી જાય છે. ત્યાં વરચ્યુઅલ (આભાસી) ગાંધી સાથે સંવાદ થાય છે. સેવાદળના સ્વયંસેવકો દેશ માટે મુઠ્ઠી ઉગામી કોઈ સ્લોગન બોલતા હોય તેવું લાગે છે. અંતિમ બે પંક્તિઓની જરૂર નથી. ડીલીટ.

**૮. કનુ પંચાલ / ખરેખરો ખરખરો**

એક કલાકૃતિ સમી આ વાર્તા વાંચવાનો આનંદ થયો. ‘ભાઈ એક્ટ્રેસ કોને કહેવાય?’ એ વાક્યથી બેસણાથી સતત બેફામ ભીડની જક્સટાપોઝીશન સરસ રીતે ફીટ થઈ ગઈ છે. લેખકે કદાચ આ સભાન રીતે ના પણ કર્યું હોય. ટાઈટમટાઈટ પંક્તિઓથી વાર્તા પ્રવાહી બની છે. રહસ્ય છેક અંત સુધી જળવાયું છે. પંચાલ પોતે પેથોલોજીસ્ટ છે માટે કથા ઈમર્સન ઓઈલ લેન્સ નીચેથી ચકાસાઈ છે. ધન્યવાદ.

**૯. અશ્વિન દેસાઈ / કોને ખબર કેમ**

આ વાર્તા હાસ્યથી એવી તરબતર છે કે એને પૂરી રીતે માણવા મેં એને મોટેથી રેસાઈટ કરી. એનાથી મારો નશો ઓર ચઢી ગયો. લેખકે નાયકનો કેમેરા સ્ટેન્ડ પર મૂક્યો છે અને એક સો બીઝ પ્રમોટર મિ. લાકડાવાળાની પત્નીને સંબોધીને બોલે છે. સુરતી શબ્દોના સ્પીટબોલ્સથી હસાવે છે. જેમ કે ‘કોઈ તંબૂરાવાલાને કાશ્મીરથી ઉપાડી લાવેલો છે, તેને એના ઘરના તબેલામાં લોન્ચ કરવાનો!’ ‘માદરબખત!’ અંતમાં તો લેખક ગૂગલી નાંખે છે, આપણને ક્લીન બોલ્ડ કરી નાંખે છે. વાહ! દેહાઈ વાહ! **મ**

*rpshah37@hotmail.com*

**આ વાર્તાઓ તમને કેવી લાગી? તમારા પ્રતિભાવ પણ લખી જણાવો, આવતા અંકે પ્રકટ કરીશું.**

ચંદ્રમણિ

# મમતા

વાર્તામાસિક

**આવતીકાલનાં વાર્તાકારોનું આજનું માસિક**

## જાહેર કરે છે ફરી એક
## જબ્બર મમતા વાર્તા સ્પર્ધા
## ૨૦૧૨



**પહેલું ઇનામ રૂ. ૫૧,૦૦૦**
દેવેન્દ્ર અને મીતા પીર તરફથી

**બીજું ઇનામ રૂ. ૨૧,૦૦૦**
મમતા વાર્તા-માસિક તરફથી

**ત્રીજું ઇનામ રૂ. ૧૧,૦૦૦**
મમતા વાર્તા-માસિક તરફથી

દરેક વ્યક્તિ પાસે કહેવાલાયક એક વાર્તા છે, એને લોકો સુધી પહોંચાડવા 'મમતા' ફરી એક વાર લાવ્યું છે, 'વાર્તા સ્પર્ધા ૨૦૧૨'. ગત સ્પર્ધાની માફક એમાં દરેક નવસર્જક ભાગ લઇ જ શકશે.
આ સ્પર્ધામાં ભાગ માટેના નિયમો ધ્યાનથી જોઇ જવા વિનંતી છે...

- જેમનો એક પણ વાર્તાસંગ્રહ પ્રકટ ન થયો હોય તેવા લેખકની જ સરળ અને વાર્તા-તત્વવાળી મૌલિક અને અપ્રકાશિત, બે હજાર શબ્દોની મર્યાદાવાળી વાર્તા સ્વીકારાશે.
- ગઇ સ્પર્ધાનાં વિજેતા લેખકો આમાં ભાગ લઇ શકશે નહીં.
- ફક્ત કમ્પ્યૂટર પર એ-૪ સાઇઝમાં ટાઇપ કરેલી વાર્તા જ સ્પર્ધા માટે સ્વીકારાશે; જો તે ઇ-મેઇલથી મોકલવામાં આવે તો વર્ડ તેમજ પીડીએફ ફોર્મેટમાં હોવી જરૂરી છે.
- વાર્તા મૌલિક હોવાની અને કોઇ સામયિક, રેડિયો, ઇન્ટરનેટ કે બીજે કશેય પ્રકાશિત/પ્રસારિત થઇ ન હોવાની બાંયધરી હોવી અનિવાર્ય છે; સાથે જુદા કાગળમાં લેખકનું નામ, ચાર લીટીમાં પરિચય, પોસ્ટલ પિન કોડ સાથેનું પૂરું સરનામું, ફોન અને મોબાઇલ ફોન નંબર, ઇ-મેઇલ આઇડી જેવી વિગતો હોવી જરૂરી છે.
- પરિણામ અંગે પત્ર, ઇ-મેઇલ, એસએમએસ કે ફોન દ્વારા કોઇ ચર્ચા થઇ શકશે નહીં. સ્પર્ધકો વાર્તા મોકલતાં પહેલા એક નકલ પોતાની પાસે સાચવી રાખે; વાર્તા પરત મેળવી શકાશે નહીં.
- સ્પર્ધામાં આવેલી કોઇપણ વાર્તામાં પ્રથમ પ્રકાશનો હક 'મમતા'ને રહેશે; બીજે મોકલતાં પહેલાં 'મમતા'ની સંમતિ મેળવવી જરૂરી છે. 'મમતા'માં પ્રકાશિત તમામ વાર્તાઓને પુરસ્કાર આપવાનું ધોરણ છે.

**વાર્તા મોકલવાની છેલ્લી તારીખ : ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨**

વાર્તા મોકલવાનું સરનામું 'મમતા' વાર્તામાસિક, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, પથિકાશ્રમ બસ ડેપોની સામે. ગાંધીનગર ૩૮૨૦૦૭,
અથવા **mamataspardha@gmail.com** (sub: વાર્તા-લેખકનું નામ).

# નૈમિષ નાણાવટી

# બીજી વાર્તા




*સાહિત્ય અને કળા પ્રત્યેની અભિરુચિ ગળથૂથીમાં મળી. વ્યવસાય કાયદા ક્ષેત્રમાં. હાલ મિસીસાગા (કેનેડા)માં નિવાસ. નાટ્ય ક્ષેત્રે સ્વર-અક્ષર સંસ્થામાં કાર્યરત. આ રચના પ્રથમ વાર્તા કહી શકાય.*

***475 Wildgrass Road,***
***Mississauga ON Canada***
***L5B4H7***
***Ph. 905-848-4120 /***
***647-505-4120***


**મમતા વાર્તા-સ્પર્ધા ૨૦૧૧માં નલિન પારિતોષિક વિજેતા વાર્તા**



સવારના પહોરમાં મોંઘીનો મિજાજ સાતમે આસમાને હતો. બાપ-દીકરીમાંથી કોઈ એની વાત કાને ધરતું નો'તું. મનમાં ને મનમાં બબડતાં તે ઘરનાં કામકાજમાં પરોવાણી.

કામના આટોપાવા સાથે મન પણ શાંત થવા માંડ્યું. ત્યાં કાશીની બહેનપણી સવલીએ ટહુકો કર્યો,

''કાકી કેમ છો? આજ સવારથી કાશી દેખાણી નથી તે થયું કે જરાક ખબર કાઢતી આવું.''

સવલીના સંચારે મોંઘીના શાંત પડેલા મનમાં પાછો સળવળાટ થયો. વિચારોનું કીડિયારું ઉભરાઇ ગયું.

નાથુ પટેલની સવલી, કાશીથી બે-એક મહિના નાની હશે. પણ વરસ વટોળમાં તો એનું આણું વળશે અને અહીં કાશીનાં લગનનાં ઠેકાણા નથી. પણ કયાંથી હોય? માળી એકે મુરતિયાને હા જ નથી પાડતી. દરેકમાં વાકુંચૂકું જ જુએ છે. બાપને ગામની પટલાઈમાંથી વખત મળતો નથી ને મારા તો કહ્યામાં જ નથી. ના પાડતી'તી કે ભણાવોમા, દીકરીની જાતને બહુ ચગવવી સારી નહીં. સાત ચોપડી ભણી, ઘણું થયું. પણ ના, મારામાં તો અક્કલ જ કયાં બળી છે? પટેલને તો સાત ખોટની દીકરી એટલે દીકરા બરાબર. તે દીકરીનાં નચાવ્યા નાચીને ગામમાં હાઈસ્કૂલ નો'તી તો તાલુકે ભણવા મોકલી. તે હવે ભોગવો એના પરિણામ. દુનિયાભરનું ડહાપણ ડ્હોળ્યા કરે છે. બાપ ગામ આખામાં ડાહ્યા, તો દીકરી સવાઇ ડાહી.

સવલીના ટહુકે મોંઘીના મનની કાબર કલબલી ઊઠી. પછી ખોંખારો ખાઈને સવલી સાથે વાતે વળગી.

''લે હવે તો તું થોડા દિ'ની મે'માન. આણાની તૈયારી તો ધમધોકાર ચાલતી હશે.''

''હા કાકી હવે તો દિ'જ કેટલાં રહ્યાં? તમારાં બધાંની બહુ ખોટ સાલશે. ખાસ તો કાશીની.''

''હા દીકરી અમને પણ તું બહુ યાદ આવીશ. આ સાસરે જાતા પહેલાં મારું એક કામ કરતી જાને. આ તારી બેનપણીને થોડુંક સમજાવતી જાને. કેટકેટલાં મુરતિયાને એણે ના પાડી. હવે તો માગાં આવતા યે બંધ થઈ ગયા છે. શું આખો અવતાર કુંવારા રે'વું છે?''

''કાકી, પણ કાશીને તમારી ને કાકાની ચિંતા થાય છે. બહુ દૂર જાય તો પછી તમારું કોણ?''

''પણ દૂર જાવાની કયાં વાત છે? આ ઢુકડેથી માગું આવ્યું છે. સામગામના રાવજી પટેલના દીકરા ચંદુ તરફથી કહેવરાવ્યું છે. પણ મારી વાત તો કાને ધરતી નથી.''

''પણ કાકી એ ગામ થોડું વગોવાયેલું છે. સાંભળ્યું છે કે ગામની નવી વહુને ઓલ્યા નપાવટ વજેસંગ હારે...''

મોંઘીએ તરત વાત કાપી, ''એ બધા ગામ ગપાટા. આપણાં ગામની બે દીકરીઓ ત્યાં દીધી છે. મેં બેય હારે ખરાઈ કરી લીધી છે. એ બધુંય ખોટું છે. અને ચંદુની મા મારી તો ખાસ સહિયર. અમે બેય એક જ ગામના અને હારે રમેલા. મેં એની હારે પેટ છૂટી વાત કરી લીધી છે. એણે તો કીધું કે મોંઘી તું જરાય ફિકર ન કરતી. તારી દીકરી એ મારી દીકરી. બસ તું હા પાડ તો આપણે બેનપણીમાંથી વેવાણ થઈએ.''

''પણ  કાકી ચંદુ થોડો મોટી ઉંમરનો છે અને પાછો વજેસંગનો ખાસ દોસ્તાર.''

''અરે એટલે જ તો બીવાનું કોઈ કારણ નથી ને. વજેસંગ ગમે તેવો હશે પણ પોતાના ખાસ ભાઈબંધની વહુ પર થોડી નજર બગાડે? અને ચંદુ છે પણ રાંક. કાશીને ફૂલની જેમ સાચવશે.''

''ભલે કાકી તમને ધરપત હોય તો...''

''અરે દીકરી! હું પણ કાશીની મા છું. મારી એકની એક દીકરીને થોડી કૂવામાં નાંખું? બસ તું કાશીને સમજાવીને એની પાસે હા પડાવ.''

ભલે કાકી કહી સવલીએ વિદાય લીધી. મોંઘી હળવીફૂલ થઈને કામે વળગી. મનમાંને મનમાં બબડી કે હવે વાત નક્કી ખીલે બંધાશે.

એ રાતે જમ્યા પછી પાછી મોંઘીએ વાત ઉપાડી. મા-દીકરી વચ્ચે થોડી ચડભડ થઈ. હવે મોંઘીથી ન રહેવાણું તે એણે રોકડું પરખાવ્યું,

''મને ખબર છે તને એકે મુરતિયો કેમ મનમાં નથી વસતો? ઓલ્યા હીરિયા હારે મનમેળ થયો હોય પછી કયાંથી કોઈ સારો લાગે?''

કાશી કંઈ બોલી નહી પણ પટેલથી ન  રહેવાણું.'' અરે આમ ખાલી ખોટી શું કામ દીકરીને વગોવછ અને ખોટો વહેમ કરછ હીરિયો તો બિચારો ભગવાનનું માણસ છે. કોઈ દિ ઊંચી આંખ કરીને કોઈની હાંમે જોતો નથી.''

''હવે તમને હું ખબર હોય? ગામની પટલાઈમાંથી વખત તો મળતો નથી. તમારી લાડલી અમથી ખેતરે આંટાફેરા નથી મારતી. મે તમને ના પાડી'તી કે એ હરિજનના છોકરાને ખેતરે ઘાલોમાં. પણ તમે તો નરસી મે'તાના અવતાર! મારું  શેના માનો? હું કહી દઉં છું કે એ હીરિયોને તમે ભલે ખેતરે ઘાલ્યો હું એણે ઘરમાં નહીં ઘૂસવા દઉં.''

''અરે પણ કાશી થોડી મૂરખ છે કે આવું પગલું ભરે? તું નાહકની વહેમાય છે.''

''હું ખોટી નથી વહેમાતી. આ ચંદુનું માગું ચાર દિ'થી આવ્યું છે, હજી લગી તમારી લાડલીએ હા નથી પાડી. અરે પણ એમ શેની હા પાડે? ચંદુ, કાશી કરતાં કેટલો મોટો છે એ તો જો.''

''દસ વરસનો વેરો કાંઇ બહુ ના કહેવાય. અને બીજું બધુંએ જોવું જોઈએને? આ સાવ બાજુમાં જ છે.  દિ'માં દસ વાર



અવાય એવું. આપણને પણ ધરપત રે અને એને નિરાંત. અરે આપણાં ખેતરની સારસંભાળ રાખી શકશે. આનાથી રૂડું બીજું શું મળવાનું? ઉંમર જતી કરે તો સોના જેવું છે.''

''પણ બા... લોક કહે છે કે...''

કાશી બાપની આગળ વાત કરતા લજાણી.

ત્યાં મુખીને બોલાવવા કો'ક આવ્યું અને મોંઘી અંદરના ઓરડામાં સૂવા ગઈ.

કાશી એકલી પડી. મનનો મૂંઝારો કેમે કર્યો જતો ન'તો. બપોરે કરેલી હીરિયો સાથેની વાત મનમાં અટવાતી'તી. હીરિયાની પણ લાચારી હતી. એણે ચોખ્ખું કીધું કે, ''કાશી! હું મારું સાંધીને મારા ભાંડરડાંનું ને બાપનું કેવી રીતે બગાડું? આપણે ભાગી તો જયે પણ પાછળથી મારા કુટુંબનું ધનોત-પનોત નીકળી જાય. તારા બાપ તો ભગવાનનો અવતાર છે પણ તમારા નાતના મોભીઓ મારા કુટુંબને છોડે? મારાથી નહીં થાય કાશી. મને માફ કર. આપણી વાત ભૂલી જા.''


લગનને પંદર દિ'ની વાર હતી. સામે ગામને પાદરેથી ફટફટિયા ઉપર વજેસંગ અને ચંદુ આવતા હતા. કાશી એને અણદીઠા કરીને આગળ વધી. વજેસંગે એને આંતરી અને ગંદો ચાળો કર્યો. કાશીએ ચંદુ સામે જોયું પણ એ નજર ફેરવી ગયો.


સવલીએ પણ આ જ સલાહ આપી, ''હીરિયાની વાત ખોટી નથી. જરાક એની નજરે જો તો સમજાશે.'' કાશી મૂરખ નો'તી. બધુંય સમજતી'તી. પણ એની આંખે જે દેખાતુ'તુ એ જોવાની કોઈને દરકાર હતી?

એક ફળફળતો નિસાસો એના રુંવેરુંવામાંથી ફૂટી નીકળ્યો. જનમ ધરીને એનું ધાર્યું થયું છે પણ ખરે ટાણે એ બાજી હારતી'તી.

પણ સવલીની વાતેય સાચી છે. મનમાં વસેલો તો નથી જ મળવાનો. મન તો મારવું જ પડશે તો પછી આઘે જવા કરતાં આ ઢુંકડુ શું ખોટું? કાંઈ નહીં તોય મા-બાપની દરકાર તો થાશે. હીરિયા હારે ભલે સંસાર નહીં મણાય પણ દલડાની બે વાત્યું કરીને હળવા તો થવાશે. આ ત્રણેય મનખ નજર હામે હશે એનાથી રૂડું બીજું શું?

પણ વજેસંગ? નામ મનમાં આવતાની સાથે જ કમકમા આવ્યા. પણ બાની વાતમાં યે દમ છે. ચંદુને એની ભાઈબંધીનો એટલો સરપાવ તો મળે જ ને. એમ કાંઈ ભાઈબંધની બૈરી ઉપર થોડી નજર બગાડે?

પણ તોયે માળુ મનમાં ચચર્યા કરતુ'તું. શું કરવું? કાંઈ રસ્તો સૂઝતો નથી. સારી એવી મથામણ પછી ''જેવી હરિ ઇચ્છા બીજું શું?'' એમ મનમાં બબડીને સૂવા પડી. પણ નીંદર ન આવી. આખી રાત વિચારોમાં પડખા ઘસ્યા. પણ મનની અવઢવ અકબંધ રહી. એમાંથી છૂટવા ઉઠતાંની સાથે જ મોંઘીને કહી દીધું કે ''ચંદુની મા ને હા કહેવડાવી દ્યો.''

મોંઘી તો હરખની મારી ગાંડી ગાંડી થઈ ગઈ. દીકરીના દુઃખણાં લઈ ઝટઝટ પટેલને વાત કરી. અને તાબડતોબ માણસ મોકલ્યો સામે ગામ. વળતે દિ' ચંદુની મા આવીને બધો વે'વાર કરી ગઈ. વાત પાકી થઈ ગઈ ને બંને ગામમાં વડવાનલની જેમ ફરી વળી.

મોંઘીના પગ તો જમીન માથે ટકતા જ નો'તા. ઝટઝટ લગન લેવાના છે. એ તો કામકાજમાંથી નવરી જ નો'તી પડતી. પટેલ રાબેતા મુજબ એની પટલાઈમાં પરોવાયેલા રહેતા. અને કાશી એના મન સાથે બાથડયા કરતી. દિ'માં બે-ત્રણ વાર ખેતરે જઈ હીરિયાને ફોસલવાનો પ્રયત્ન કરતી.

જેમ જેમ લગન નજીક આવતા ગયા એમ એમ એના મનનો ઉચાટ વધતો ગયો. નજર સામે વારે ઘડીએ વજેસંગ તરવરતો. એની મેલી નજર સામે પોતે સાવ ઉઘાડી ફટાસ હોય તેમ લાગતું. શરીરે કમકમા આવી જતા અને પોતાની લાચારી ઉપર દાઝ ચડતી. પણ પછી બાની વાત ઉપર ભરોસો રાખવા પ્રયત્ન કરતી.

લગનને પંદર દિ'ની વાર હતી. કાશી ખરે બપોરે ખેતરે જતી'તી. સામે ગામને પાદરેથી ફટફટિયા ઉપર વજેસંગ અને ચંદુ આવતા હતા. કાશી એને અણદીઠા કરીને આગળ વધી. વજેસંગે એને આંતરી અને ગંદો ચાળો કર્યો. કાશીએ ચંદુ સામે જોયું પણ એ નજર ફેરવી ગયો. કાશીએ સામે થવાનું વિચાર્યું. વજેસંગને એક અડબોથ દેવાનું અને ચંદુને પછવાડે લાત મારવાનું મન થયું. પણ કાશી એવી ગાલાવેલી નો'તી કે આવેશમાં આવીને મુસીબત નોતરે. સીમમાં સાવ સૂનકાર હતો. ચકલું યે ફરકતું નો'તું. આવે વખતે એ જો બાખડી પડે તો એની વહારે કોણ આવે? સામે મજબૂત બાંધાનો વજેસંગ હતો. એની સામે એનું જોર કેટલું ચાલે? અને એનો મદદગાર તો સામે પક્ષે જઈને બેઠો હતો.

કાશી મનમાં સામસામી ગઈ. ગુસ્સામાં આંખમાં આંસુ આવી ગયા. પણ પોતાની નબળાઈ છતી ન થાય એટલે મૂંગામૂંગા ત્યાંથી ખેતર ભણી ચાલતી થઈ. વજેસંગ પણ ચંદુને

લઈને રવાના થયો.

કાશીનું મન ચગડોળે ચડ્યું. બાએ ધરપત આપી'તી પણ મનની ભીતિ સાચી પડી. હાય રે! કયા કાળ ચોઘડિયામાં લગન માટે હા પાડી બેઠી?

લગનની હા પાડી એ ઘડીથી કાશીનો જીવ સતત બળતો'તો. પણ એણે માંહ્યલાનો સાદ ન સાંભળ્યો. મનમાં વિચારોનું ધમસાણ શરૂ થયું. વગડાની નીરવતામાં કાશીના મનની ચિચિયારી ખુદ કાશીને જ ભયભીત કરી ગઈ. શરીરે પરસેવો વળ્યો. પગ પાણીપાણી થવા લાગ્યા. જેમતેમ જોર ભેગું કરીને ચાલવા લાગી. આ પળે એણે ભાગી છૂટવું હતું આ જગ્યાએથી, આ પરિસ્થિતિમાંથી. શું કરું કે વિપદા ટળે? આ લાચારીમાંથી છૂટકારો મળે? વિચારોની ગતિ સાથે પગની ગતિ પણ તેજ થવા લાગી...

ઝડપથી ચાલવાથી હાંફ ચડી ગઈ. કૂવાને થાળે આવીને ફસડાઇ પાડી. મનનો મૂંઝારો આંખ વડે વરસી પડ્યો.

ભેંકાર સીમ... દૂર દૂર સુધી કોઈનો અણસાર નો'તો. હીરિયાએ નાહીને કપડાં સૂકવ્યા હતા એના ફરફરાટ સિવાય વાતાવરણ સાવ નિર્જીવ હતું. કાશીને આ નિર્જીવતામાં ભળી જવાનું મન થયું. એ કયાંય સુધી સૂનમૂન બેઠી રહી. જાણે નિર્જીવ થઈ ને નિર્જીવતામાં ભળી જતી હોય એવો ભાસ થયો.

ત્યાં ખેતરમાં ચણેલ એક ઢાળિયામાં ખખડાટ થયો. કાશી પાછી વાસ્તવિકતામાં આવી. તેને પરિસ્થિતિનું ભાન થયું. હવે કાંઈક કરવું જ પડશે.

એક ઢાળિયામાં ડોકિયું કર્યું. પોતડી પહેરેલો હીરિયો ભાંગેલા અરીસા સામે માથું ઓળતો હતો.

કાશીના મનમાં એક તોફાની વિચાર આવ્યો અને એણે પોતાનું લેરિયું ફગાવી હીરિયાને પાછળથી બથ ભરી. હીરિયો હેબતાઈને પાછળ ફર્યો. બાથમાંથી છૂટવા નમાલો પ્રયત્ન કર્યો. પણ કાશીનાં રૂંવેરૂંવે ફૂટેલી આગમાં એ આખેઆખો ઓગળી ગયો. સારી એવી વાર પછી કાશીએ લૂગડાં સંકોર્યા અને હીરિયા સામે જોયું. રોઉં રોઉં થતાં હીરિયાના મોં સામે જોઈને એને હસવું આવ્યું. સહેજ હળવાશથી બોલી. ''પંદર દિ' પછી પણ અવારનવાર ખેતરે આંટો દેવા આવીશ.''

હીરિયાએ ઊંચે જોયું. આંખ સહેજ મલકી.


કાશી ઝડપથી તાજું શાક ઉતારવા લાગી. ટોપલી ભરાઈ ગઈ એટલે માથે ઊંચકીને સડસડાટ ગામ ભણી ચાલવા લાગી.

ખેતર વળોટીને રસ્તે આવી ત્યાં સામેથી વજેસંગની ફટફટીનો અવાજ આવ્યો. આ વખતે વજેસંગ એકલો જ હતો. સાવ નફકરાઈથી કાશીએ એની સામે જોયું. વજેસંગે ફટફટી ઊભી રાખી અને માથે બેઠાં બેઠાં જ કાશીને કીધું. અરે કાશીરાણી! બહુ વાટ જોવરાવી. લગન પછી પહેલી વાર્તા તો મારી હારે જ માંડવાની છે.

કાશીએ તોરમાં એની સામે ઉપરથી નીચે સુધી જોયું. સહેજ મલકી અને વજેસંગની આંખમાં આંખ પરોવીને કીધું ''વજેસંગ પહેલી વાર્તા નહીં, બીજી વાર્તા.'' વજેસંગ કાંઈ સમજે એની વાટ જોયા વગર કાશી ગામ ભણી ચાલતી થઈ. પવનની લહેરખીમાં એનું લેરિયું લહેરાતું જોઈ રહેલો વજેસંગ કાશીએ કીધેલા વેણનો અર્થ કાઢવા મથતો હતો. **મ**


**હવે પછી મમતાનું લવાજમ મનીઓર્ડરથી સ્વીકારાશે નહીં.**

**મમતા** વાર્તામાસિક




**મમતાનું લવાજમનું સીધું બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે.**

**"Mamata Monthly",**
**a/c no. 202020110000306**
**Bank of India**
**Gandhinagar- 382 016**
**IFSC BKID0002020**

**પેમેન્ટ કરીને નામ અને સરનામાનું ફોર્મ ભરી મોકલવું જરૂરી છે.**

**લવાજમ બાબત એક અગત્યની જાહેરાત**


હંસા જાની

# આઠ ડોલર




અમદાવાદમાં નવગુજરાત કોલેજમાં ઇતિહાસના વિષયમાં એમ.એ. (ફર્સ્ટક્લાસ) કરી પ્રોફેસર બન્યાં. છેલ્લાં ચાલીસ વરસથી ન્યૂ જર્સી, અમેરિકામાં વસે છે. આજકાલ એલિમેન્ટ્રી સ્કૂલમાં ટીચર છે. સાહિત્યમાં લગાવ હોવાના કારણે વાર્તા, કાવ્યો લખે છે.

**4 Pleasant Drive.**
**Yardville, NJ 08620. USA**
**Ph. 609-585-0861**
**hansajani43@gmail.com**

સુનીલ શુક્રવારે રાતે નવ વાગે ઘરમાં આવ્યો. નોકરી પરથી મોડો આવ્યો હતો. રોજ લગભગ આ સમયે આવતો. પત્ની નીતાએ પૂછ્યું' ચા પીવી છે કે જમવા બેસવુ છે?' સુનીલ બોલ્યો, 'બેમાંથી એકે નહીં.' એણે એક ગ્લાસમાં આઈસ લીધો. અને તેની ઉપર બોટલમાંથી સ્કોચ રેડ્યો. ડ્રિંક બનાવી ઈઝી ચેરમાં બેસીને પીવા લાગ્યો. એ નોકરી પરથી થાકીને આવતો ત્યારે આમ કરતો. નીતા બોલી, 'કેની આવ્યો છે.' સુનીલ બોલ્યો, 'અત્યારે ઘરમાં નહીં હોય. બહાર ગયો હશે, નહીં?' નીતાએ ઊંચે જોયા સિવાય હા કહી. સુનીલે સ્કોચનો મોટો ઘૂંટડો ભર્યો. અને તેણે આંખો બંધ કરી. નીતા કિચનમાં જઈને રસોઈ ગરમ કરવા લાગી. એને ખબર હતી કે આ ડ્રિંક પતશે એટલે સુનીલને જમવાનું જોઈશે. ત્યાં જ સુનીલ બોલી ઊઠ્યો, 'હું બહાર જમીને આવ્યો છું. આજે યુરોપથી કલાયંટ્સ આવ્યા હતા. તેમની સાથે ડિનર હતું. આખો દિવસ મીટિંગમાં ગયો.'

સુનીલ, તેની પત્ની નીતા સાથે ન્યૂ યોર્કના કિવન્સ કાઉન્ટીમાં મેનહેસેટ હિલ્સના પોશ વિસ્તારમાં રહેતો હતો. તેમને એક પચ્ચીસ વરસનો દીકરો હતો, કુણાલ. તે આર્ટિસ્ટ હતો. ગુજરાતી એન્જિનિયરનો દીકરો ચિતારો બને એ વાત માન્યામાં ન આવે, એ વાતમાં ગુજરાતી પિતાને પોતાની નિષ્ફળતા લાગતી. દીકરો આર્ટિસ્ટોના મક્કા જેવા ન્યૂ યોર્કના ગ્રિનીચ વિલેજના વિસ્તારમાં પડ્યા પાથર્યો રહેતો હતો. તે રાતે, કુણાલ એક વાગે આવ્યો. સુનીલ ઘસઘસાટ ઊંઘતો હતો. નીતા જાગતી હતી. પોતાને જવાબની જાણ હતી છતાં તેણે દીકરાને પૂછ્યું, 'જમવું છે કે જમીને આવ્યો?' દીકરાએ તેને ખોટી પાડી. 'મમ્મી, મેં બહાર નથી ખાધુ. આઈ ડોન્ટ હેવ મની.' 'ચાલ તો પછી હાથ-પગ ધોઈ લે અને ટેબલ પર બેસી જા. તને ભાવતી સુકીભાજી બનાવી છે.' માએ દીકરાને ભાવતા ભોજનિયા જમાડ્યા.

સવારે રજા હતી. બાપ-દીકરો ઊંઘતા હતા. નીતા રોજની ટેવ મુજબ સમયસર ઊઠી ગઈ હતી. એને ખબર હતી કે સુનીલ નવ વાગે ઊઠશે અને કુણાલ બપોરે બાર વાગે. તેણે પોતાની ચા બનાવી, પી લીધી અને ઘરમાં જ મૂકેલી ટ્રેડ મિલ પર ચાલવાની એકસરસાઈઝ કરવા માંડી. સાડા નવે સુનીલ ઊઠ્યો ત્યારે તે શાવર લઈને તૈયાર થઈ ગઈ હતી. સુનીલ પેપર વાંચવા બેઠો ત્યારે તેણે સુનીલને માટે ચા બનાવી આપી. સુનીલે તેને પૂછ્યું, 'કેની હજુ ઊંઘતો હશે. નહીં? રાતે કેટલા વાગે આવ્યો હતો?' નીતા બોલી, 'બાર વાગે.' સુનીલ બોલ્યો, 'પીને આવ્યો હશે! મોં ગંધાતું હતું?' તે બોલી, 'ના. એણે બિયર નહોતો પીધો, એમ એને બદનામ ન કરો' એ ન બોલી કે એને પૈસાની જરૂર છે.

કુણાલ સુનીલનો એકનો એક દીકરો હતો. સુનીલે તેને ભણાવવામાં કોઈ કસર નહોતી રાખી. એ હાઈસ્કૂલમાં હતો ત્યારે સુનીલે દીકરા માટે ઘણાં સપનાં સેવ્યા હતા.

કુણાલ ડોક્ટર બને, એન્જિનિયર બને. કાંઈ નહીં તો છેવટે કેમિસ્ટ બને. આગળ જઈને બાપનું નામ રોશન કરે એમ એ ઈચ્છતો. પરંતુ દીકરાની બધી નોટબુકોમાં ચકરડા અને કાર્ટૂનો દોરેલા મળતા. સુનીલ જ્યારે તે જોતો ત્યારે કેની પર ચિઢાતો અને કહેતો કે, 'ભણ, ભણ, આવી તકો અમને નથી મળી. ઈન્ડિયામાં કેટલા છોકરાઓને આવી સરસ સ્કૂલમાં ભણવાનું મળે છે! અમે એક માઈલ તાપમાં-વરસાદમાં ચાલતા ત્યારે સ્કૂલે પહોંચતા. તને તો ઘેર લેવા સ્કૂલ બસ આવે છે. તોયે ભણવામાં તારું ચિત્ત નથી ચોંટતું?'

અમેરિકાની ધરતી પર ઉતર્યો ત્યારે ગજવામાં આઠ ડોલર હતા. ભારત સરકાર ત્યારે પરદેશ જનારને આઠ ડોલર દેશમાંથી લઈ જવા દેતી હતી. તેટલામાંથી આ ઘર, કાર વગેરે તૈયાર થયું છે.' બાપ-દીકરા વચ્ચે કાયમ આવા ઉગ્ર સંવાદો થતા.

કેની કહેતો, 'ડેડ ધિસ ઈઝ નોટ ઈન્ડિયા. હું અહીં જન્મ્યો છું અને અહીં મોટો થયો છું. મને મારી સ્કૂલ ગમે છે. મારી લાઈફ તમારી લાઈફ સાથે ન સરખાવો.' અને સુનીલ તેને સંભળાવતો, 'આ બધું તને તો મફતમાં મળ્યું છે. આ ઘર, આ કાર, મારા માટે કોઈએ અમેરિકામાં તૈયાર નહોતું રાખ્યું. અમેરિકાની ધરતી પર ઉતર્યો ત્યારે ગજવામાં આઠ ડોલર હતા. ભારત સરકાર ત્યારે પરદેશ જનારને આઠ ડોલર દેશમાંથી લઈ જવા દેતી હતી. તેટલામાંથી આ ઘર, કાર વગેરે તૈયાર થયું છે.' બાપ-દીકરા વચ્ચે કાયમ આવા ઉગ્ર સંવાદો થતા. સુનીલનો કેની માટેનો અસંતોષ છતો થતો.

નીતાએ સુનીલને સવારની ચા અને સાથે બટર લગાવીને બે ટોસ્ટ આપ્યા, સુનીલના હાથમાં હજુ છાપું હતું. ત્યાં જ કુણાલ



બગાસાં ખાતો આવ્યો. 'ગુડ મોર્નિંગ ડેડ-મોમ' તે બોલ્યો. બંને જણે ગુડ મોર્નિંગ કહ્યું. નીતા બોલી 'બેટા, ચા પીવી છે ને! જવાબ મળ્યો. 'ઓફકોર્સ મોમ' માએ દીકરાને માટે ફ્રેશ ચા બનાવવા માંડી. સુનીલે છાપામાં મ્હોં રાખ્યું હતું. કોઈ કાંઈ બોલતું નહોતું. નીતાએ દીકરાને ચા આપીને પૂછ્યું, 'બ્રેકફાસ્ટ કરવો છે ને?' કુણાલે ઈશારાથી હા પાડી. નીતાએ સ્ક્રેમ્બલ્ડ એગ્સ અને ટોસ્ટ બનાવવા માંડ્યા અને તૈયાર થયા એને ખાતા ખાતા બોલ્યો. 'ડેડ, આઈ નીડ સમ મની.' સુનીલ બોલ્યો, 'આઈ ડોન્ટ હેવ મની. તારે કેમ જોઈએ છે?' કુણાલ બોલ્યો,' આઈ ડોન્ટ હેવ અ જોબ. નોકરી મળશે તો તમને પૈસા પાછા આપી દઈશ.' સુનીલ એકદમ બૂમ પાડી ઊઠ્યો, 'કેની, યુ ઓલ્વેઝ ટોક લાઈક ધીસ. તેં ક્યારે મને પૈસા પાછા આપ્યા છે? ઈન્ડિયામાં તો તારી ઉંમરના છોકરાઓ મા-બાપને કમાઈને પૈસા આપે.

મને નથી સમજાતું કે હાઉ લોન્ગ આઈ હેવ ટુ સપોર્ટ યુ.' કેની ઉછળીને બોલ્યો, 'ડેડ.બેર વિથ મી. હું જાત-જાતની નોકરીઓ કર્યા કરું છું. મને ખબર છે અને તમને પણ ખબર છે કે આર્ટિસ્ટને માટે જોબ મળવા અઘરા છે. હવે મેં ગ્રાફિક્સ આર્ટ્સનું ભણવાનું ચાલુ કર્યું છે.

મારો મેકડોનલ્ડનો જોબ છુટી ગયો છે. એટલે પૈસા માગું છું.' સુનીલનો પિત્તો હવે ગયો. તે નીતા સામે જોઈને કહે, 'મારો છોકરો મેકડોનલ્ડમાં જોબ કરે છે. એ મેકડોનલ્ડમાં જોબ કરે એટલા માટે હું દેશ છોડીને, દસ હજાર માઈલ દૂર આવ્યો છું?' અને તે ઉભો થઈને પોતાના બેડરૂમ તરફ ગયો. ત્યાંથી હાથમાં એક ચામડાની નાની સૂટકેસ લઈને આવ્યો. સૂટકેસ તેણે ડાઈનિંગ-ટેબલ પર મૂકી, ખોલી નાખી. તે ખાલી હતી. તે કુણાલ તરફ જોઈને બોલ્યો. 'તેં આ સૂટકેસ મારા કલોઝેટમાં ઘણી વખત જોઈ હશે.

આ સૂટકેસ અને ગજવામાં આઠ ડોલર લઈને હું અમેરિકા આવ્યો હતો. આ સૂટકેસ મારા ફાધરની હતી-તારા દાદાની-ગ્રાન્ડ ફાધરની. આ સૂટકેસમાં મારા બાપુજી મિલોના કાપડના સેમ્પલો ભરીને દુકાને દુકાને ભટકતા હતા અને વેપારીઓના ઓર્ડર લેતા હતા. હું નાનો હતો ત્યારે એમની આંગળી ઝાલીને હું પણ એમની સાથે જતો હતો.

સૂટકેસ અને ગજવામાં આઠ ડોલર લઈને હું અમેરિકા આવ્યો હતો. આ સૂટકેસ મારા ફાધરની હતી - તારા દાદાની. સૂટકેસમાં મારા બાપુજી મિલોના કાપડના સેમ્પલો ભરીને દુકાને ભટકતા હતા. વેપારીઓના ઓર્ડર લેતા હતા.


તાપમાં એ મને તરસ લાગે ત્યારે બરફનો ગોળો ખવડાવતા હતા. બપોરે એ ફેરી ફરીને તાપમાં આવતા હોય તો સામે દોડતો અને એમના હાથમાંથી આ સૂટકેસ લેવા પ્રયત્ન કરતો. એ મને નહોતા લેવા દેતા અને મારો હાથ ઝાલીને ઘેર લાવતા. અને મારો પરસેવો લૂછતા હતા. ગજવામાં કાયમ હાથરૂમાલ રાખવાનું એમણે શીખવ્યું હતું. તેમણે મને ગણિત-મેથ્સ પણ શીખવ્યું હતું. હી વોઝ અ ગ્રેટ ટીચર. ત્યારે મેં મનમાં નક્કી કર્યું હતું. મારે સેલ્સમેન નથી બનવું. મારે મોટા માણસ બનવું છે. એ પાઠ ભૂલી ન જાઉં એટલે આ સૂટકેસ મારા બેડરૂમમાં રાખી છે. અને તું જુએ છે તે આ દુનિયા મેં આઠ ડોલરમાંથી ઊભી કરી છે. મેં પણ ભણતા ભણતા પરચૂરણ નોકરીઓ કરી છે. પરંતુ હું ભણ્યો. તું શું ભણ્યો?

કુણાલ શાંતિથી સુનીલની આંખમાં આંખ મીલાવી બોલ્યો, 'ડેડ, યુ આર ટોકિંગ એબાઉટ એઈટ ડોલર્સ? તમે વાતેને વાતે આઠ ડોલરની વાતો કરો છો. તમે તમારી જાતને પૂછો તમે ફક્ત આઠ ડોલર જ લઈને આવ્યા હતા? આ સૂટકેસ તમને ખાલી લાગે છે? તેમાં મને તો દાદાજીનો પ્રેમ દેખાય છે. અમેરિકા આવ્યા ત્યારે સાથે લાવ્યા હતા, મા-બાપનો પ્રેમ. અને દાદાજીની ટ્રેનિંગ. મને મારા ફાધરે શું આપ્યું છે? તમે જ્યારે વર્ક પરથી આવતા ત્યારે હું સૂતો હોઉં. હું સ્કૂલેથી ઘેર આવતો ત્યારે મને હોમવર્ક સમજાવનારું કોઈ હાજર નહોતું. મેં તમને મારા માટે ખાનગી ટ્યૂશન રાખવાની વાત કરી તો તમે તમારા આઠ ડોલરના ને તમે મેથેમેટિકસમાં કેટલા હોંશિયાર હતા, તેના લેક્ચર આપતા.

સ્કૂલની ફુટબોલની ગેમમાં દરેક પ્લેયરના ફાધર ત્યાં આવતા, મારી બેંચ ખાલી રહેતી. તમને તમારા બાપુજીએ સારી સારી ટેવો પાડી. બિયર પીવાનું હું ક્યાંથી શીખ્યો? ઘરમાંથી. તમે અને મોમ ઘરમાં ન હોય ત્યારે હું અને મારા મિત્રો તમારી બોટલો ખોલતા અને પીતા. કોલેજમાં પછી મને કેલ્કયુલસ કેવી રીતે આવડે? મારો પાયો જ કાચો હતો, હવે પછી તમે મને આઠ ડોલરની વાત ન કરતા. તમારા બાપુજીએ તમને પ્રેમથી ભરેલી સૂટકેસ પણ આપી. તમે મને શું આપ્યું?

રૂમમાં સન્નાટો છવાઈ ગયો. **મ**

# અમેરિકાના ગુજરાતી સામયિક "ગુર્જરી ડાયજેસ્ટ"માં લેખો મોકલવા માટે ઊગતા અને સ્થાપિત લેખકોને જાહેર નિમંત્રણઃ


ગુર્જરી
ડાયજેસ્ટ
શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક
જાન્યુઆરી, ૨૦૧૨
વર્ષ: ૨૫ અંક: ૧
સળંગ અંક: ૯૫
ગુર્જરી ડાયજેસ્ટ રજત-જયંતી વર્ષ
ગુર્જરી ડાયજેસ્ટના પ્રથમ અંકની સંભાવિત સામગ્રી :
GURJARI PUBLICATION
[Non-Profit Organization]
Phone : (215) 539-5333
૧૯૮૭માં 'ગુર્જરી ડાયજેસ્ટ'ના પ્રકાશન પૂર્વેની જાહેરાત માટે આ પરિપત્ર અમેરિકાના સાહિત્યરસિક ગુજરાતીઓને મોકલ્યો હતો. આપ સૌના સહકારથી આજે 'ગુર્જરી ડાયજેસ્ટ' ૨૫મા વર્ષમાં પ્રવેશે છે એ આપણી સિદ્ધિ છે. આ નિમિત્તે મે ૧૯, ૨૦૧૨ના દિને રજતજયંતી મહોત્સવની ઉજવણી કરીશું તે પ્રસંગે હાજર રહેવા ભાવભીનું આમંત્રણ છે.
GURJARI DIGEST : JANUARY 31, 2012

છેલ્લાં પચીસ વર્ષથી અમેરિકાથી દર ત્રણ મહિને નિયમિત પ્રકાશિત થતા ત્રૈમાસિક "ગુર્જરી ડાયજેસ્ટ"માં તમારી કૃતિઓ છપાવવા ઈચ્છતા હો તો આ નિમંત્રણ તમારા માટે છે.

નીચે જણાવેલા વિષયો પર તમારી મૌલિક અને અપ્રકાશિત કૃતિઓ તમે મોકલી શકોઃ

વાર્તા, નિબંધ, ચિંતનપ્રધાન લેખો, લઘુકથા, માનવસંવેદનાને સ્પર્શતા અનુભવો, પ્રવાસવર્ણન, પત્રસાહિત્ય, વ્યક્તિચિત્રો, હાસ્યલેખો, કાવ્યો, ગઝલ વગેરે.

કૃતિઓ ઈ-મેઈલ દ્વારા article4gurjarti@gmail.com પર મોકલવી જરૂરી છે.

ટાઈપ કરેલી વર્ડ/ પી.ડી.એફ. કે અન્ય કોઈ ફોરમેટમાં અથવા હાથે લખાયેલી કૃતિઓ સ્કેન કરીને મોકલી શકો. હાથે લખાયેલી કૃતિઓ સુઘડ અક્ષરોમાં અને ચારે બાજુએ જગા રાખીને લખાયેલી હોય એ જરૂરી છે.

કૃતિઓ સાથે લેખકનો ટૂંક પરિચય, પ્રકાશિત થયેલા પુસ્તકો સંબંધી નોંધ તથા મળેલા કોઈ પારિતોષિકો વિષે માહિતી, સરનામું, ફોન/મોબાઈલ નંબર અને ફોટો વગેરે જેવી માહિતી મોકલવા વિનંતી છે.

કૃતિઓ સાર્થ જોડણીમાં હોવી જરૂરી છે.

કૃતિઓ મળ્યા બાદ સ્વીકાર-અસ્વીકાર સંબંધી નિર્ણય ઈ-મેઈલ દ્વારા લગભગ બે મહિનામાં જણાવવામાં આવશે.

સ્વીકાર પામેલી કૃતિઓને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે તથા "ગુર્જરી ડાયજેસ્ટ"નો અંક ભેટ મોકલવામાં આવશે.

"ગુર્જરી ડાયજેસ્ટ" અમેરિકાથી જાન્યુઆરી/એપ્રિલ/જુલાઈ/ઓક્ટોબર મહિનાની આખરે પ્રગટ થાય છે.

જાન્યુઆરી ૧૯૮૮ની સાલથી પ્રગટ થતા "ગુર્જરી ડાયજેસ્ટ" માટે ૨૦૧૨નું આ વર્ષ રજત-જયંતી વર્ષ છે. પચીસ વર્ષથી સ્થાપિત થયેલા આ સામયિકમાં જોડાવા માટે આપને હાર્દિક નિમંત્રણ છે.


# વિરાફ કાપડિયા

# શ્રીધર




જન્મ મુંબઈમાં પારસી પરિવારમાં. ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકાપ્રયાણ - વર્ષોથી ત્યાં જ સ્થિત. વ્યવસાયે મેનેજમેન્ટ સિસ્ટિમ્સમાં હોવા છતાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી/ અમેરિકન સાહિત્યનો સતત અભ્યાસ. ભાષાની શુદ્ધિ અને રમ્યતા બાબત સતત સજાગ.

**40 Parker Road,**
**Plainsboro, NJ 08536**
**USA.**
**609-799-4368**
**vkapmail@yahoo.com**

એણે મંદિરના વિશાળ પૂજાખંડમાં એકલા ઊભા ઊભા પ્રાર્થના કરી. એની આંખો ભારે હતી. રાતે મચ્છરોથી બચવા ચાદર માથા સુધી ઓઢી લેવા છતાં એને નિરાંતે ઊંઘ નહોતી આવી. મંદિરની ઉત્તરે દૂર સુધી વિકટ જંગલ-ઝાડી પથરાયેલાં હતાં જ્યાંથી ઉનાળામાં, ખાસ તો વરસાદ પછી, મચ્છરો અચૂક ધસી આવતા. મંદિરના અગ્નિ ખૂણામાં થોડીક જગ્યામાં ઉપલા માળના એપાર્ટમેન્ટમાં વડા પૂજારી કમલકાંતની સાથે છોટા પૂજારી તરીકે એ રહેતોઃ ચાર નાના કક્ષ, દીવાનખાનું, રસોડું અને બે બાથરૂમ.

પ્રાર્થના કરી શ્રીધર મથાળે આવેલા મંચ પર જઈને બેઠો. ઉપરના કાચના ગુંબજમાંથી કોમળ પ્રકાશનો ધોધ નીચે ધસી મંચને અડધો અજવાળી રહ્યો હતો. એની નજર નવી રંગેલી બાજુની ભીંત પર ગઈ. અને એ કડવાશથી વિચારવા લાગ્યો કે ત્યાં જ્યારે તોફાનમાં પાણી ચૂવાથી નુકસાન થયું હતું ત્યારે કમલકાંતે એમની ઢીલ કરવાની ટેવ મુજબ કેટલો લાંબો સમય મરામતનું કામ ટાળ્યા કર્યું હતું. એમને મંદિરનાં આવાં જરૂરી કામો માટે આવડત જ નહોતી. સખત અણગમો હતો. જો કે એ બધી જવાબદારી કમલકાંતની જ હતી. હોદ્દો પૂજારીનો, પણ મંદિરના સુરક્ષા કર્મચારીની ફરજો પણ તેમાં આવી જતી હતી. છેવટે જ્યારે પોતે એ કામ કોન્ટ્રાક્ટર પાસે પતાવી લીધું હતું ત્યારે આભારદર્શન તો દૂર, ટ્રસ્ટીઓ આગળ વડા પૂજારીની હેસિયતથી યશ ખાટવામાં એ પાછા પડવાના નહોતા. શ્રીધરે રોષપૂર્વક વિચાર્યું કે એના ઉપરીને મંદિરનાં કામકાજનો રિપોર્ટ તૈયાર કરવો પડતો ત્યારે તે કામ સદા મુલતવી જ રહેતું. એમને કાગળ-પેન સાથે લગારે નિસબત નહોતી. અને અંતે શ્રીધરે બનાવી આપેલા રિપોર્ટમાં એ કશું ઉમેરતા તો તે કેવું નાદાન અને અણઘડ જણાતું. શ્રીધર એને સુધારવા જતો તો કમલકાંત ઉશ્કેરાટની આંધી ફેલાવતાઃ

‘એ બધી ચીકણાશ સાથે મને શું લેવાદેવા? મારે જે કહેવું છે ને જે રીતે કહેવું છે તેમ જ હું કહીશ.’

શ્રીધરને બારીમાંથી દેખાયું, ઘનશ્યામની કાર વળીને મંદિરની ગલીમાં પ્રવેશી. ઘનશ્યામ કમલકાંતને સવારના પહોરમાં પૂજા કરાવવા ઘેર લઈ ગયા હતા અને હવે પાછા ફરતા હતા. શ્રીધર ત્યારે ઊઠ્યો; નેવું ફૂટ લાંબો પૂજાખંડ વટાવી, કોરિડોર તથા સાર્વજનિક ભોજનખંડ પસાર કરી, દાદર ચડી ઉપલા માળના ફ્લેટમાં પહોંચ્યો. થોડી વારમાં ઘનશ્યામની જોડે કમલકાંત પણ અંદર આવ્યા. શ્રીધરને જોઈ ડોક હલાવી.

‘કેમ શ્રી, ઊઠી ગયો? તમે યુવાનો સવારનો કિંમતી વખત પથારીમાં કેમ બગાડતા હશો? મારી જેમ મળસકા પહેલાં ઊઠી જવું જોઈએ. આળસુ અળસિયાં છો.’

પછી ઘનશ્યામને કહ્યું, ‘ચા બનાવું છું’. ને પાછા શ્રીધર તરફ ફર્યા.


‘તેં પીધી? તું તો એક કપ પછી બીજી પીતો જ નથી. તને તો નાનામાં નાની ચીજનું પણ વ્યસન નહીં, ને? બાકી ચા મારી બહુ ફક્કડ હોં, ઘનશ્યામભાઈ.’

કમલકાંત મધ્યમથી પણ ઓછી ઊંચાઈના, પણ એ કસર તેમના દેહે, પહોળાઈમાં પૂરી કરી હતી. ચહેરો પ્રમાણમાં ઘણો મોટો હતો, વચ્ચે મોટી ફ્રેમના ચશ્મા પાછળ ઝીણી બદામી આંખો મસ્તીથી સજીવ અને ચકોર હતી. માથાના ખરબચડા રાખોડી વાળ સાથે મેળ ખાતી નવ દિવસની નહીં કરેલી દાઢી કાંટાળી ઝાડીની જેમ ઊભી હતી. ગાલમાં, ગરદનમાં એકથી વધુ માંસલ ફુગ્ગા હતા. તે હતા સાંઠની આજુબાજુના, પણ જન્મજાત ઊર્જા અજબ હતી. ચાલતા તો પોતાના વજનથી ધરતી પર છાપ પાડતા હોય તેમ!

શ્રીધર સ્ટેટ ગવર્નમેન્ટની નાની નોકરીની સાથોસાથ વર્ષોથી મંદિર જોડે એક નિર્વેતન વિશ્વાસુ કાર્યકર તરીકે સંકળાયેલો હતો. દાનપેટીનું કામ એ જ સંભાળતો, જે બદલ ટ્રસ્ટીઓએ એને મંદિરમાં રહેવાની સગવડ કરી આપી હતી. કમલકાંત આ હોદ્દા પર ત્રણ વરસ પહેલાં ભારતથી ન્યૂ જર્સી આવ્યા, તે પૂર્વે એમની કેટલીય વાતો શ્રીધરે મહાદેવીયા અને ઘનશ્યામ પાસેથી સાંભળેલી. બંને ભારતમાં એમના જ નગરના નિવાસી હતા. એ સાંભળવામાં પોતાને કેવો રસ પડેલો એ વિચારે શ્રીધરને હવે હસવું આવ્યું. ત્યાર બાદ એ વાતો કમલકાંતના મુખેથી એણે પચાસ વાર સુણી હતી. કોઈ નવા શ્રોતાને મેળવી એ ઓર બી તાનમાં આવી કહી સંભળાવતા.

શરૂશરૂમાં એ જાડા વિનોદવાળી જીવનપરાક્રમોની કથનીઓ શ્રીધરને રોમાંચક ન જ લાગેલી એવું નહોતું. એમણે જીવન સાથે ઘણીયે બાથો ભીડી હતી. રેસ્ટોરાંમાં કૂક, બસના કંડકટર, સ્કૂલમાં ડ્રિલ-ટીચર, રસ્તા પર જ્યોતિષી ને વહાણ પર પણ કામ કરી ચૂકેલા. પેપરનું કટિંગ કાઢીને ફોટા સાથેનો લેખ બતાવતા જેમાં કોઈ ચળવળ અંગે એમણે કરેલા ઉપવાસનું વર્ણન હતું. ફોટામાં એમણે ઝભ્ભો પહેર્યો હતો, નીચે 'સ્વામી રામદાસ' લખ્યું હતું. મિલ્ટન ટાઉનના મંદિરની નિમણૂક એ આ વેરણછેરણ અલબેલી કારકિર્દીની સ્વાભાવિક પ્રગતિ જ હતી. શ્રીધરને ઉપરી માટે ત્યારે જિજ્ઞાસા થયેલી.

પણ આ બે જણા એકબીજા જોડે મેળ ખાવા નહોતા નિર્માયા. ભીને વાન શ્રીધર બત્રીસ વર્ષનો સુકલકડી ને હલનચલનમાં બેહુદો હતો. છાતી નાની ને ગાલે નાના ખાડા હતા તથા મોટી આંખો પર મોટા નંબરના ચશ્મા હતા. ચાલતો તો ધરતી પર સમતોલન ટકાવી રાખવા ધીમે ધીમે ને



ધ્યાનપૂર્વક. એ કિતાબનો કીડો હતો.

એની નિબંધ-ફિલસૂફી-ઈતિહાસની ચોપડીઓ જોઈ કમલકાંતે કહેલું, 'આમાં મારે માટે તો કશું વાચવાનું દેખાતું નથી. જોકની કે સનસનાટીની ચોપડીઓ નથી?'

'ના, એમાં મને રસ નથી.'

'મજાક કરે છે કે પછી સાવ બોથડ છે? પણ તું એટલો ખરાબ નથી. મારી સાથે રહેશે એટલે સુધરી જશે,' એ ખડખડ હસ્યા.

'તમારે જે વિચારવું હોય તે વિચારો.'

કમલકાંત અભિપ્રાય આપવામાં સંયમ રાખવાનું શીખ્યા નહોતા. એમની જીભે કોઈ હાડકું હતું નહીં. શ્રીધરને ત્યારે લાગ્યું કે ઉપર ઉપરથી હસવા-બોલવાનો એમનો માત્ર અભિનય છે, પણ અંદર તો ખંધાઈ ભરી છે.

સ્વચ્છ અને સુઘડ શ્રીધરની રૂમમાં બધું ચોકસાઈથી ગોઠવાયેલું હતું. મંદિરના કાગળો હોય કે એની ચોપડીઓ, બધું એ વ્યવસ્થિત મૂકી રાખતો. જરૂર પડ્યે દરેક વસ્તુ હાથવગી રહેતી.

કમલકાંતની રૂમમાં કશું શોધ્યે જડે એમ નહોતું. પથારી અસ્તવ્યસ્ત પડી રહેતી. શ્રીધર એમની રૂમ આગળથી પસાર થતો ત્યારે અકળામણ ટાળવા બહુધા મોં ફેરવીને નીકળી જતો. પોતાનો બાથરૂમ ચાવીથી બંધ કરીને જ બહાર જતો કે કમલકાંત અથવા મહેમાનો ગંદો ન કરે.

પણ રસોડું એક જ હતું અને તે કાયમ સ્વચ્છતાના આગ્રહનું રણમેદાન બનતું. કમલકાંતનો હાથ અડ્યા પછી વ્યવસ્થિત ગોઠવાયેલું રેફ્રિજરેટર ખાદ્યપદાર્થોનો ઢગલો થઈ જતું. ગંદાં વાસણો ખડકાયેલા મૃતદેહોની જેમ સિંકમાં પડી રહેતાં. એ રસોડામાં જ ભાણું ખાતા. અન્નનો એમનો ઉપભોગ જુસ્સાભેર ને નિતાંત શારીરિક હતો - લાલસા, લસરકા ને સબડકાથી ભરેલો. એ જોઈને શ્રીધરનો તિરસ્કાર વધતો જતો. ખાદ્ય-કણો કાઉન્ટર અને ફર્શ પર વેરાઈ જતા, કપડાં પર પીળા-કેસરી લીટા પડતા. શ્રીધર ચોખ્ખાઈ માટે સલાહ આપતો, ટકોર કરતો તો એ હસી કાઢતા. કંઈક અસર પડતી તો પણ ઝાઝા કલાક ટકતી નહીં. અને જો વધુ ભારથી આગ્રહ કરતો તો તીખાશ પણ ઝરતી. છેવટે એને જ ત્યાંથી પીછેહઠ કરવી પડતી.

કમલકાંતે ઘણા મંદિર-ભકતોને મિત્ર બનાવી દીધા હતા. એમનો ફ્લેટ દિવસભર સાથીઓનો ધામો બની રહેતો. મિત્રોની કારમાં એ સફરો કરી આવતા. શ્રીધરથી સાવ વિપરીત, એ સોશિયલ પતંગિયું હતા. શ્રીધરને આ બધું ગમતું નહીં. એ ભલો, એનું મંદિર ભલું, એનું કામ ભલું. મિત્રોમાં તો એની ચોપડીઓ જ હતી. કમલકાંત અને સાથીઓને એ વિચિત્ર લાગતો અને એને લક્ષ્ય બનાવીને કમલકાંત સહુને હસાવવામાં બહુ આનંદ લેતા. એ પાર્કિંગ લોટમાંથી અંદર આવતો હોય ને ફ્લેટમાં દાખલ થાય ત્યારે બધા હસતા હોય. એ ખાખાખીખીનું કારણ સમજતા શ્રીધરને વાર લાગતી નહીં. રૂબરૂ કરેલી મશ્કરી કરતાંય આ ન સંભળાયેલા શબ્દોની મશ્કરી એને વધારે ડંખી જતી. કમલકાંતને ખ્યાલ નહોતો કે એમની ઠઠ્ઠા શ્રીધરને કઈ હદ સુધી હણી રહી હતી. સૂતાં સૂતાં જાગી જઈને એ ક્રોધપૂર્વક વિચારતો કે મારે માટે શુંય બોલતા હતા. બદલો લેવાની વૃત્તિથી એની નાની છાતી ભરાઈ જતી.

નવાઈ એ હતી કે કમલકાંત પોતાના ઉપ-પૂજારીના અણગમાથી અણજાણ હતા. શ્રીધરને એ વિચિત્ર તો ગણતા, એની હાંસી પણ કરતા, પણ પરિચય વધતાં શ્રીધર તરફ લગાવ જેવું પણ એમની અંદર ઊગવા લાગ્યું હતું.

પણ શ્રીધરના ધિક્કારના જુવાળમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. એમની સામે એ કંઈ બોલતો નહીં, પોતાનો ખળભળાટ અંકુશમાં રાખતો. કમલકાંતની નાની-મોટી ખામીઓ એ ધ્યાનપૂર્વક નીરખતો. પૂજા વખતે એમના શ્લોકોચ્ચારમાં ઝીણી ભૂલો નોંધીને એ મૌન સંતોષથી પોતાનો બર્ફીલો દ્વેષ વધારતો.

પણ એ ધિક્કાર આંધળો નહોતો. એને પૂરી ખબર હતી કે એમના આવ્યા પછી મંદિર વધુ લોકપ્રિય થયું હતું. એ માણસમાં કશુંક એવું આકર્ષક તત્વ હતું, જેનાથી ભકતોની સંખ્યા વધી હતી. શનિ-રવિ ને ઉત્સવને દિને મંદિર લોકોથી ભરાઈ જતું. પરિણામે મંદિરને દાનમાં અપાતું ધન, જે પૂજાખંડના ફર્શ પર જડેલી પેટીમાંથી દર પખવાડિયે તાળું ખોલીને કાઢવામાં આવતું અને ટ્રસ્ટીઓની હાજરીમાં ગણવામાં આવતું, તે પણ વધ્યું હતું. મંદિર બંધ હોવાને સમયે કોઈ આવી ચડે તો કમલકાંત બારણાં ખોલી આપતા.

'લોકો સમજતા નથી વીક-ડેઝમાં મંદિર સાંજે જ ખૂલે છે. દૂરથી આવ્યા હશે, હવે દર્શન વિના પાછા કેમ મોકલું?' એ મિત્રોને કહેતા.

પોતાની ઓળખાણથી કોઈને નોકરી અપાવવામાં સહાયરૂપ થવાય તો જરૂર થતા. એ મંદિરના જનસમુદાયને પોતાનો ફેલાયેલો પરિવાર ગણતા. અને તે આ મશ્કરા, ખરબચડા, અલ્પ શીખેલા બહુરૂપી માણસની અજબ ખાસિયત હતી.

ચા પીને કમલકાંત ઘનશ્યામ જોડે બેંકમાં ગયા પશ્ચાત્ શ્રીધર એમની રૂમ આગળથી પસાર થતાં જ એકાએક અટકી ગયો. પથારી પર નોટોનું ખાસ્સું બંડલ પડેલું જોઈ એણે ઊઠાવીને તપાસ્યું. સોની, વીસની નોટો મળીને કુલ સત્તરસો ડોલર હશે. ઉતાવળમાં જોઈતા પૈસા કાઢી કમલકાંત બંડલ

કદાચ પથારી પર જ ભૂલી ગયા હશે.

શ્રીધરના મગજમાં ત્યારે વિચારોની વીજળી ચમકી. એક બાજુ મહિનાઓથી દાનપેટીની રકમ પહેલાં કરતાં ચોક્કસ ઘટી ગઈ હતી. અને બીજી બાજુ કમલકાંતની આવક સાવ નજીવી અને તેથી બચત તો નગણ્ય જ ગણાય. મંદિરના ફાળાની રકમ નિયમિતપણે ઘટી જવાનું કારણ શું હોઈ શકે? જો કે દાનપેટીની ચાવી ટ્રસ્ટી મંગલાની તથા પોતાની પાસે જ રહેતી, એ બરાબર, પણ... વિચારને અનુમોદન આપતો એ મનોમન ગણગણ્યો: 'સંકલ્પ હોય ત્યાં વિકલ્પ મળી જ રહે છે, અને દુનિયાદાર કમલકાંતને માટે તો...' શ્રીધરનું મુખ શંકાના વિકારથી કદરૂપું થઈ ગયું. ધિક્કારના ધબકારાથી એનું ધડ હાલી ઊઠ્યું. કમલકાંતના દોષોમાં આ દોષ ઉમેરાતાં એના ચિત્તમાં પુણ્યપ્રકોપના ઘંટ વાગ્યા. બંડલ ત્યાં જ છોડી એ પોતાની રૂમમાં ચાલી ગયો.

★★★

પખવાડિયા પછી મિડલસેક્સ કાઉન્ટિ કોલેજના મેદાનમાં ભારત-દર્શનના પ્રોજેક્ટ હેઠળ કલ્ચરલ એજ્યુકેશન સમિતિ આયોજિત એક સુંદર પ્રદર્શન શરૂ થયું. ભારતીય ગૃહઉદ્યોગો, માટીકામ, કલા-સંગીત-નૃત્ય, ગ્રામજીવન આદિની નુમાઈશ કે ભજવણી જુદા જુદા તંબુઓમાં રજૂ કરવામાં આવી. મહિનાઓ પહેલાં શ્રીધરને ભારતથી મોરપિયોનો કાગળ મળ્યો હતો; તે આ પ્રદર્શનના સર્પ વિભાગમાં કામગીરી બજાવવા આવવાનો હતો અને શ્રીધરને મળવા ખૂબ ઉત્સુક હતો. વાંચીને શ્રીધરના હોઠ પર સ્મિત ફરક્યું હતું. સહપાઠી મોરપિયો સાથે એણે બચપણમાં ઘણી સુખદ ઘડીઓ વિતાવી હતી.

સ્કૂલની પાછળના અરણ્યપ્રદેશમાં જ આખી રિસેસ વિતાવતો મોરપિયો અવારનવાર સાપ-દેડકાં પકડી લાવી છાત્રોને તાજ્જુબ કરતો. જ્યારે એ બંનેની વચ્ચે મિત્રતા જામી અને એ પણ મોરપિયો સાથે સ્કૂલ પછવાડે જવા લાગ્યો ત્યારે મોરપિયોએ ધીરેધીરે એનેય સાપ પકડતાં શીખવાડેલું. મોરપિયોના કુટુંબનો એ બાપીકો કસબ હતો, અને મેટ્રિક પછી એ જ દિશામાં એણે સાધના કરી હતી. ગારુડીવિદ્યાનો એ નિષ્ણાત બન્યો હતો.

કમલકાંત આજે કામસર ન્યૂ યોર્ક ગયા હતા. શ્રીધર નોકરી પરથી અઠવાડિયું રજા પર હતો. નિયત સમયે મોરપિયોને કારમાં લાવવા એ મિડલસેક્સ કાઉન્ટિ કોલેજ પહોંચ્યો. બંને ભેટ્યા. મોરપિયોએ ઉપરથી નીચે ચક્ષુ ફેરવીને એને જોયો.

'તું અમેરિકા જવા નીકળેલો ત્યારે મળેલા. બાર વરસમાં તું બદલાયો જ નથી.' પછી કહ્યું, 'લે, આ કારમાં મૂકી દે.'

કારનું બારણું ઉઘાડતાં હસીને શ્રીધરે પૂછ્યું, 'આ કરંડિયા સાથે લેવાનું કંઈ કારણ?'

'એમાં મારા સાપ છે - ત્રણ વાગે એક સ્કૂલમાં પર્ફોર્મન્સ આપવાનો છે. રાઇડ આપી શકીશ? એડ્રેસ લાવ્યો છું.'

ફ્લેટમાં પહોંચી, જૂની-નવી વાતો કરી બંને સાથે જમ્યા અને પછી નીચે મંદિરના પૂજાખંડમાં ઊતરી આવ્યા.

એકાએક શ્રીધરે કહ્યું, 'ચાલ, પાછું શરૂ કરીએ.'

'શું?'

'એ જ ગારુડીવિદ્યાના ઉસ્તાદનું ગારુડીવિદ્યાના ચેલાને શિક્ષણ!'

મોરપિયો હસ્યો. પછી બોલ્યો, 'તને થોડાક નવા સાપ બતાવું,' અને કરંડિયા લઈ આવ્યો.

'આ નાનો સાપ કયો છે?'

'એ ક્રાઈટ છે. નાનો પણ બહુ ઝેરી. અમેરિકાનો સર્પશાસ્ત્રી જોસેફ સ્લોવિન્સ્કી આના જ ડંખથી બર્મામાં મરણ પામેલો.'

'એમ?' શ્રીધરે મોરપિયોની દેખરેખમાં સાપને ગળા આગળથી ઝાલ્યો.

થોડો સમય મંદિરની પ્રશાંતિમાં ચારેકોર ઊભેલી સ્તબ્ધ મૂર્તિઓ સમક્ષ બંનેનો વાર્તાલાપ પ્રતિધ્વનિત થઈ ગુંજતો રહ્યો. સ્કૂલમાં જવાનો સમય થતાં મોરપિયો બાથરૂમ જવા ઊઠ્યો ને પૂજાખંડમાં ફરીથી નીરવતા ફેલાઈ ગઈ. પણ શ્રીધરનું હૃદય હથોડાના ઘાની જેમ ધબકવા લાગ્યું. અને એ કોઈ અજ્ઞાત ઈચ્છાશકિતની અસર નીચે, કોઈના કબજા નીચે હોય તેમ વર્તવા લાગ્યો. એણે ખિસ્સામાંથી ચાવી કાઢી ધર્માદાની પેટીનું ઢાંકણ ખોલ્યું. કરંડિયો ખોલી મોરપિયોના સાપ પકડવાના સળિયાથી ઝટ 'ક્રાઈટ'ને પકડ્યો અને તુરતોતુરત પેટીમાં મૂકી ઢાંકણ બંધ કરી પૂર્વવત્ તાળું મારી દીધું. આ બધી ક્રિયાઓ એવું લાગે કે એણે પોતે નહોતી કરી, કોઈ બાહ્ય શકિતના તાબામાં શરીરે હલનચલન કર્યું હતું. પછી કરંડિયા હતા તેમ ગોઠવીને મોરપિયોની રાહ જોતો એ બેઠો. એ થોડીક પળો શ્રીધરને અંત વગરની જણાઈ.

મોરપિયોને સ્કૂલમાં છોડી આવ્યા પછી શ્રીધરને ઘરમાં જરાયે ચેન પડ્યું નહીં. એના મનમાં એક સવાલ પાંજરે પૂરેલા દીપડાની જેમ સતત આંટા મારવા લાગ્યો. શું કમલકાંત પેટી ખોલશે? એને ભયાનક ધ્રુજારી થઈ આવી. ત્રીજે દિવસે શુક્રવારે મોરપિયોને ફરી મળવાનું હતું. ત્યારે એ ગમે તે કરીને સાપને પેટીમાંથી કઢાવી લેશે. પણ તેટલા સમયમાં શું? પેટીના અંધારા ઊંડાણમાંથી પેલા ભુજંગને એકલે હાથે બહાર કાઢવાની આવડત કે હિમ્મત એને પોતાનામાં જડી નહીં. એ લેક ડ્રાઇવ તરફ ચાલવા લાગ્યો, થોડે જઈ ખબર પડી કે એ ખોટી દિશામાં જઈ રહ્યો હતો, પાછો ફરી એ ચર્ચ સુધી ગયો,

બ્રિજ પાર કર્યો, જણાયું કે પાછો ખોટો જઈ રહ્યો હતો, એ ઘર તરફ ફર્યો; એનું મગજ સાવ શૂન્ય થઈ ગયું.

રસોડામાં આવી એણે પાણી પીધું. એનું ગળું ખૂબ સુકાઈ ગયું હતું. તેટલામાં કમલકાંતનો સાદ સંભળાયો.

'ક્યાં હતો તું? આવ્યો ત્યારે તારી કાર દેખાઈ પણ તું જણાયો નહીં. નીચે જોવા ગયો કે પૂજા કરતો હશે પણ ત્યાંય નહોતો. તું હતો ક્યાં?'

'પૂ... પૂજાખંડમાં ગયા હતા?' શ્રીધરથી બોલાઈ જવાયું. પછી હસીને બોલ્યો, 'હમણાં તે હું પૂજા કરું? જરા લેક પર ચાલવા ગયો હતો.'

'જો, આના પછીના રવિવારે આચાર્ય પ્રભાકર આવવાના છે. તેનું ફ્લાયર તૈયાર કરી દેને બે દિવસમાં.'

'વારુ.'

દરમિયાન મિત્ર મુરલી જોડે કમલકાંત 'ભારતીય શતરંજ' રમવા બેઠા અને યેનકેન પ્રકારેણ જીત મેળવવાના એમના સ્વભાવગત ઉદ્યમમાં જોડાયા. હરીફની ભૂલ ઉપર એને હતોત્સાહ કરવા મોટેથી ઠઠ્ઠાઓ કરી, 'ભારતીય' નિયમો પ્રમાણે આમ રમી શકાય કહી ફાવતી ચાલો ઉપજાવી કાઢી, સામાને બેધ્યાન કરવાની પ્રયુક્તિઓ અજમાવી. એ બધું જોઈ શ્રીધરના નેત્રોમાં ફરીથી ઠંડી નફરત ઊતરી આવી. જો કે જીભ પર કોઈ વેણ એણે ઊતરવા દીધું નહીં. હવે એમનો દરેક બોલ, દરેક હાવભાવ એની ઘૃણામાં બળતણની જેમ હોમાયો.

તોયે તે દિવસની રાતે બાથરૂમ જવાને બહાને એ ચાર-પાંચ વાર ઊઠીને કમલકાંતની રૂમમાં જાણે કે સંભાળ-દ્રષ્ટિ નાખતો રહ્યો - રખેને એ નીચે પૂજાખંડમાં ગયા હોય. એને ખબર નહોતી કે શું હતું, પણ કશુંક એને આમ કરવા પ્રેરી રહ્યું હતું.

બીજે દિવસે કારનું ઇંસ્પેકશન કરાવવા શ્રીધર ચાલ્યો ગયો.

એણે કમલકાંતને પૂછેલું, 'તમારે મારી જોડે આવવું છે? બેએક કામ પતાવી હું તમને ઘનશ્યામને ત્યાં છોડી દઈશ, નહીં તો અહીં પાછા આવીશું,' પણ કમલકાંતે ના પાડી.

'ચાલોને! પછી હું તમારી જોડે ચેકર રમીશ,' શ્રીધરે કમલકાંતને મનપસંદ પ્રસ્તાવ મૂક્યો.

'ના, પછી રમીશું. મારે લોન્ડ્રિ કરવાની છે.'

શ્રીધરે ઘણો આગ્રહ કર્યો, જે એને માટે આશ્ચર્યજનક વર્તાવ હતો, પણ કમલકાંતે ના જ પાડી.

'ન જાણ્યું જાનકીનાથે સવારે શું ...' છેવટે એ ધીમેથી ગણગણ્યો.

'શું? એ વળી શું બક્યો?'

અને હવે મૂછમાં હાસ્ય લઈ શ્રીધર ચાલ્યો ગયો. કરવાનું એ કરી છૂટ્યો હતો. વાત હવે એના હાથમાં નહોતી. કમલકાંત એમની તુમાખીમાં, લોલુપ અપ્રામાણિકતામાં ડૂબ્યા રહે તો ડૂબ્યા રહે. લેક ડ્રાઇવ ઉપરથી કાર હંકારી જતાં સવાર એને દરરોજથી વધારે ઊજળી લાગી. શરીરમાં સ્ફૂર્તિ જણાઈ, મનમાં ઉત્સાહ. નભ ભૂરું અને સ્વચ્છ હતું; તળાવ ચમકીલું નીલ હતું, જેની સપાટી પરથી સરી જતો ખુશનુમા પવન તળાવને લહેરીઓનો રોમહર્ષ કરાવતો હતો. મનની સાથે સુલેહ કરનારા માણસની જેમ એણે શાંતિ અને શાતા અનુભવી. આશ્ચર્યની વાત એ હતી કે કમલકાંતને પોતાના મનમાંથી હટાવવામાં એ હવે સફળ થયો હતો.

કારના ઇંસ્પેકશનની લાઇન ધાર્યા કરતાં બહુ લાંબી નીકળી. રાહ જોતાં જોતાં એ વિચારે ચડ્યો. શું પેલી ઘટના આજે થશે? થઈ ગઈ હશે? સવાલના રહસ્યથી એનું મન ઉત્તેજિત થઈ ગયું. એ એકલો એકલો હસ્યો.

પડખેનું પ્રવેશદ્વાર ઉઘાડી ફ્લેટના દાદર પર પહેલું જ પગલું મૂક્યું ને એકાએક શ્રીધરે ધીમી આહ સાંભળી. એ ભોજનખંડ વટાવી કોરિડોરમાંથી પૂજાખંડ તરફ દોડ્યો. પૂજાખંડની ડાબી તરફની દીવાલે હનુમાનની મૂર્તિને પકડીને કમલકાંત ફસડાઈ ગયા હતા. થોડે દૂરની દાનપેટીનું ઢાંકણ મજાગરાંમાંથી છુટ્ટું થઈ જમીન પર પડેલું હતું. ઇમરજન્સી એક્ઝિટનું વગડા તરફનું બારણું, જે ગરમીમાં કમલકાંત ઉઘાડું રાખતા, તે એકદમ ખુલ્લું હતું. શ્રીધર સમજી ગયો કે આજે અહીં પૂજાખંડમાં શી બિના ઘટી હતી.

એણે તરત જ પાસે જઈ કમલકાંતને ટેકો આપી ખૂબ શ્રમથી દીવાલને આધારે બેસાડ્યા. શિથિલ કમલકાંતના વિપુલ દેહને ટેકવવાનું એને માટે સહેલું નહોતું.

'સાપ કરડી ગયો, શ્રી, બહુ વાર થઈ,' ધીરે ધીરે બોલતાં કમલકાંત કમજોર હાલતમાં પડી રહ્યા.

શ્રીધરે અનુમાન કર્યું કે ડંખની અસર શરૂ થયા પછી કમલકાંત બારણા તરફ જઈ રહ્યા હશે, કદાચ કોરિડોરમાં ફોન તરફ, પણ વચ્ચે ફસડાઈ ગયા હશે. એમની આંખો ડહોળાયેલી હતી, જે વારેવારે અડધી બંધ થઈ જતી હતી. દૃ દૃષ્ટિ ધૂંધળી થઈ ગયેલી લાગતી હતી. પેટ અમળાતું હતું જે એમણે એક હાથે દબાવી રાખ્યું હતું. બાઝેલો પરસેવો જોઈ શ્રીધરે પાસેની થાળી ઊંચકી પંખો નાખ્યો.

'હું... હું ફોન કરીને જલદીથી એમ્બ્યુલન્સ તેડાવું છું. ગભરાશો નહીં, સારું થઈ જશે,' કહી કોરિડોરમાં જઈ ઠંડા જકડાયેલા ધ્રૂજતા હાથે એણે મહાદેવીયાને ફોન જોડ્યો. એ ઘરે નહોતા, એમની પત્નીને બધી વાત જણાવી હોસ્પિટલની તજવીજ કરવા કહી એ ઝટ પાછો ફર્યો.

'હોસ્પિટલ પહોંચતામાં ... હું નહીં ટકું.' કમલકાંતને

શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી.

'ના, ના, કશું બોલો નહીં. આરામ લો. તમે સાજા થઈ જશો.'

શ્રીધરના કાન ચસકતા હતા, અંદર દૈત્યો નૃત્ય કરતા હોય તેમ દર્દના ઘાથી માથું તણાતું હતું. એણે મનોબળપૂર્વક ધ્રૂજતા અંગને કાબૂમાં લીધું.

અમુક સમય ચુપકીદી ફેલાઈ ગઈ. કમલકાંતમાં થોડીક સંજ્ઞા આવી હોય એવું જણાયું.

'તું સારો માણસ છે, શ્રી, ... પણ તું મારા હાથની ચા નથી પીતો.'

કંઈક ડૂસકા જેવું શ્રીધરના ગળામાંથી સરી ગયું. પછીની પળો કમલકાંતે આંખો બંધ કરી લીધી. શ્રીધરને થયું ફરી એ આંખો ખૂલશે કે નહીં. થોડીક મિનિટો આમ જ નીકળી ગઈ. કમલકાંતના સ્નાયુઓ પક્ષાઘાત થયો હોય તેમ જકડાતા હતા; શ્વાસ રૂંધાતો હતો. શ્રીધર એની બેબાકળી દશામાં જોઈ શક્યો કે કમલકાંતનો સૂરજ ડૂબી રહ્યો હતો.

આંખો ખોલીને કમલકાંતે એને પાસે આવવા ઈશારો કર્યો. એમના ફફડતા હોઠ પરથી સ્વર ઊડી જતો હતો. વાંકા વળી શ્રીધરે કાન પાસે ધર્યો. હોઠ પરથી નીકળતા એમના શબ્દો તળાવ પરથી સરી જતી હવા જેવા હતા.

'... મેં પેટીમાંથી ... સાપ નીકળ્યો... ખુલ્લે બારણેથી ઘાસમાં ...એક ...એક અકસ્માત, હં શ્રી... કુદરતનો ન્યાય?

કમલકાંત અટક્યા; એમના ઝાંખા પડેલા ચહેરા પર શ્યામ સ્મિતની રેખાઓ અંકાઈ. શ્રીધરે પોતાનો ધ્રૂજતો હાથ એમના માથા પર મૂકી ધીમેથી ગોળ ગોળ ફેરવ્યો. એની આંખો ભીની થઈ ગઈ હતી, હોઠ કાંપતા હતા.

મંદિરના સ્તબ્ધ વાતાવરણમાં એક ભયંકર ઘેરા નાદવાળો લાંબો લથડાતો શ્વાસ ખેંચીને પછી તરત જ કમલકાંત હનુમાનની મૂર્તિ નીચે ઢળી ગયા. કમલકાંત મૃત્યુ પામ્યા હતા.


શ્રીધર ઊઠ્યો. જાણે કે ઊંઘમાં ચાલતો હોય તેમ પૂજાખંડના બારણાંમાંથી પ્રેતની જેમ પસાર થઈ, કોરિડોરમાં આવી જમીન પર બેસી પડ્યો. કેટલો સમય એ આમ ખાલી થઈ ગયેલા કોથળાની જેમ નિશ્ચેતન બેસી રહ્યો હશે તે ખબર નથી, પણ એની તંદ્રા જ્યારે તૂટી ત્યારે સ્ટ્રેચર અંદર લાવી રહેલો એમ્બ્યુલન્સનો કર્મચારી એના ખભા પર હળવેથી હાથ મૂકીને પૂછી રહ્યો હતો.

'આર યુ ધ પેશન્ટ, સર?' **મ**

---


મમતા

વાર્તામાસિક



આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક

**મમતાનું વાર્ષિક લવાજમ**

**ભારતમાં રૂ. ૨૦૦ (૧૨ અંક)**

**Mamata Monthly, 977/2, Sector 7C, Opp. Pathika Bus Depot, Gandhinagar - 382007.**

**હવે પછી મનીઓર્ડરથી લવાજમ સ્વીકારાશે નહીં**

**લવાજમ સીધું બેન્કમાં ભરી શકાય છે. "Mamata Monthly" a/c no. 202020110000306 Bank of India, Gandhinagar 382 016 IFSC BKID 0002020 આ ફોર્મ ભરી મોકલવાનું સરનામું:**

'મમતા'નું વાર્ષિક (૧૨ અંક)નું લવાજમ રૂ. ૨૦૦/- ચેક/ડી.ડી નં. ______________ દ્વારા આ સાથે મોકલું છું / અથવા તા.______________ ના રોજ 'મમતા વાર્તામાસિક'ના ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે 'મમતા' મોકલશો.

ગ્રાહકનું નામ ______________

વ્યવસાય (સ્વૈચ્છિક) ______________

ફોન ______________ મોબાઈલ ______________

સરનામું ______________

______________

______________ પિન કોડ ______________


# પ્રવીણ શાસ્ત્રી


# એસ્કોર્ટ




*હાલ નિવૃત્ત આર એન્ડ ડી એનાલિસ્ટ. ૧૯૭૫માં પહેલી નવલિકા પ્રગટ થઈ. લગભગ આડત્રીસ વર્ષના લાંબા વિરામ પછી ૨૦૦૮માં નિવૃત્તિની પ્રવૃત્તિ તરીકે ફરી નવોદિત તરીકે વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. અમેરિકાના સામયિકોમાં નિયમિત વાર્તા પ્રગટ થાય છે. નવલકથા ‘શ્વેતા’ ૨૦૧૧માં પ્રકાશિત થઈ છે.*

***1+732 804 8045***
***shastripravinkant@yahoo.com***

મિથુન સાત નંબરના ટેબલ પાછળ અદબ વાળીને ઊભો હતો; પણ એની નજર તો ખૂણા પરના બાર નંબરના ટેબલ પર હતી. મિથુનની આ નવી નવી નોકરી હતી.

એચ વન વિઝા પર આવેલા મિથુનને સ્પોન્સર કરનારી કંપની બંધ થઈ ગઈ. મિથુન કમ્પ્યૂટર એન્જિનીયર હતો. બે વર્ષની બેકારી પછી શિકાગોથી ન્યૂ યોર્ક આવ્યો હતો. માંડ માંડ મેનહેટનની એક મોટી હોટેલમાં બુસ્સરની જોબ મળી હતી. એનું કામ ટેબલ સેટ કરવાનું, ગ્રાહકો માટે ખુરસી ખસેડી બેસાડવાનું, પાણી, બ્રેડ જેવી પ્રારંભિક વાનગી પીરસવાનું તેમજ ખાલી થયેલી ડિશો સાફ કરવા લઈ જવાનું હતું. કોઈવાર તે હોટેલના દરવાજા બહાર ઊભો રહેતો. કાર, ટેક્ષી કે લિમોઝિનના ડોર ખોલી ગ્રાહકોનું સ્વાગત કરતો.

આજે ખરેખર તો અગિયારથી વીસ નંબરના ટેબલ્સ મિથુને જ સંભાળવાના હતા પણ તેણે રતિને કોઈ વૃદ્ધ અમેરિકન સાથે આવીને બાર નંબરના ટેબલ પર બેસતાં જોઈ એટલે એણે ટોનીને કહ્યું ‘પ્લીઝ આજે હું તારા ટેબલ સંભાળીશ, તું મારા સંભાળ.’ પહેલા તો એના માનવામાં ન આવ્યું પણ કાન નીચે બોચી પરના મોટા લાલ તલે ખાત્રી કરાવી દીધી કે તે રતિ જ છે. કેટલાં લાંબા સમયે તેને જોઈ હતી!

એ ઈચ્છતો ન હતો કે રતિ એને આવી હલકી નોકરી કરતો જોવે. એક સમયે રતિ એની કોલેજકાળની ખાસ મિત્ર હતી. મિથુન મધ્યમ વર્ગનો પણ તેજસ્વી વિદ્યાર્થી



હતો. સ્કોલરશીપ મેળવીને ભણતો હતો. ઉપરાંત એ સારો ગાયક પણ હતો. મ્યુઝિકલ ગ્રુપ 'ઝંકાર' ચલાવતો હતો.

કોલેજમાં તે 'મુમકિમ' કહેવાતો. 'મુમકિમ' નામ પણ રતિએ જ આપ્યું હતું. એ જ્યારે ગાતો ત્યારે મુકેશ, મહમ્મદ રફી, કિશોરકુમાર અને મન્નાડે મિથુનના ગળામાં આવીને બેસી જતા. એટલે જ એ ચારે ગાયકોના નામના પ્રથમ અક્ષરના સંયોજન સ્વરૂપે 'મુમકિમ' તરીકે ઓળખાતો હતો.

રતિને ડાન્સનો પણ શોખ હતો. કોલેજમાં જ્યારે મિથુન ગાતો ત્યારે એ સ્ટેજ પર ચઢી જતી અને ગીતને અનુરૂપ ડાન્સ કરવા લાગી જતી. છોકરાઓ સીટી અને છોકરીઓ તાળીઓથી તેને વધાવી લેતી. ધીમે ધીમે રતિ, મિથુનના પ્રોગ્રામોનું અવિભાજ્ય અંગ બની ગઈ. રતિ 'ઝંકાર' ગ્રુપમાં જોડાઈ ગઈ.

મૈત્રી અને સાહચર્ય વધતું ગયું...

પ્રકૃતિ, શરદ ઋતુની માદક હવા અને ફ્લેટમાં રતિનાં વડીલોની ગેરહાજરીમાં સંગીતની સાથે સાથે રતિનાં શરીર પરના આવરણ ઊતરતાં ગયાં. એ મુક્ત મને નાચતી રહી. મદહોશ હતી. ક્યારે કંઠગાન બંધ થયું, કયારે દેહ ગાન શરૂ થયું, તન તરંગો વહેતા થયા, ક્યારે બે દેહ એક થઈ ગયા, મિથુનને ખબર ન હતી. મિથુન સમજે વિચારે તે પહેલા તે પકૃત્તિના પ્રવાહમાં ફંગોળાયો હતો. નિરંકુશ વહેવા માંડ્યો હતો.

બીજે દિવસે કોલેજ કાફેટેરિયામાં મિથુન અને રતિ બેઠાં હતાં.

"રતિ, આઈ એમ સોરી! જે થયું તે નહોતુ થવું જોઈતુ. આવતે વર્ષે કોલેજ પતે એટલે આપણે લગ્ન કરી લઈશું. આઈ લવ યુ."

"વ્હોટ, મેરેજ? ઓહ નો! ડોન્ટ બી સિલી! લવ, વ્હોટ લવ? વી આર જસ્ટ ફ્રેન્ડ્સ.

રતિનાં ન કલ્પેલા સ્વરૂપથી મિથુન ડઘાઈ ગયો. 'ચોરી ચોરી'ના ગીત પછી બંને રાજ-નરગીસની જેમ જુદાં પડ્યાં. અલબત્ત મિથુન, રાજ ન હતો કે રતિ, નરગીસ ન હતી. રાજ-નરગીસનાં પાશ્ચાત જીવન સાથે મિથુન-રતિનાં જીવનનું કોઈ સામ્ય ન હતું. મિથુનનું સંગીત વિલાઈ ગયું. તેના જીવનમાંથી રતિ અને સંગીતે વિદાય લીધી. રતિ, મિથુનનો ભૂલાયેલો ભૂતકાળ બની ગઈ હતી. એ પ્રોગ્રામ કેન્સલ કરી છેલ્લા વર્ષના અભ્યાસની તૈયારીમાં લાગી ગયો.

એક દિવસ એને ખબર મળ્યા કે રતિ, પંજાબી મ્યુઝિકલ ગ્રુપ સાથે કેનેડા ગઈ પણ ત્યાંથી ગ્રુપ સાથે પાછી ફરી નથી. બટ હુ કેર્સ?

આજે તે જ રતિ અહીં હોટેલ રેસ્ટોરન્ટમાં કોઈ અમેરિકન સાથે બેઠી હતી. મિથુનને મનમાં તો થયું કે, ગઈ ગુજરી ભૂલીને એની પાસે દોડી જાઉં. પણ ના, ના, મને ન ઓળખે તે જ સારું છે. બંનેનો જીવન-પ્રવાહ તદ્દન જુદી દિશામાં જ વહેતો હતો. ઓળખાણ તાજી કરવાનો હવે કંઈ અર્થ નથી.

પણ એવું ન બન્યું.

રતિએ મિથુનને એક જ નજરમાં ઓળખી કાઢ્યો હતો. એક વાર જોયા પછી મિથુન સામે બીજી વાર જોયું પણ ન હતું. ડિનર પછી એ ઘરડા અમેરિકન સાથે પાંચમા માળે આવેલા ૫૨૫ નંબરના રૂમ પર પહોંચી ગઈ હતી. એ ક્યારે બહાર ગઈ તે મિથુનને ખબર ન હતી.

શિફ્ટ પૂરી થતાં ટોનીએ તેને એક ચિઠ્ઠી આપી. જતાં જતાં મિથુન માટે રતિ ગુજરાતીમાં લખેલી નાની નોટ્સ ટોનીને આપી ગઈ હતી.

"મુમકિમ, હું કાલે સવારે દસ વાગ્યે તને લેવા આવીશ. તૈયાર રહેજે. - રતિ."

ટોનીએ મિથુનને પૂછ્યું પણ ખરું, 'તું મેડમ 'આર' ને ઓળખે છે? જાણે છે કે મેડમ 'આર' એસ્કોર્ટ સર્વિસ ચલાવે છે. તને ખબર છે એ હાઈપ્રાઈસ, હાઈપ્રોફાઈલ હુકર છે? હાવ ડુ યુ નો હર?'

મિથુન પ્રશ્નનો ઉત્તર વાળ્યા વગર એક લાઈનની ચિઠ્ઠી સામે તાકી રહ્યો.

રતિ, એક સમયની મિત્ર... જેની સાથે એક રાત્રીનો સંગ માણ્યો હતો અને લગ્ન કરવા તૈયાર થઈ ગયો હતો, તે રતિ! જેણે લગ્નનો પ્રસ્તાવ હસી કાઢ્યો હતો એ રતિ, આજે એસ્કોર્ટ? હાઈપ્રોફાઈલ હુકર? કોલ ગર્લ? એક્સપેન્સિવ પ્રોસ્ટિટ્યુટ?

મિથુન વિચારતો હતો. રતિ એને એક જ નજરમાં ઓળખી ગઈ હતી. આવતી કાલે લેવા, મળવા આવવાની હતી. ઓળખાણ તાજી કરવી કે ન કરવી? એને મળવું કે ન મળવું?

જ્યારે દૈહિક સંબંધ પછી પ્રેમ અને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે રતિએ તેને હસી કાઢ્યો હતો. વાસ્તવિકતા સમજી ગયો હતો. રતિ ઈઝ નોટ મેરેજ મટિરીયલ. છતાં એ હૃદયના કોઈક ખૂણામાંથી એને ઝંખતો હતો.

પણ કેમ? એની પ્રેમિકા તો હતી જ નહીં. એક સમયે મિત્ર હતી. હવે તે કોલ ગર્લ હતી. પરિચયના ઓઠા હેઠળ એની સાથે ફરીવાર દેહભોગની તો ઝંખના ન્હોતીને? હવે તે કોલેજમાં સ્ટુડન્ટ ન હતો. તે અમેરિકામાં હતો. ના... ના... ના... ના...

સવારે ટાઈ, સ્યૂટ પહેરીને હોટેલ પર પહોંચી ગયો. નોકરી છૂટ્યા પછી પહેલી વાર જ સ્યૂટ પહેર્યો હતો. એની ડ્યુટી સાંજે ચાર વાગ્યે શરૂ થતી હતી. તે નવ વાગે હોટેલમાં આવી રતિની રાહ જોતો હતો. રતિએ એને મિથુનમાંથી ફરી મુમકિમ બનાવ્યો. રતિએ એના સુષુપ્ત સંગીતને જાગૃત કર્યું.

મિથુન વિચારતો હતો કે જો રતિ હાલના માર્ગેથી પાછી ફરે

તો ફરીથી 'ઝંકાર'ને અમેરિકામાં જિવિત કરી શકાય. આજના પોપ કલ્ચરના નગારા, ઘોંઘાટિયા અને અર્થહીન બરાડાઓને બદલે સુજ્ઞ શ્રોતાઓને પચાસ અને સાંઠના દાયકાનું મધુર સુરીલું સંગીત આપી શકાય. હોટેલની જોબ સાથે બીજી આવક ઊભી કરી શકાય. જો રતિ સાથ આપે તો!

...અને રતિ આવી. બ્લેક ડિઝાઈનર પેન્ટ અને ટાઈટ ટી-શર્ટ. આંખો ડાર્ક ગોગલ્સથી ઢંકાયેલી હતી. એ રતિ જ હતી. પણ બોમ્બેની કોલેજની નહીં. તે ન્યૂ યોર્કની રતિ હતી.

આવતા જ તે મિથુનને વળગી પડી.

ગઈ કાલે મિથુન અદબ વાળીને ખૂણામાંથી રતિને જોતો હતો.

આજે ટોની અદબ વાળીને તે જ ખૂણા પરથી મિથુન અને મેડમ 'આર'નાં આલિંગનને જોતો હતો.

'લેટ્સ ગો મુમકિમ. બહાર ટેક્ષી વેઈટ થાય છે.'

...અને ત્રીસ મિનિટમાં મિથુન અને રતિ ટેક્ષીમાંથી અપર ઈસ્ટ સાઈડના લકઝરી એપાર્ટમેન્ટ બિલ્ડિંગ પાસે ઉતર્યા. રતિ, મિથુનને લઈને એના ભવ્ય વૈભવી એપાર્ટમેન્ટમાં દાખલ થઈ.

'મુમકિમ તું અમેરિકા ક્યારે આવ્યો?'

'મને આવ્યાને અઢી વર્ષ થઈ ગયા. છ મહિના શિકાગોમાં નોકરી કરી. કંપની બંધ થઈ ગઈ. બે વર્ષથી બેકાર છું. શિકાગોથી બે વિક પહેલા ન્યૂ યોર્ક આવ્યો. હોટેલમાં બસબોયની નોકરી મળી. થોડા પૈસા ભેગા થાય એટલે ઈન્ડિયા ચાલ્યા જવું છે. પણ તું મને તારી વાત કર. સાંભળ્યું હતું કે તું તો કોઈ મ્યુઝિકલ ગ્રુપ સાથે કેનેડા ગઈ હતી ને! અહીં અમેરિકામાં ક્યાંથી?'

મને આવ્યાને અઢી વર્ષ થઈ ગયા. છ મહિના શિકાગોમાં નોકરી કરી. કંપની બંધ થઈ ગઈ. બે વર્ષથી બેકાર છું. શિકાગોથી બે વિક પહેલા ન્યૂ યોર્ક આવ્યો. હોટેલમાં બસબોયની નોકરી મળી. થોડા પૈસા ભેગા થાય એટલે ઈન્ડિયા ચાલ્યા જવું છે.

મિથુને ટોની પાસે સાંભળેલી વાતનો ઉલ્લેખ ટાળ્યો પણ પૂછ્યું,

'તેં લગ્ન કરી લીધા? ગઈ કાલે તારી સાથે જે અમેરિકન હતા તે તારા હસબન્ડ છે?'

રતિ કોઈ નાદાન છોકરાની ગાંડીઘેલી વાત સાંભળતી હોય તેમ હસતી રહી. ડોકું ધુણાવ્યું,

'મુમકિમ, તું હજુ પણ એવો ને એવો જ રહ્યો. યુ સિલી દેશી બોય! ના, એ જાડિયો ડોસો મારો હસબન્ડ ન હતો, મારો ક્લાયન્ટ હતો, કસ્ટમર હતો. તું સમજી શકે તે ભાષામાં કહું તો તે મારો ઘરાક હતો. સમજાયું?

હસબન્ડ? મી એન્ડ મેરેજ? નો, આઈ એમ નોટ મેરિડ. જો મેરેજની જરૂર હોત તો તું કયાં ન્હોતો. મને ખબર હતી કે તું મને પ્રેમ કરતો હતો. પણ હું વૈભવ ઈચ્છતી હતી અને મેં મારી રીતે વૈભવ માણ્યો પણ છે.

કેનેડા આવવા માટે મેં એક પંજાબી મ્યુઝિકલ ગ્રુપને સાડા પાંચ લાખ આપ્યા હતા. કેનેડાથી અમેરિકા ઘૂસી આવવાનો રસ્તો મળ્યો. થોડો સમય એક ક્લબમાં વસ્ત્રો વગર ડાન્સ કર્યો. પછી એક એસ્કોર્ટ એજન્સીમાં કામ કર્યું. હવે એજન્સીમાં મારી પાર્ટનરશીપ છે. મુમકિમ તને મારા પ્રોફેશનની વાતો ન સમજાય.'

'ખરેખર મને કશું જ સમજાતું નથી. અને જે મને થોડું થોડું સમજાય છે, તે રૂચતું નથી. માનુ છું કે તું સુખી છે.'

'સુખી?'

'આ એપાર્ટમેન્ટમાં નજર નાંખ ચારે બાજુ સુખ છલકાય છેને? મેં જે માર્ગ અપનાવ્યો તે કોઈ લાચારીથી કે કોઈની બળજબરીથી નથી અપનાવ્યો. ભલે એ ખોટો હોય. આજે પણ એનો પસ્તાવો નથી. ઘણું ગુમાવ્યું છે, ઘણું મેળવ્યું છે. હવે હું ધરાઈ ગઈ છું. સંતૃપ્ત છું. જો તારો સાથ મળે તો જીવનને બીજો વળાંક આપવો છે. રખે માનતો કે એમાં કોઈ પસ્તાવો છે.'

''એક સીધો સવાલ, શું મારી સાથે લગ્નની ઈચ્છા જાગૃત થઈ છે?''

'લગ્ન? પાછો ગાંડો થયો? મારે બંધાવું પણ નથી. હું ઈચ્છું છું તારી સાથેની સમજપૂર્વકની નિખાલસ મૈત્રી. મારે એક ખભો જોઈએ છે... કોઈક વાર રડવું પડે તો રડવા માટે.'

'અને પસ્તાવો?'

'પહેલા ન હતો. હવે થોડી અનુભૂતિનો સંકેત મળે છે, તને મળ્યા પછી. એક વાત કહું?'' રતિએ સ્કોચનો એક પેગ લીધો. કપાળ પરનો આછો પરસેવો લૂછાઈ ગયો...

મેં એક બાળક ગુમાવ્યું હતું... બાળક, માત્ર મારું જ નહીં, તારું પણ... આપણું બાળક... એબોર્શન કરાવ્યું હતું.

હું તારી ગુનેગાર છું. હવે તારી સાથે લગ્ન કરી તને અભડાવવા નથી માંગતી. આપણે મિત્ર બની રહીશું. પાડોશી બની રહીશું. બાજુનું એપાર્ટમેન્ટ ખાલી જ છે, મારું જ છે. હું તને આર્થિક મદદ કરતી રહીશ. તને જે યોગ્ય લાગે તે નોકરી

કે ધંધો કરજે. મનગમતી છોકરી સાથે લગ્ન કરી લેજે. તારા લગ્નમાં હું નાચીશ. મન મુકીને નાચીશ. ઓફ કોર્સ વિથ ફુલ્લ ડ્રેસ. તું તારી રીતનું સુખી જીવન માણજે. તું ગાતો રહેજે. પાડોશમાંથી દીવાલે કાન માંડીને હું સાંભળતી રહીશ. મેં તો ઈન્ડિયાથી નીકળતા પહેલા જ હિસ્ટરોકટમી કરાવી લીધી હતી. હું તારા બાળકોને રમાડીશ અને ઉછેરીશ. આપણે માત્ર મિત્ર બની રહીશું.

બસ એક ઈચ્છા છે. એક રવિવારે તું મારી સાથે મંદિરે આવશે? પાંચ મિનિટ માટે તારો ખભો રડવા માટે મળશે? ભૌતિક સુખ મન મુકીને માણ્યું છે. હવે નવી દિશાનું સુખ માણવું છે.'

મિથુન પોતાના બાળકના એબોર્શનની વાતથી હચમચી ગયો. મિથુનને રતિ સમજાતી ન હતી. એ કન્ફ્યુઝ્ડ હતો.

શું રતિનાં અહમથી નકારાતો પશ્ચાત્તાપ, બહાર નીકળવા છીંડા શોધતો હતો?

હવે સ્વસ્થ રહેવાની નિષ્ફળ કોશિશ કરતી રતિની આંખોમાં સમુદ્ર છલકાતો હતો.

'પ્લીઝ ફરગીવ મી. આઈ નીડ યુ ફોર માય ન્યૂ લાઈફ. વિલ યુ બી માઈ એસ્કોર્ટ?'

આજે રવિવાર જ હતો.

મિથુને જોબ પરથી ડે ઓફ લઈ લીધો.

તે સાંજે મિથુન રતિનો એસ્કોર્ટ હતો.

તે સાંજે સરદારજીની ટેક્ષી મિથુન અને રતિને લઈને મંદિર તરફ સરકતી હતી. રતિએ લાલ સાડી પહેરી હતી. કપાળ પર કુમકુમનો ચાંદલો હસતો હતો. રતિનું માથું મિથુનના ખભા પર ઢળેલું હતું. સરદારજીની ટેક્ષીના સીડી પ્લેયરમાંથી ગીત વહેતું હતું...

*એક પ્યાર કા નગ્મા હે,*
*મોજો કી રવાની હે,*
*જિંદગી ઓર કુછ ભી નહિ,*
*તેરી મેરી કહાની હે.*

જિંદગી...

વિચિત્ર અને સમજી ન શકાય, માત્ર માણી શકાય એવી જિંદગી. **મ**






# ભદ્રા વડગામા

# એક અદ્ભુત ભેટ




પૂર્વ આફ્રિકાના ઝાંઝીબાર ટાપુમાં મુસ્લિમ સલ્તનત, બ્રિટિશ શાસન અને હિન્દુ સંસ્કૃતિના મળતાવડા વાતાવરણ વચ્ચે ઊછરી ભદ્રા વડગામાએ કંપાલામાં બીએની ડીગ્રી મેળવી, નવેક વર્ષ શિક્ષિકા રહ્યા બાદ તે ૧૯૬૩માં બ્રિટન આવી વસ્યાં. અહીં તેમણે લઘુમતી પ્રજા માટે એક અનોખી લાઈબ્રેરી સેવા શરૂ કરી તે ક્ષેત્રમાં ૨૩ વર્ષ કામ કર્યું અને એવોર્ડ પણ મેળવ્યો.

**bhadra.v@btinternet.com**




કેટલાય દિવસોથી દરરોજ સવારે ઊલટી જેવું થતું હતું. ''હું પ્રેગ્નન્ટ હોઇશ?'' વિચાર માત્રથી તે ખળભળી ઊઠી. ''મા શું કહેશે? અને પપ્પા તો મારું મોઢું પણ ફરી નહીં જુએ.''

ઓફિસે જવાનો સમય થવા આવ્યો હતો એટલે વધુ વિચાર કરવાનો સમય નહોતો. દિવસભર કામમાં રત રહી સાંજે ઘેર જતાં શંકા આશંકાથી વલોવાતાં મને તે એક ફાર્મસીમાં દાખલ થઇ. ભાવવિહીન ચહેરે એણે પ્રેગ્નન્સી ટેસ્ટ કિટના પૈસા ચૂકવ્યા.

''અત્યારે ખૂબ થાકી છું. કાલે ટેસ્ટ કરીશ'' તેના જીવનની એક આકરી પળનો સામનો કરવામાં બને તેટલી ઢીલ થાય તેવી આછીઆછી લાગણી સાથે તેણે ટેસ્ટ કરવાનું ટાળ્યું. બીજે દિવસે કાંપતા હાથે તેણે ટેસ્ટની પ્રક્રિયા પતાવી. થોડીવારે પોઝિટિવ રિઝલ્ટ જોતાં ઊંચા શિખરની ટોચ પરથી નીચે ઊંડી ખાઇમાં કોઇએ ધક્કો મારી પાડી હોય તેવો ગભરાટ તેના અંગેઅંગમાં વ્યાપી ગયો.

કેવી રીતે બન્યું આ?... આઠેક અઠવાડિયાં પહેલાનો પ્રસંગ યાદ આવ્યો.

એક ઓસ્ટ્રેલિયન મીડિયા ટીમ દ્વારા તૈયારી થતી એક ટૂંકી ફિલ્મમાં તેને કામ મળ્યું હતું. છેલ્લા દિવસે શૂટિંગ પૂરું થયા પછી આખી ટીમ પબમાં જઇ પીવા બેઠી હતી ત્યારે એ કેમેરામેન જહોન જોડે વાતોએ ચડી હતી. ત્યાર પછી તેને કશું સ્પષ્ટ યાદ નહોતું પણ સવારે ઊઠી ત્યારે તે જહોનના હોટેલરૂમમાં હતી. જહોન તો વહેલો ઊઠી ઓસ્ટ્રેલિયાની ફલાઇટ પકડવા એરપોર્ટ પર જવા નીકળી ગયો હતો. એક ચિઠ્ઠી મૂકી ગયો હતો.

''ગઇ રાત માટે ખૂબ આભાર. મૈત્રી જાળવવી હોય તો...'' મોબાઇલ નંબર અને ઈમેઇલ એડ્રેસ તેમાં લખ્યાં હતાં.

'ગઇ રાત?' તેણે જહોન સાથે વિતાવેલી પળો યાદ કરી. 'હા, સુંદર હતી, ખૂબ જ, પણ... શરાબના નશા હેઠળ?' તે કમકમી ગઇ.

લીના ગુજરાતી માતાપિતાની પુત્રી હોવા છતાં તેના ઘણાં સંસ્કાર બિલકુલ પાશ્ચાત્ય હતા. કેઝ્યૂલ સેક્સની તેના માટે કોઇ નવાઇ નહોતી, પણ તે અમર્યાદિત સેક્સમાં લપેટાઇ નહોતી. શરીર સંબંધમાં એ ખૂબ સાવચેતી રાખતી હોવા છતાં આવી પડેલી આ સ્થિતિને પ્રભુની બક્ષિસ માની સ્વીકારી લેવી કે પછી ગર્ભપાત કરાવવો એની દ્વિધામાં તે અટવાતી રહી, પણ કામના બોજ હેઠળ સમયસર નિર્ણય ન લેવાયો.

ત્યાં એક દિવસ તેના ગર્ભમાંનાં બાળકનો સળવળાટ તેણે અનુભવ્યો. અહાહા! કેટલી સુખદ અનુભૂતિ હતી એ! તે જ ક્ષણે નક્કી કર્યું કે ગર્ભપાત નથી કરાવવો. આમેય કોઇ ખાસ પુરુષ તેના જીવનમાં આવ્યો નહોતો, અને થોડા દિવસોથી ચાલતા મનોમંથનને અંતે એક વાત મનમાં ઠસતી ગઇ કે તેને મા તો બનવું જ હતું, એટલે તેણે આ અકસ્માતને ઈશ્વરની કૃપા સમજી બાળકને જન્મ આપવાનો નિર્ણય કર્યો.

હવે, મા અને પપ્પાને જણાવવું શી રીતે? લીનાના માતાપિતા બ્રિટન આવી

સ્કોટલેન્ડના એક નાના ગામમાં વર્ષોથી સ્થાયી થયાં હતાં. બિનગોરું કોઇ કુટુંબ ત્યાં ન હોવાથી લીના પૂરેપૂરી સ્કોટીશ સંસ્કૃતિમાં વણાઇને મોટી થઇ હતી. હા, ઘરમાં મા પાસેથી રામાયણ મહાભારતની વાતો સાંભળી હતી ખરી અને ગુજરાતી સંસ્કારો પણ માએ તેને આપ્યા હતા, તેને કુંતીની વાત યાદ આવી ગઇ. એ પણ એક કુંવારી માતા જ હતીને?

મા તો કદાચ સમજશે, પણ પપ્પા? પપ્પાને તે કદી સમજી શકી નહોતી કે ન કદી રાજી કરી શકી હતી. તે ડોક્ટર બને તેવી પપ્પાની ઇચ્છા વિરુદ્ધ જઇને, તેમની સાથે લડી-ઝગડીને તેના મનગમતા વિષયો મીડિયા અને ડ્રામામાં ડિગ્રી લીધી. નોકરી પણ પપ્પાની સામે થઇ લંડનમાં લીધી. આમ પુખ્ત વયની થતાં લીના એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે જ જીવી હતી એટલે ઘેર જવાનું ભાગ્યે જ થતું.

એક સાંજે એણે માને ફોન કર્યો.

''મા, લીના બોલું છું.''

''બોલ બેટા, કેમ છો?''

''મજામાં,'' કહ્યા પછી જરા વાર રહીને અચકાતાં અચકાતાં તેણે ઉમેર્યું, ''મા, મને વાત કરવી છે તારાથી... સમથિંગ ઇમ્પોર્ટન્ટ.''

''શું છે, તને કશું થયું તો નથીને?''

''ના મા, હું પ્રેગ્નન્ટ છું.'' કહેવામાં ફરી ઢીલ ન થાય તે માટે લીનાએ શબ્દો ઓકી નાખ્યા.

એક ક્ષણ ન તો મા કશું બોલી, ન તો લીના.

''મા, તે સાંભળ્યું મેં શું કહ્યું?

હા, કેટલો ટાઇમ થયો બેટા?''

''ફાઇવ મન્થ્સ.''

''એબોર્શન કરવાનો વિચાર નહોતો કર્યો?''

''મા, કરેલો પણ મારે એક મા બનવું છે, તારી જેમ. મને મારું પોતાનું બાળક જોઇએ છે. તું સમજે છે ને?

''ફાધર કોણ છે?''

''મા, એ મહત્ત્વનું નથી. તેને હું મારી જિંદગીમાં ઇન્વોલ્વ કરવા નથી માગતી.''


ફરી મા વિચારતી હોય તેવું લીનાને લાગ્યું.

''વિલ યુ ટેલ પપ્પા, મા?''

''હું કહીશ જ, પણ તેમનું રિએકશન કેવું હશે તે કહી શક્તી નથી.''

''આઇ લીવ ધેટ ટુ યુ, મા! હું પછી ફોન કરીશ, મારે નીકળવું પડશે. બાય મા.'' કહીને લીનાએ ફોન મૂકી દીધો.

મા સાથેની વાતચીત પછી હવે લીના બીજી દ્વિધામાં પડી ગઇ. જહોનને જણાવવું કે નહીં? તે જહોનને પિતા તરીકેની



બધી જવાબદારીમાંથી મુક્ત રાખવા માગતી હતી એટલે ન કહે તોયે કશો ફેર પડવાનો નહોતો. પણ પોતાના પેટ પર હાથ ફેરવતાં એ તેનાં ગર્ભને ઉદ્દેશીને જાણે કહી રહી હોય, તેમ તે વિચારી રહી. 'એક દિવસ તું જરૂર તારા પિતાને જાણવા માગીશ.' તેના ઉદરમાં પાંગરતા એ જીવની સંવેદના એ જાણે અત્યારથી જ સમજતી હોય તેમ તેણે જહોનને જણાવવાનો નિર્ણય લીધો.

ઈમેઈલ કરતાં આવી વાત મોઢામોઢ કહેવી સારી. એનો પ્રતિભાવ તો જાણી શકાશે.

''જહોન, ઇટ્સ લીના ફ્રોમ લંડન.''

''હુ?'' જહોન કહ્યું તો ખરું, પણ પછી તરત જ ઉમેર્યું, ''ઓહ લીના, હાવ આર યુ? વ્હોટ એ પ્લેઝન્ટ સરપ્રાઇઝ!''

''તો હું તને યાદ છું ખરી''

''બટ ઓફ કોર્સ, આપણે એક રાત સાથે ગાળી તે હું કેમ ભૂલી જઉં?

એટલેજસ્તો તને ફોન કરું છું. આઇ એમ પ્રેગ્નન્ટ વિથ યોર ચાઇલ્ડ.''

''આર યુ સ્યોર?''

''આઇ એમ પોઝિટિવ.''

''વાઉ! શું ખરેખર હું પિતા બનવાનો છું? ઓહ લીના, આઇ કાન્ટ ટેલ યુ હાવ એક્સાઇટેડ આઇ એમ!''

''હેન્ગ ઓન, જહોન. હું નથી ઇચ્છતી કે તું અમારા જીવનનો હિસ્સો બને.''

''ધેટ્સ નોટ ફેર, લીના''

''આમેય તું રહે છે ઓસ્ટ્રેલિયામાં એન હું ઇંગ્લેન્ડમાં.''

''ધેટ્સ નોટ અ પ્રોબ્લેમ. જે માને તે, મારા નસીબ કે પ્રભુની ઇચ્છા. થોડા જ સમયમાં કામ માટે મારે ઇંગ્લેન્ડ આવવાનું થશે.''

''તો તો પછી તું આવીશ ત્યારે જ આપણે વધુ વાત કરીશું. ગિવ મી અ કોલ. યુ હેવ માઇ ડિટેઇલ્સ.''

''સ્યોર આઇ ડુ. ડુ ટેઇક કેર.''

હવે લીનાની દ્વિધા ઓર વધી ગઇ. જહોન અહીં હશે તો એ તેના બાળકના ઉછેરમાં હિસ્સો લેવાની આશા રાખશે જ. ચાલો, પડશે તેવા દેવાશે, એ વિચારથી લીના પોતાના કામમાં પરોવાઇ ગઇ. લીના એક મીડિયા કમ્પનીમાં પીઆર એન્ડ માર્કેટીંગ મેનેજર હતી. પગાર સારો હતો અને અવારનવાર એડવર્ટાઇઝમેન્ટ કે ડોક્યૂમેન્ટરી ફિલ્મોમાં તેને નાના મોટા રોલ પણ મળી રહેતા એટલે પૈસેટકે તે સુખી હતી.

લીનાએ એક સારા વિસ્તારમાં ત્રણ બેડરૂમનો ફ્લેટ ખરીદી લીધો. થોડા વખત પહેલાં જ એનો સ્કૂલનો મિત્ર પીટર લંડન આવ્યો હતો અને રહેવા માટે જગ્યા શોધી રહ્યો હતો. એ ઉમદા મનુષ્ય હતો. એની જોડે રહેવામાં કોઇ જાતીય આકર્ષણ નડવાનું ન હતું કેમકે પીટર ગે હતો.

ફોનની ઘંટડી વાગી.

''હાય લીના, ઇટ્સ જહોન. આઇ એમ ઇન લંડન, આપણે વેસ્ટમિન્સ્ટરમાં આવેલી સિનેમન કલબમાં શનિવારે એક વાગે લન્ચ માટે મળી શકીએ?'' જહોન કશીય ઔપચારિક પ્રસ્તાવના વિના સપાટ અવાજે ભાવ વિના બોલતો હતો, એથી લીનાએ તેમાં બાળઉછેરમાં સહિયારા બનવા વિશે જહોને વિચાર બદલ્યો હોય તેવી સંજ્ઞા વાંચી એક પ્રકારનો હાશકારો અનુભવ્યો. સિનેમન ક્લબ લંડનનું 'એક્સક્લુઝિવ' રેસ્ટોરેન્ટ છે, જેમાં 'ઇન્ટિમેટ' ભોજન માટે સારી સુવિધા હોય છે.

તે બરાબર એક વાગ્યે સિનેમન ક્લબમાં દાખલ થઇ કે લોબીમાં તેની રાહ જોતો જહોન દેખાયો. હાથ મિલાવવાને બદલે ભેટ્યો. જો કે એ પ્રેમીઓનું આલિંગન નહોતું, તેમાં મૈત્રીભાવ જ વહેતો હતો પણ એ બંને વચ્ચે રહેલી અનિશ્ચતાની ભાવનાને નાબૂદ કરવામાં સફળ રહ્યો.

''ઇટ્સ ગુડ ટુ સી યુ લીના! પ્રેગ્નન્સી સૂટ્સ યુ!''

''આઇ વિશ હું પણ એમ કહી શકતી હોત. ટુ બી ઇન માય જોબ એન્ડ પ્રેગ્નન્ટ ઇઝ નો જોક.''

આમ હસતાંહસતાં બન્નેએ સુંદર વાનગીઓને ન્યાય આપતાં ખૂબ વાતો કરી. જહોનના કામની, ઓસ્ટ્રેલિયાના તેના કુટુંબની અને લીનાના કામ વગેરેની. જહોનનો સરળ સ્વભાવ લીનાને સ્પર્શી ગયો અને તે લીનાની મરજી વિરુદ્ધ નહીં વર્તે તેવું તેને લાગ્યું. હવે બંને મુદ્દાની વાત પર આવ્યાં.

''સો વ્હોટ હેવ યુ ડિસાઇડેડ?''

''લીના, હું તારા મંતવ્યની કદર કરું છું પણ શક્ય હોય ત્યારે મારા બાળકને મળવા દઇશ તો મને ગમશે.

''સ્યોર જહોન, ઘણો વિચાર કર્યા બાદ મને પણ લાગે છે કે તારે તારા બાળક જોડે સંબંધ બાંધવો જોઇએ.''

''તેના ઉછેરના ખર્ચ માટે હું કંઇ આપી શકું?''

''ના જહોન, તેવી જરૂર નથી. આઇ કેન મેનેજ.''

''છતાયે વિચાર બદલે તો જણાવજે... લીના, હું જન્મ વખતે તારી સાથે ન રહી શકું?''

''નો જહોન, પ્લીઝ.''

''ખેર! આમેય મારે મહિના દિવસમાં પાછું જવાનું છે.''

લીનાથી અનાયાસે સંતોષનો એક શ્વાસ લેવાઇ ગયો.

સમય અનુસાર લીનાએ એક સુંદર બાળકને જન્મ આપ્યો. એ ભગવાન કૃષ્ણ જેવા દેખાતા પુત્રનું નામ પાડ્યું - કેશવ.

જન્મ વખતે લીનાનાં મા હાજર હતાં, પણ કુંવારી પુત્રી માતા બને એ તેના પપ્પાથી સહન થાય તેમ ન હોવાથી તે કેશવને જોવા પણ આવ્યા નહીં. લીનાએ મા જોડે આ ડંખનો

ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે ''મા, આઇ હેવ નેવર મેનેજડ ટુ મેઇડ પપ્પા હેપી. એમને દીકરો જોઇતો હતોને? પણ... મારા જન્મ પછી તમને... યુ કુડન્ટ હેવ અનધર ચાઇલ્ડ.''

''હા, તેમાંય તારા પપ્પાને તારો વાંક દેખાયેલો પણ તોય લીના, તું તો જાણે જ છે કે તેમણે તારા ઉછેરમાં ક્યારેય કોઇ કમી નથી રાખી. તને ખૂબ વ્હાલ આપ્યું છે.''

''આઇ નો મા, પણ એમનું આ બિહેવિયર મને સમજાતું નથી.''

''બેટા એ વિરોધાભાસ એમનામાં ઘણો ઊંડો ઉતરી ગયો છે. તારા પપ્પામાં જીવન જીવવાનો થનગનાટ ક્યાંય દેખાતો જ નથી.

''મા, આઇ ફીલ સોરી ફોર પપ્પા!''

''લીના, તો પછી કેશવને એના પિતાનો સંપૂર્ણ પ્યાર મળે એમ તું નથી ઇચ્છતી?''

''હાસ્તો વળી.''

''તો પછી જહોન સાથે લગ્ન કરી લેને?''

''ના મા, હું એને એવો લવ નથી કરતી.''

લીનાના સ્વતંત્ર મિજાજથી વાકેફ માએ તે વાત ફરી કદી ન ઉચ્ચારી. પોતાના પપ્પા સાથેના સંબંધ જેવી પરિસ્થિતિ જહોન અને કેશવ વચ્ચે ઊભી ન થાય તે માટે અવારનવાર ઇન્ટરનેટ દ્વારા કેશવની પ્રગતિ લીના જહોનને દેખાડતી રહી. કેશવ પણ જહોનને ડેડી તરીકે ઓળખતો થયો.

ત્રણેક વર્ષ પછી જહોનને ફરી ઇંગ્લેન્ડ આવવાનું નક્કી થયું, આ સમાચાર સાંભળી કેશવ આખરે તેના પિતાને રૂબરૂ મળી શકશે તેથી લીના ખુશ થતી હતી.

એક દિવસ જહોન લીનાને ત્યાં આવી પહોંચ્યો.

જહોન દિવાનખાનામાં દાખલ થયો અને કેશવ તેને જોતાં જ 'ડેડી' કહેતો દોડીને વળગી પડ્યો. જહોન માટે એ એક અલૌકિક ક્ષણ હતી. લીના આ મિલનને જોતી મરકમરક હસતી કેશવના રૂપમાં પામેલી આ અદ્ભુત ભેટ માટે ધન્યતા અનુભવી રહી. પિતાપુત્ર વચ્ચે એક ગાઢ સંબંધ બંધાતો ગયો. જહોન વારંવાર કેશવને રમાડવા લીનાને ત્યાં આવતો થયો હોવા છતાંય લીનાને જહોન પ્રત્યે જાતીય આકર્ષણ ક્યારેય ન થયું. તે પિતાપુત્રની નીકટતાથી ખૂબ ખુશ હતી. 'મારા પપ્પા શું મારી જોડે આ રીતે રમ્યા હશે?' યાદ નહોતું આવતું. પણ હકીકત એ હતી કે તેના પપ્પાએ ક્યારેય ન તો લંડન આવીને કે ન તો ફોન કરીને પણ કેશવ વિશે કંઇ પૂછ્યું હોય. આમ છતાં તે હંમેશ કેશવને તેના દાદા-દાદીનો ફોટો દેખાડતી.

આખરે એક દિવસ તેણે આ મનોવ્યથાનો અંત આણવા કેશવને લઇ સ્કોટલેન્ડ જવાનો નિર્ણય કર્યો. માને કહેવું કે નહીં એ વિમાસણમાં થોડા દિવસો તે પોતાની જાત સાથે લડતી રહી. થયું, માને કહીશ તો કદાચ મને ના પાડશે; પપ્પા વિફરશે તો શું કરીશ? મારાથી તેમનો જાકારો સહન થશે? અને છેવટે નક્કી કર્યું કે એકવાર તો કેશવને પપ્પા પાસે લઇ જ જવો. પીટર સાથે હોવાથી તેને થોડી રાહત હતી.

ધ્રૂજતા હાથે લીનાએ દરવાજાની ઘંટી વગાડી, માએ દરવાજો ખોલ્યો અને બોલી ઊઠી, ''અરે, લીના તું? આમ અચાનક?''

''ચૂ...પ. મા!''

પપ્પા દિવાનખાનામાં ટીવી જોતા બેઠા હતા. કેશવને પીટર પાસેથી લઇ લીના પપ્પાની ખુરશી પાસે જઇ ઊભી રહી. ચમકીને પપ્પાએ ઉપર જોયું, ત્યાં તો લીનાએ તેમના ખોળામાં કેશવને બેસાડતાં કહ્યું,

''પપ્પા, હું તો તમારો દીકરો ન બની શકી, બટ આઇ હોપ કેશવ એ ખોટ પૂરી પાડે.''

એક ક્ષણ ગુમસુમ બની ગયેલા પપ્પાએ કેશવને ખોળામાંથી હેઠો મૂકી લીના સામે એકધારું જોતા પાછલા પગે ખસી અંદરના રૂમમાં જઇ બારણું વાસી દીધું.

પપ્પાનું આવું વર્તન, લીના, મા અને પીટર અવાક્ બની જોઇ રહ્યાં. બારણું બંધ થવાના અવાજથી ઓજપાઇ ગયેલો કેશવ પોતાની કાલીકાલી ભાષામાં બોલી ઊઠ્યો,

''મમી વાય, ઇસ દાદા સો એન્ગ્રી? આઇ લવ દાદા! દાદા ઓપન ધ ડોર...'' કહેતો એ બારણું જોરથી ખખડાવવા લાગ્યો. બે ઘડી પીટર, મા અને લીના પપ્પા શું કરશે તેની કલ્પના કરતાં કાંપતાં જોઇ રહ્યાં પણ પપ્પાએ બારણું ખોલ્યું જ નહિ. પપ્પા રાત્રે જમવા પણ ન આવ્યા. ખબર નહિ બંધ દરવાજા પાછળના અંધારામાં એ શું કરતા હશે? લીના આખો દિવસ બેચેન રહી. સતત એક જ મૂંઝારો. કેમ પપ્પા આવું કરતા હશે? આટલો બધો ગુસ્સો? આટલી નફરત?

મોડી સાંજે સહસા ખ્યાલ આવ્યો કે દિવાનખાનામાં અજવાળું છે. એ ઊઠીને બહાર આવી. નાઇટલેમ્પના ઝાંખા અજવાળામાં પપ્પા દીવાલ પર લટકતા એના ફોટા સામે તાકી રહ્યા હતા. એ પપ્પાની નજીક આવી. સ્નેહ ધીમા અવાજે બોલી, ''પપ્પા''. એમણે ચમકીને જોયું એમનો સાવ પીગળતો જતો ચહેરો, વહેતી આંખો અને ગળામાં રુંધાઇ ગયેલું ડૂસકું, એ પળે સઘળું પમાતું જતું હોય એમ એ એમને વળગી પડી. ક્યારે આંસુનો બંધ તૂટી પડ્યો ને ક્યારે ઓગળતો જતો ડૂમો આખા ઘરને ઘેરી વળ્યો સરત ન રહી.

બાપ-દીકરીને આમ એકમેકને વળગી હીબકેહીબકે રડતાં જોઇ હકાબકા થઇ ગયેલો કેશવ 'મમી વાય ઇઝ દાદા ક્રાયીંગ? દાદા ડોન્ટ ક્રાય' પપ્પાએ હાથ લંબાવી એને પડખે લીધો ને બંને માટે એક અલૌકિક દશ્ય બની રહ્યું **મ**


# ધીરુભાઈ શાહ

# ત્રણ લઘુ વાર્તા



ધીરુભાઈ ૯૧ વર્ષે પણ હજી સામાજિક વિષયો પ્રત્યે જાગ્રત છે. અહીં મૂકેલાં ત્રણ વક્તવ્યો કદાચ વાર્તા જેવી વાર્તા નથી. પણ દાદાજીની ગદ્યશૈલીના આસ્વાદ માટે પ્રસ્તુત છે. એમના શબ્દોમાં: મારાં લખાણોમાં
સમાજ અને વૃદ્ધોની સમસ્યાઓ છે. ટૂંકમાં જીવનમાં જે કાંઈ જોયું, જાણ્યું, વાંચ્યું અને વિચાર્યું, તે બધાંનો નિચોડ શબ્દરૂપે રજૂ કરી, વાંચક વર્ગ સમક્ષ મૂકવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

**46 Greensward Ln.**
**Sugar Land, TX 77479**
**(U.S.A.)**
**Ph. (281) 242 8454**



## ઇસાબેલા

ઇસાબેલાનો જન્મ ૧૯૭૯માં અમેરિકાના ન્યૂ યોર્ક સ્ટેટમાં એક ગુલામ કુટુંબમાં થયો હતો. તે નવ વરસની થઈ ત્યારે તેના માલિકે તેને બીજા અમેરિકન કુટુંબને વેચી નાખી. તેના નવા માલિકના ઘરના લોકો તેને વારંવાર મારતા, રંજાડતા અને સવારથી સાંજ સુધી ગજા ઉપરાંત કામ કરાવતા. ગુલામોને સ્વતંત્ર કરવાનો કાયદો આવતાં તે ૧૮૨૬માં સ્વતંત્ર થઈ.

સ્વતંત્ર થયા પછી તે ન્યૂ યોર્ક સિટીમાં કાળાઓના ચર્ચમાં પ્રવચનો આપવા લાગી. તે જમાનામાં કોઈ સ્ત્રી પ્રવચનો આપે તો અજુગતું ગણાતું હતું. જ્યારે તે ૪૬ વરસની થઈ ત્યારે તેને લાગ્યું કે પ્રભુની ઈચ્છા છે કે અમેરિકા દેશમાં ફરીને ગુલામોને થતા અન્યાયો સામે અને ગુલામોની આર્થિક અને સામાજિક સ્થિતિ વિશે સત્ય બહાર લાવવું અને જાહેર કરવું. તેથી તેણે ઠેર ઠેર ઘૂમીને ગુલામોનાં દૂષણો વિશે લોકોને વાતો કરવા માંડી અને ભાષણો આપવા માંડ્યા. તેણે પોતાનું નામ ઈસાબેલા બદલીને 'સોજર્નર ટ્રૂથ' અર્થાત્ 'સત્યની યાત્રી' રાખ્યું.

એ જમાનામાં એક સ્ત્રી અને તેમાંય કાળાઓના કુટુંબની સ્ત્રી, જાહેરમાં કાળાઓને થતા જુલમ અને અન્યાય સામે બોલે, એટલે ગોરાઓ રોષે ભરાતા અને તેને પજવતા તેમજ ધમકીઓ આપતા. છતાં તેણે ડર્યા વિના ગામેગામ ફરીને, પોતાનું પ્રચારકાર્ય ચાલુ રાખ્યું હતું.

ગુલામોને સ્વતંત્ર કરવાનો કાયદો આવતાં ગુલામોને સ્વતંત્ર કરવામાં આવ્યા, પરંતુ તેમણે ક્યાં જઈને રહેવું? ઘણી વાર સ્વતંત્ર થયેલા ગુલામોને હેરાન કરવા માટે તેમનાં છોકરાંઓને ઉપાડી જવામાં આવતાં, અને જો કોઈ મા-બાપ સરકારમાં ફરિયાદ કરે તો તે માબાપને જેલમાં પૂરવામાં આવતાં.

આ સામે તેણે સખત લડત આપી અને સફળતા મેળવી. ઉપરાંત દરેક ગુલામને તેમની આજીવિકા માટે ૪૦ એકર જમીન અને એક ખચ્ચર આપવાની સરકારને ફરજ પાડી.

તે એક પ્રખર વક્તા હતી. તેના શબ્દોમાં વિનોદ હતો તો આંસુ પણ હતાં. તે પ્રેક્ષકોને ક્યારેક હસાવતી તો ક્યારેક રડાવતી. તે ૬૦ વરસની થઈ અને તેનામાં શક્તિ રહી ત્યાં સુધી, તેણે હજારો માઈલ સુધી ટ્રેનમાં યાત્રા કરીને 'માનવ હકો' માટે પ્રચાર કર્યો. ઉપરાંત તેના સમયમાં તે પ્રથમ આફ્રિકન-અમેરિકન સ્ત્રી હતી, જેણે તેની સામે થયેલા કોર્ટના ત્રણે ત્રણ કેસમાં જીત મેળવી હતી. તે ૧૮૬૪માં ૬૭ વરસની ઉંમરે, અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનને વ્હાઈટ હાઉસમાં મળવા ગઈ અને ૧૮૮૩માં ૮૬ વરસની ઉંમરે  તેનું દેહાંત થયું.

## એક ડોલર અને આઠ સેન્ટ

એક સાત વરસની છોકરીનો ભાઈ બહુ બીમાર હતો. એક દિવસે તેના ડેડીએ તેની મમ્મીને કહ્યું, ''ઓપરેશનનો ખર્ચ ખૂબ જ મોટો છે અને ગજા બહારનો છે. એટલે હવે તો ચમત્કાર જ દીકરાને સાજો કરી શકે.'' આ વાત છોકરીએ સાંભળી અને બરણીમાં બચાવેલું પરચુરણ બહાર કાઢી ગણવા લાગી. પછી તે લઈને દવાની એક દુકાને ગઈ.

દુકાનદારે છોકરીને જોઈને કહ્યું, ''પ્લીઝ વેઈટ. ઘણાં વરસો પછી દૂરથી આવેલા મારા ભાઈ સાથે હું વાતમાં છું.''

છોકરીએ કહ્યું, ''મારી વાત પણ મારા ભાઈ વિશે જ છે. તે બહુ બીમાર છે. મારે એની સારવાર માટે ચમત્કાર ખરીદવો છે. મારા ડેડી કહે છે કે ચમત્કાર જ એને બચાવી શકે છે.''

દુકાનદારે કહ્યું, ''બેબી, અમે ચમત્કાર વેચતા નથી.''

છોકરીએ કહ્યું, ''મારી પાસે પૈસા છે, જરૂર પડે બીજા લઈ આવીશ.''

દૂરથી આવેલા ભાઈએ છોકરીને પૂછ્યું, ''તારા ભાઈ માટે ક્યો ચમત્કાર જોઈએ છે?''

છોકરીએ કહ્યું, ''એની મને ખબર નથી. પણ મારો ભાઈ ખૂબ જ બીમાર છે. એને મગજમાં ગાંઠ છે અને મારા ડેડી કહે છે કે ઓપરેશનની જરૂર છે. પરંતુ તેમની પાસે પૈસા નથી એટલે હું મારા પૈસા લઈને ચમત્કાર લેવા આવી છું.''

પેલા ભાઈએ કહ્યું, ''તારી પાસે કેટલાં પૈસા છે?''

છોકરીએ કહ્યું, ''એક ડોલર અને આઠ સેન્ટ. પણ જરૂર પડે બીજા લઈ આવીશ.''

તે ભાઈએ પૈસા પોતાના હાથમાં લીધા અને કહ્યું, ''ચાલ, તું મને તારે ઘેર લઈ જા.''

આ ભાઈ મગજના નિષ્ણાત સર્જન હતા. તેમણે કોઈ ખર્ચ લીધા વિના ઓપરેશન કર્યું અને છોકરાને સાજો કરી ઘેર મોકલ્યો. એટલે તેની મમ્મીએ કહ્યું, ''આ ઓપરેશન એક ચમત્કાર જ કહેવાય. આવા ઓપરેશનનો કેટલો બધો ખર્ચ થાય?'' છોકરીએ આ સાંભળી સ્મિત કર્યું અને મનમાં બોલી, ''મમ્મી, ચમત્કારની કિંમત મને ખબર છે, એક ડોલર અને આઠ સેન્ટ.''

## હકાર કે નકાર

એક દિવસ એક બૂટ બનાવનાર કંપનીના શેઠે પોતાના ધંધાનો વિકાસ કરવાના હેતુથી પોતાના એક અધિકારીને કહ્યું, ''તમે જાવા દેશમાં જાવ અને ત્યાં બૂટની ફેક્ટરી માટે શક્યતાઓ કેવી છે? તેની તપાસ કરીને મને જણાવો.''

તે અધિકારી જાવા દેશમાં ગયા. ત્યાં તેમણે જોયું કે ત્યાંના લોકો બૂટ કે ચંપલ પહેરતા જ નથી. તેથી ત્યાં ફેક્ટરી નાખવાનો કોઈ જ અર્થ નથી. તેમણે તે પ્રમાણે શેઠને જણાવ્યું અને પાછા ફર્યા.

આવા નકારાત્મક વિચારથી શેઠ નારાજ થયા, પણ શ્રદ્ધા છોડી નહીં. તેમને બીજા યુવાન અધિકારીને પૂરતી સમજ આપીને, એ દેશમાં ફરીથી તપાસ કરવા મોકલ્યા.

યુવાન અધિકારીએ ત્યાં જઈને જોયું કે ત્યાંના લોકો બૂટ કે ચંપલ પહેર્યા વિના જ ચાલતા હોય છે અને કામ કરતા હોય છે. કારણ કે ત્યાંના લોકોને બૂટ કે ચંપલ શું છે? એની સમજ નથી. જો તેમને સમજ આપવામાં આવે અને તેના ફાયદા સમજાવવામાં આવે, તેમજ શરૂઆતમાં ઓછી કિંમતે બૂટ-ચંપલ વેચવામાં આવે તો, તે બધા કાંટા-કાંકરા વાગે નહિ તે માટે બૂટ-ચંપલ પહેરતા થાય. તેથી અહીં ફેક્ટરી નાખવી યોગ્ય છે. આમ વિચાર કરીને તે અધિકારીએ પોતાનો વિચાર શેઠને જણાવ્યો.

શેઠ અત્યંત રાજી થયા. શેઠે ત્યાં બૂટ-ચંપલની ફેક્ટરી નાખી અને એ યુવાન અધિકારીને ફેક્ટરીનો વડો અધિકારી બનાવ્યો. આમ હકારાત્મક અને નકારાત્મક વલણ વચ્ચે કેટલો બધો તફાવત છે, તે સહેજે સમજી શકાય છે.**મ**



# હિમાંશુ વડોદરિયા


# મારે ગાંધીજીને મળવું છે




હું ડો. હિમાંશુ વડોદરિયા રેડીઓલોજીસ્ટ ડોક્ટર તરીકે સેવા બજાવું છું. મેં સ્નાતક, અનુ સ્નાતકનો અભ્યાસ બી. જે. મેડિકલ અમદાવાદમાં અને વિશિષ્ઠ તાલીમ સિંગાપોર જનરલ હોસ્પિટલમાં મેળવી છે. વાર્તા લેખનમાં આ પ્રથમ પગથિયું છે.

**Dept of Diagnostic Radiology. Singapore General Hospital**
**Ph.0065 90784978 (Singapore)**

**Snehim, Teachers Soc Near Rameshwar Temple. Dhoraji-360 410 Gujarat, India.**
**Ph. 90 99 60 5050 (India)**
**himvadodaria@gmail.com**

ઇચ્છાની અનુભૂતિ જો જીવનની પ્રાથમિક્તા બની જાય તો, સેવાયેલાં સ્વપ્નોને સાચી મનાતી દુનિયામાં બીજી વખત ભજવવા માટે મન-શરીર અનેક અડચણો, માત્ર ક્ષણોમાં પાર કરીને તે જીવન કસ્તૂરીમા સાંગોપાંગ ડૂબીને સ્વપ્નરસ મેળવી લે છે. ૧૯૩૦ની સાલનો જૂનો સમય હતો, પણ સોનેરી સમય હતો. જ્યારે ગુલામી, અપમાન અને અન્યાયની ચરમ સીમા પર જીવન ધપાવવાનો મેળાવડો લાગેલો હતો. એક આઠ વરસનો છોકરો ઉપર ટાંગેલી એક ઝાંખી સમાન છબીને એકીટશે તાકી રહ્યો હતો. આ તસવીર તો અનેક વખત મન અને આંખોના ખૂણામાંથી પસાર થઈ ગઈ હતી પણ હવે થોડી સમજણ પડતી હતી, આજે કુતૂહલતા જાણે ચંચળતાની સવારી કરીને જિજ્ઞાસાભૂખને વધારી રહી હતી. એકાએક લક્ષ્મણની જીભ ઉપડી અને બોલ્યો, ''બાપુજી આ કોનું ચિત્ર છે?''

''દીકરા એ ''ગાંધીજી''નું ચિત્ર છે'' અને જાણે વિસ્મયતાની પરાકાષ્ઠા અનુભવતા લક્ષ્મણે પ્રશ્નનો મારો ચલાવ્યો, ''આ ગાંધીજી કોણ છે? આપણાં ઘરમાં કેમ એમનો ફોટો છે?'' ત્રિભોવનદાસ બોલ્યા ''જો રાત્રે કોઈ ચોર કે લૂટારું આવી જાય તો તું શું કરે દીકરા?'' ''બાપુજી આપણે આખા ઘરના લોકોએ મળીને ભગાડી મૂકવા જોઈએ.'' એ મક્કમ આંખો સાથેનો માસૂમ ચહેરો બોલ્યો, ''માત્ર આપણાં ઘરમાં કે ગામમાં નહિ પણ આખા દેશમાં કોઈ ચોર ઘૂસી ગયા છે. અને ગાંધીજી આપણી બધાંની સાથે મળીને તેમને કાઢી મૂકવાના છે.'' કહીને ત્રિભોવનદાસ નીકળી ગયા.

એ બાળકનું મન જાણે પૂનમના સમુદ્રની જેમ તોફાની હિલોળે ચડ્યું. અને જગતની નીતિઓથી અજાણ સરળ અને ઈશ્વર સમાન તેના મને વિચાર્યું, ''મારે ગાંધીજીને મળવું છે.'' સાંજના સમય પર ત્રિભોવનદાસ પાછા ફર્યા અને દરવાજા પાસે જ લક્ષ્મણ દોડતો આવ્યો અને હાંફતો હાંફતો બોલ્યો, ''બાપુજી બાપુજી મારે ગાંધીજીને મળવું છે...'' ત્રિભોવનદાસ જાણે કોઈ આશ્ચર્યનો પહાડ જોઈ ગયા હોય તેમ અવાક્ થઈ ગયા અને બોલ્યા, ''તારે કેમ ગાંધીજીને મળવું છે? લક્ષ્મણ બોલ્યો, ''મારે ગાંધીજીને મળવું છે અને કહેવું છે, મને તમારા ચશ્મા બોવ ગમે છે અને હું તમને ચોરને કાઢી મૂકવા માટે મદદ કરીશ.'' ત્રિભોવનદાસ ડોકું ધુણાવીને બોલ્યા ''છાનોમાનો બેસી જા...'' અને એ બાળક નિરાશાથી એકળાઈને અંદર ચાલ્યો ગયો.

બરાબર ૧૦ વરસ આ ઘટનાને થઈ ગયા. આજે અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં એક યુવાનીથી ભરપૂર સળગતા રોમ રોમ સાથે દેશ માટે કઈ પણ કરી જવાની ખંત સાથે એક યુવાન પ્રવેશે છે. લોકો નારા લગાવે છે 'ભારત માતાની જય' 'ભારત માતાની જય', 'ભારત માતાની જય...' આ ઊઠતો અવાજ બંધ થઈ જાય છે તેના પડઘા પણ બંધ થઈ જાય છે ઝડપ સાથે ચાલતા ગાંધીજી બરાબર વચ્ચે મંચ પર પહોંચી જાય છે.


આ શાંતિમાં બાપુ બોલે છે, ''તમે બધાં ભારત માતાની જય બોલાવો છો એ

તો બરાબર છે પણ આ ભારત માતા કોણ છે?'' શાંતિ જળવાઈ રહે છે, ''બોલો બોલો... કેમ બોલતા નથી? તમને એ તો ખબર હોવી જ જોઈએ કે તમે જય બોલાવો એ કોણ છે? નહીંતર જય બોલાવાનો કઈ ફાયદો ખરો?'' ત્યાં જ એ યુવાન ઊભો થઈને બોલે છે, ''બાપુ આ ધરતી માતા જ ભારત માતા છે, કે જે જન્મ આપે છે પાલન પોષણ કરે છે.'' થોડો ગણગણાટ થાય છે. બાપુ ફરી બોલે છે, ''બરાબર પણ ધરતી પરના જંગલો, નદીઓ, પર્વતોનું શું?'' યુવાન સાદ પુરાવે છે, ''હા બાપુ, એ બધું પણ...'' બાપુ થોડું હસે છે અને બોલે છે 'આ ધરતી પર વસતા માણસોનું શું? વિચારો, આ ધરતી માત્ર એકલી હોઈ તો કશું મૂલ્ય નથી. પણ તેનું મૂલ્ય મારા અને તમારા જેવા વસતા માણસો બનાવે છે. ખરેખર તો હું અને તમે જ ભારત બનાવીએ છીએ એટલે હું અને તમે જ ભારત માતા છીએ.

જો જયજયકાર કરવો હોય તો તમારો કરો. એવાં કાર્યો કરો કે આપમેળે ધરતીનો જયજયકાર થાય. માટે ખરા અર્થમાં તમારો જયજયકાર કરો.'' અને એ ઊભેલો યુવાન જોશથી બોલે છે 'ભારત માતાની'... અને એક પ્રચંડ ઉદ્‌ઘોષથી 'જય' અવાજ સંભળાય છે.

સભા વિખેરાઈ જાય છે. એ યુવાન બાપુના જતાં પહેલાં તેમને નમન કરે છે અને પગ પકડીને બોલે છે, ''તમારા ચશ્માં મને ગમે છે અને હું ચોરોને દેશની બહાર કાઢી મૂકવા માટે તમારી પાસે આવ્યો છું'' બાપુ એક સ્મિત આપે છે અને બોલે છે ''બધાનું સ્વાગત છે.''

આજે પણ ચોરો ઘૂસેલા છે અને દરેક લક્ષ્મણને આજે પણ એ જ પ્રશ્ન છે. **મ**




**जो Quality यहीं, वो और कहीं नहीं**

**અનાજ, કઠોળ, મરીમસાલા, ખાંડ-ઘી, તેલ, ડ્રાયફ્રૂટ, ફરસાણ, ચોકલેટ, બિસ્કિટ, સાબુ-ડિટરજન્ટ, કોસ્મેટિક્સ, ગીફ્ટ આઈટમ, પ્લાસ્ટિકવેર, ક્રોકરી, સ્ટીલનાં વાસણો, બેગ.**

**હોમડિલિવરી ~~MRP~~ Low price Dhiraj Sons Gift Voucher**

**Call : 9879206168**

EB

**DHIRAJ SONS The Mega Store**

**Athwa Gate Surat**



પાંસઠ વર્ષની ઉપરની વયના અને છેલ્લાં થોડાં વર્ષોથી આયર્લેન્ડ વસતા, વ્યવસાયે પેથોલોજિસ્ટ કનૈયાલાલ ઉર્ફે કનુ પંચાલની મુદ્રિત સ્વરૂપે પ્રગટ થતી આ પ્રથમ જ વાર્તા છે. ટૂંકી વાર્તાની વાચનપ્રવૃત્તિ જ તેમની વાર્તાકલાની "ગુરુ" બની રહી છે.

**B-7 Cherrydale Court**
**Dublin Road**
**Limerick, Ireland**
**kcpanchal2000@yahoo.com**
**00353857247170**

કનુ પંચાલ

# ખરેખરો ખરખરો

મંજુલને કંટાળો આવી ગયો. આમેય બેસણામાં કોઈ દસ-બાર મિનિટથી વધારે થોડું બેસે? ભલે જમીન પર જાજમ હતી પણ પલાંઠી મારીને બેસવાનો મહાવરો છૂટી જ ગયો હોય ને? આજની વાત જુદી હતી. કરોડપતિ શેઠ વિષ્ણુનારાયણ સહાયના ધર્મપત્ની વિમળાબેનનું બેસણું હતું. શેઠના જમણા હાથ જેવા ત્રિવેદીનો એ ખાસ આસિસ્ટન્ટ! ત્રિવેદી સાહેબે આજના ઈવેન્ટની સમગ્ર જવાબદારી મંજુલને સોંપી હતી. મંજુલે કામ પૂરી નિષ્ઠાથી કર્યું. પ્રસંગને અનુરૂપ સફેદ મંડપ, દૂધમલ જાજમો, નિર્મળા વૈષ્ણવની કીર્તન મંડળી બધું જ એ-વન.

બપોર પડવા આવી તોય ભીડ એવી ને એવી જ. મંજુલને પોતાના શેઠની લોકપ્રિયતા પર ગૌરવ થયું. બારેક વાગ્યા હશે, સફેદ ચંદરવાની આરપાર ચળાઈને આવતો તડકો દઝાડવા લાગ્યો. મોટા ઊંચા પંખાનો અવાજ, કીર્તન મંડળીનું સૌમ્ય ગાન, મુલાકાતીઓનો આછો ગણગણાટ, એક સાથે ડઝનબંધી અગરબત્તીના ધુમાડા પર પડતો સૂર્યપ્રકાશ બધું મળીને કંટાળાનો એક ગુંબજ રચી રહ્યાં હતાં. મંજુલ ઊઠીને બહાર આવતો રહ્યો.

કિશોર બાપુ બહાર ઊભા ઊભા માવો ચાવતા હતા. મંજુલને જોઈ સીધો જ સવાલ કર્યો,

'શું આવી કે નહીં? બપોર થવા આવી.'

'કોણ?'

'બીજું કોણ વળી? શ્વેતા નવલકર.'

'નવલકર શાની? હવે તો શ્વેતા સહાય કહો.'

આસપાસ ઊભેલી યુવાન ટોળી ટોળટપ્પામાં સામેલ થઈ.

'હવે ફિલ્મી એક્ટરો અટક ક્યાં બદલે છે? બહુ બહુ તો પતિની અટકનું પૂંછડું મૂળ નામની પછવાડે લગાડે. જેમ કે ઐશ્વર્યા રાય બચ્ચન. તો આ થઈ શ્વેતા નવલકર સહાય.'

''હવે અટકની પારાયણ છોડોને! અહીં આવવાની છે કે નહીં એની વાત કરો ને? આખી સવાર એની પાછળ બગાડી નહીં તો બેસણામાં વળી કોઈ કેટલુંક બેસે?''

''તે તમારા એકલાની બગડી છે? હું બેટ મારીને કહું અહીં આવેલું એંશી ટકા ઓડિયન્સ શ્વેતા સહાયને જોવા આવ્યું છે. શું કહે છે મંજુલ?''

મંજુલ આડું જોઈ ગયો.

'યાર, તું તો અંદરનો માણસ છે. તને તો ખબર હોવી જ જોઈએ.'

''સગાં સાસુનું બેસણું છે. આવવું તો જોઈએ જ. વળી શ્વેતા તો એમની લાડકી વહુ , સહુના વિરોધ વચ્ચે એમણે જ પોતાના દીકરાનો પક્ષ લઈ ફિલ્મ એક્ટ્રેસને પરણવાની મંજૂરી આપેલી. એ વખતના છાપાંઓમાં રોજ કેટલું આવતું હતું? શ્વેતા સહાયે પોતે જ કબૂલ કરેલું કે મમ્મીજીની સહાય વગર એમની પ્રેમકહાની અધૂરી જ

રહી જાત.''

''મોટા માણસોની મોટી વાતો.''

''છોડો યાર બપોરના તો કોઈ ફ્લાઈટ પણ નથી. કદાચ શૂટિંગ માટે પરદેશ ગઈ હોય.''

''હા ભાઈ, તું તો શ્વેતા નવલકરનો પી.એ. ખરો ને? ગઈ કાલે તો બોમ્બેમાં રીયાલિટી શોમાં એની ગેસ્ટ એપિઅરન્સ હતી.''

''હવે એ તો અઠવાડિયા પહેલાં રેકોર્ડ થયો હશે. તને શું ખબર? ચાલો ભાઈ, જોવી જ હોય તો એની લેટેસ્ટ ફિલ્મની સીડી જોઈ લેજો .ઓછામાં ઓછા કપડામાં જોવા મળશે. અહીં આવી હોત તોયે પગથી માથા સુધી સફેદ ચાદરમાં લપેટાયેલી જોવા મળત.''

કિશોર બાપુએ ઉપસંહારની અદાથી ચર્ચાનું સમાપન કર્યું. પગરખાનાં ઢગ વચ્ચેથી પોતાની જૂની ચપ્પલ ખોળી પહેરી લીધી.

ટોળી વિખરાઈ ગઈ.

મંજુલ અંદર જઈ વ્યવસ્થામાં ગોઠવાયો.

★★★


''કિશોર બાપુ, આ જોયું?''

''જોઈ લીધું ,સવારે જ ચા પીતા પીતા. કેમ, તમારે ત્યાં છાપું મોડું આવે છે?''

આગળના દિવસની ધમાલ અને થાકને લીધે મંજુલને ઓફિસ પહોંચવામાં મોડું થયું. ટેબલની વચ્ચોવચ પાથરેલા છાપાની ઉપર સમગ્ર કારકુન મંડળી ઝૂકેલી હતી. પહેલા પાના પર જ શ્રીમતી વિમળાબેનના બેસણાની તસવીર વચ્ચે શ્વેતા સહાયનો ઈન્સેટ કરેલો ફોટો હતો. ચહેરા પર ભરપૂર શોક, સાદાઈ, અડધું કપાળ ઢંકાય એટલો સાડીથી ઢાંકેલો ચહેરો ઓળખવો ખરેખર મુશ્કેલ હતો.

''માળી છેતરી ગઈ! સામે જ બેઠી હતી ને ઓળખાઈ નહીં! બહુ કે'વાય.''

''ભાઈ, એક્ટ્રેસ કોને કહેવાય? એના તો પૈસા લે છે.'' જે કોઈ આમ બોલ્યું એના ચહેરા ઉપર હવે ખરેખરો ખરખરો છવાયો. **મ**



# અશ્વિન દેસાઈ

# કોને ખબર કેમ



૭૦-૮૦માં આઠ નવલકથા ત્રણ વાર્તા-સંગ્રહ. 'સગપણનાં ફૂલ' માટે કુમાર-ચંદ્રક ૭૮ : આજકાલ ઓસ્ટ્રેલિયામાં, પોતાના નાટકો ડેબૂટન્ટ્સ કલાકારો સાથે ભજવું છું.

**15 Service Road**
**Blackbuon VIC-3130**
**Astralia**
**ashvin.desai47@gmail.com**
**૬૧૩ ૯૮૯૪ ૨૦૪૯ /**
**૦૪૩૭ ૨૫૪ ૧૩૮**



પણ ન્યૂ જર્સીના ગાંધી-બજારમાં તારા હસબંડનો ભેટો થઈ ગયો.

મારા મિત્ર દલપત પટેલે મને જોરથી એની કોણીનો ગોદો માર્યો 'દેહાઈ! પેલો હામેથી ગબડતો ગબડતો આવે - તે કોણ છે, ખબર કે?'

મેં આંખ ઝીણી કરીને જોયું તો, એક બેઠી દડીનો, ઢીંગણો, જાડો માણસ અમારી તરફ આવી રહ્યો હતો.

'લાકડાવાલો છે', દલપતની આંખો ચમકી, 'અમેરિકાનો મોટામાં મોટો પોગરામ-ઓર્ગેનાઇઝર!'

'અં... હં!,' મેં વધારે ધ્યાનથી તારા હસબન્ડને જોયો,

'એ કેવા પ્રોગ્રામ ગોઠવે છે, અમેરિકામાં?' મને સહેજ કુતૂહલ થયું.'

'બધું કેતા બધું જ!', દલપત હરખાયો, તારો નાટક હો જો - તારે અમેરિકામાં ભજવ્યો હોય તો, લાકડાવાલો આપણો ઘાટ બેહાડે એવો છે!'

'ખરેખર?' હું બોલું તે પહેલા તો, તારા હસબંડે અમારી નજીક આવીને, દલપતને જોરથી ધબ્બો માર્યો,

'પટેલસાહેબ! તમે મોટેલોની દુનિયાના બેતાજ બાદશાહ! અહીં અનાજ-કરિયાણાની બજારમાં તમે કેવી રીતે દેખાયા?'

દલપતે પણ સામે બમણા જોરથી ધબ્બો માર્યો,

'આ દેહાઈ, મારો લંગોટ્યો દોસ્તાર! કહે કે, દલપા, એક વાર અમેરિકા તો બતાવ! મેં ક્યૂકે, આવી રે!'

તારા હસબન્ડે ભાવપૂર્વક જમણા હાથમાંની એની ચમકતી બ્રીફકેસ ડાબા હાથમાં ટ્રાન્સફર કરી, અને જમણો હાથ મારી તરફ લંબાવ્યો,

'મનીત લાકડાવાલા.' એમણે દલપતના ખભે હાથ મૂકીને, મારી આંખોમાં ઊંડાણથી જોયું, 'દેસાઈ, તમે જો દલપત પટેલના મહેમાન છો, તો એમ માનજો કે તમે લાંગ-આઈલેન્ડના રાજાના મહેલમાં ઊતર્યા છો!'

'અવે રેવા દેને તારી ફેંકાફેંક, લાકડાવાલા,' દલપતે એમનો હાથ પોતાના ખભા ઉપરથી ઉતારીને હકપૂર્વક કહ્યું,

'દેહાઈને લઈને શિકાગો તારે ઘેરે-જમવા ક્યારે આઉં તેની વાત કર ને.'

'આ રવિવારે જ પધારોને, પટેલસાહેબ,' આપણા ઘરના જ થિયેટરમાં કાશ્મીરી સંતૂર-વાદકને લોંચ કરીએ છીએ. તમને તમારા મિત્ર સાથે પહેલી જ રોમાં ચીફ ગેસ્ટ તરીકે બેસાડીએ. તમે આવતા હો તો અમારા ધનભાગ્ય' તારા હસબન્ડે ઝડપથી બ્રીફકેસ ખોલી, અને દલપતને પૂછ્યું :

'કેટલા પાસ આપું?'

દલપતે સહેજ વિચાર કરીને, તરત જ તક ઝડપી લીધી,

'તણ પાસ ઢીલા કર લાકડાવાલા.'

'કેમ, જાનકી નહીં આવે?' એમણે ઝડપથી ત્રણ કવર બ્રીફકેસમાંથી ખેંચી કાઢ્યા.

'ના. ભણવાનું મૂકીને જાનકી કેથ્થે જતી નથી.' દલપતે એક કવરમાંથી પાસ કાઢીને ચકાસી લીધો.

'દેસાઈસાહેબની સાથે કોઈ બીજા મહેમાન…'

'દેહાઈ વાંઢો છે. આગળ-પાછળ કોઈ કર્તા કોઈ ની મલે.' દલપતે પાસ પોતાની બેગમાં મૂક્યા એટલે હું સહેજ મલકાયો.

'હંસાભાભીને ફોન કરીને જરાક પૂછી લીધું હોત તો, દલપા.' મેં સહેજ દલપતને ટકોર કરી, એટલે તારા હસબંડે ટાપશી પૂરી,

'અમારા હંસાભાભી કલાજગતના બહુ જ મોટા ચાહક. એ તો કોઈ દિવસ મારા આમંત્રણની ના પાડે જ નહિ.'

'ભટકવાનું જોઈએ તારી ભાભીને ચોવીસ કલાક. ના કાંથી પાડે? ને આ લાકડાવાલો તો દર મહિને ઊંચકાય.' દલપતે ચાલતી પકડી એટલે તારા હસબંડે પાછી ટકોર કરી,

'પટેલસાહેબ, આપનો ઉતારો, મહેમાન સાથે આપણા ઘરે જ રાખવાનો છે, હં કે. તમારી મોટેલમાં તમારે નથી જવાનું.'

'અમે રાતની જ ફ્લાઈટમાં પાછા ફરવાના. જાનકી ઘેરે એકલી. એની પરીક્ષા ચાલે.'

'તમારા મેન્શનમાં પંદર જણાનો સ્ટાફ રહે. જાનકી એકલી કેવી રીતે, પટેલસાહેબ.'

'પોરીને માણહોના ભરોહે ની રખાય, લાકડાવાલા તને ની હમજ પડે.' દલપતે કહ્યું, ને મને ખેંચીને ચાલવા માંડ્યું.

'લાકડાવાલો તારી ઉપર કેમ આટલો બધો ખુશ?' મેં દલપતને સહેજ કુતૂહલ ખાતર પૂછ્યું.

'દર મહિને એનું પંદર જણાનું આપણી મોટી મોટેલમાં પરમેનન્ટ બુકિંગ. પણ, એ ને એની બૈરી તો આપણે ઘેરે જ ધામા નાખે. એની બૈરીને હંસા હાથે હારુ ફાવે.' દલપતે કહ્યું, ને મનમાં ને મનમાં જ મેં કંઈક ગણતરી કરી. હંસાભાભીએ મને બહાર હિંચકા ઉપર અમે બે એકલા જ બેઠા હતા ત્યારે, તારી વાત કરેલી. એટલે કે, પ્રયત્ન કરી જોયેલો.

'પેલી અહીં શિકાગોમાં જ છે, હં કે!'

'અચ્છા.' મેં ચાહી કરીને તારા વિશે હંસાભાભીને ખાસ રસ નહીં બતાવેલો, એટલે હંસાભાભીએ થોડી વિગત વધારેલી,

'અહીં ન્યૂયોર્કમાં એના હસબન્ડના શો હોય ત્યારે એ તો આખો દિવસ અહીં મારી સાથે જ હોય. આપણા સુરતી જમણમાં એને ખૂબ જ રસ. મારે જાતે જ રાંધવુ પડે એને જમાડવા માટે. રસોડામાં ઊભી ઊભી અલક-મલકની હજાર વાત કરે, પણ હું જ્યારે પલસાણાની વાત કાઢી જોઉં ત્યારે ચૂપ થઈ જાય! 'અચ્છા', હું સહેજ પૂરાવવા ખાતર ટાપશી પુરાવું, પલસાણા ગામની વાતમાં પણ એને કોઈ રસ નથી પડતો - એમ ને?'

'હા. એક જ વાત કરે. હું તો હાઈસ્કૂલ પૂરી કર્યા પછી ખાસ પલસાણા ગઈ જ નથી એટલે મને ખાસ પલાસાણાનું વળગણ ના મળે.' હંસાભાભી કહેતા કહેતા થોડા હતાશ થાય.

'અચ્છા!' મારા ચહેરા ઉપર સહેજ સ્મિત ફરકતું જોઈને, હંસાભાભી મને આશ્વાસન આપવા ખાતર કહેતા હોય તેમ કહે,

'પલસાણા ગામની વાતમાં જ જો એને રસ ના પડતો હોય તો તમારી વાત હું શું કામ કાઢું? ખરું ને?'

એટલે હું પણ એમને સામેથી પુરસ્કાર આપું,

'તમે બહુ જ સારાં-ભલાં અને સમજુ છો હંસાભાભી.'

'પણ એ મારી બેટી કોઈ પણ દિવસ-ગમે તેટલા સારા મૂડમાં હોય તો પણ જરાય મચક નથી આપતી, તેનું શું?'

હંસાભાભી ગળગળા થઈ જાય, એટલે હું સ્વસ્થતાથી કહું,

'તમારે જરાય હતાશ નહિ થવાનું ભાભી.'

એટલે હંસાભાભી નિરાશા ખંખેરીને પાછા મૂડમાં આવી જાય,

'મને વિશ્વાસ છે કે કોઈ દિ' તો હું જરૂર એને તમારી સામે ઉપસ્થિત કરીશ. જોઉં છું, કેવી રીતે એ એની મોટી મોટી, ચકળવકળ આંખો તમારાથી ફેરવી લે છે તે.'

ઘરે પહોંચીને દલપતે જ હંસાભાભીને હરખના સમચાર આપ્યા,

'હંસી. પેલો જોડિયો પાછો શિકાગો બોલાવે છે.'

'કોણ લાકડાવાલા?' હંસાભાભી અતિ-ઉત્સાહમાં ચિત્કાર પાડી ઊઠ્યા!

'હા. કેય કે, કોઈ તંબૂરાવારાને કાશ્મીરથી ઉપાડી લાવેલો છે. તેને એના ઘેરના તબેલામાં લોન્ચ કરવાનો. પછી આવતે મહિને આપણે તાં ધામા લાખવાનો ઓહે, માદરબખત!' દલપતે શાવરમાં જતા જતા કટાણું મોં કર્યું, એટલે હંસાભાભી એ જ ઉત્સાહમાં બબડ્યા,

'તમે કહ્યું ને, કે અમે તો આ વખતે અમારા મોંઘેરા મહેમાનને પણ સાથે લઈને આવીશું.' અને હંસાભાભીએ સહેજ હોઠ મરડીને મને ચીમટી ભરી.

'હંસાભાભી, હું તમારો 'મોંઘેરો' કેવી રીતે - અને 'મહેમાન' કેવી રીતે? તે જરાક મને સમજાવશો?' મેં ખૂબ જ નમ્રતાપૂર્વક હંસાભાભી આગળ કજિયો કર્યો.

'સમજતા કેમ નથી મારા વહાલા દિયર!' હંસાભાભીએ ખૂબ જ નાટકીય રીતે, ભાવથી આંખો નચાવીને મને કહ્યું કે,

'આ લાકડાવાલો તે બીજો કોઈ નહિ, પણ પેલી તમારાવાળીનો વર!'

'ખરેખર?' મેં બનાવટી કુતૂહલ બતાવ્યું.

'હા! હું નહોતી કહેતી, કે એક દિવસ હું તમને એની સામે ઉપસ્થિત કરીશ! જોઈએ, હવે એ શું કહે છે!'

શિકાગોની ફલાઈટમાં બારીની સીટ લેતા-લેતા દલપતે હંસાભાભીને ચેતવણી આપી,

'હંસી, પેલો જોડિયો કંઈ રાતના આપણને એના ઘેરે રાખી પાડવાની વાત કરતો ઊતો. મેં જાનકીનું બહાનું કાઢેલું છે - એટલે તું ફસકી નો જતી.'

હંસાભાભી દલપતની બાજુમાં બેસતાં બેસતાં સહેજ ચમક્યાં,

'તમે શું કામ ના પાડી રોકાવાની? સંગીતનો કાર્યક્રમ છે. રાતના બે તે વાગી જ જશે. ને લાકડાવાલાનું ઘર તો થિયેટરની પાછળ જ છે તો પછી રાત્રે રોકાઈ જઈએ તો જ સારું પડે ને? મધરાતે આપણે બહાર જમવા પણ ક્યાં જવાના?' કહીને હંસાભાભીએ મારી સામે આંખ મિચકારી અને મને હાથ પકડીને, એમની બાજુની કોર્નર સીટ ઉપર બેસાડી દીધો.

'એની બૈરી મધરાતે તને જમાડવાની છે કે? બઉ બઉ તો કોફીને ટોશ પકડાવી દેહે.' દલપતે મોં બગાડ્યું.

'એનો તાલ તો જુઓ. દર મહિને મારી દાળ-ઢોકળી, ખાવા દોડી આવે છે તો એક દિવસ આપણને નહિ જમાડે?' હંસાભાભીએ દલપતને માનસિક રીતે, રાત્રે તારે ત્યાં રોકાવા તૈયાર કરી દીધો અને મારી સામે ફરીથી આંખ મિચકારી.

અમને એરપોર્ટ ઉપર લેવા દલપતની મોટી મોટેલેથી એની મર્સિડીઝ અને ડ્રાઈવર ઊભેલા જ હતા, તેમાં અમે ગોઠવાયા એટલે હંસાભાભીએ ડ્રાઈવરને સૂચના આપી,

'ભાઈ, પહેલા માળીને ત્યાંથી બૂકે લેવાનો છે, પછી સીધા 'લાકડાવાલા થિયેટર' જવાનું છે. જરા જલદી કરજો. સાત વાગી ગ્યા છે.'

તારા ભવ્ય થિયેટરના પાર્કિંગ-લોટમાં અમે પહોંચ્યા, ત્યારે તારું 'લાકડાવાલા-થિયેટર' ભવ્ય રોશનીથી ઝગમગી રહ્યું હતું. તારી જાહોજલાલીથી હું અંજાઈ ગયો, એટલે હંસાભાભીએ કહ્યું,

'આ લાકડાવાલાનું પોતાનું થિયેટર છે. એની પસંદગીના ખાસ કાર્યક્રમ કરવાના હોય ત્યારે એ લોકો અહીં આવી ભવ્ય રીતે જલસો કરે છે.'

'એમનું ઘર પણ પાછળ જ છે, એમને?' મેં પૂછવા ખાતર પૂછ્યું.

'ઘર એટલે મોટું મેન્શન! આપણા કરતા પણ મોટું! દસ હેક્ટરના પ્લોટમાં લાકડાવાલાએ આ પેલેસ બનાવેલો છે!' હંસાભાભી હરખપૂર્વક બોલ્યા, અને અમે તારા થિયેટર તરફ પગ ઉપાડ્યા.

અમે હજી પગથિયાં ચઢીએ એટલામાં તો લાકડાવાલા પોતે અમારી સામે ધસી આવ્યો, અને દલપતની સામે હાથ જોડીને ઊભો રહ્યો,

'આવો. આવો. પટેલસાહેબ, હંસાભાભી, દેસાઈસાહેબ. બસ તમારી જ રાહ જોવાઈ રહી છે!'

હંસાભાભીએ બૂકે લાકડાવાલાના હાથમાં પકડાવ્યો, અને હસીને સહેજ મજાકમાં કહ્યું,

'લાકડાવાલા, પટેલસાહેબ પાસે કંઈ ભાષણ-બાષણ નથી કરાવવાનોને?'

''હંસી, તું એને ખોટે રવાડે નો ચડાવની!' દલપત બબડ્યો, એટલે લાકડાવાલા હરખાયો,

'ના. ના. પટેલસાહેબ. તમે તમારું સ્થાન ગ્રહણ કરો. એટલે પડદો ખોલીએ છીએ.'

અને અમે જરાક ઝડપથી લાકડાવાલા થિયેટરમાં દાખલ થયાં. લાકડાવાલાએ ઉત્સાહપૂર્વક અમને પહેલી રોમાં બેસાડ્યા. ગેગવેમાં પહેલી સીટ ઉપર દલપત, બીજી ઉપર હંસાભાભી અને એમની બાજુમાં ત્રીજી સીટ ઉપર હું બેઠો, અને તરત જ કલાસિકલ મધુર સંગીતના સથવારે ભવ્ય પડદો ધીમે ધીમે ખૂલ્યો. હું ખૂબ જ કુતૂહલથી મુગ્ધ થઈને જોઈ જ રહ્યો.

મંચ ઉપર ભારતીય બેઠકો વચ્ચે મુખ્ય કલાકાર બેઠા હતા. એમની બાજુમાં એમના સાજિંદાઓએ આસન જમાવ્યા હતા, અને મંચના એક ખૂણે સંચાલક માટે પોડિયમ ગોઠવેલું હતું. જેવી મંચ ઉપર ફૂલ લાઈટ્સ થઈ, અને મુખ્ય સંતૂરવાદક કલાકારે ઊભા થઈને નમસ્તેની મુદ્રામાં હાથ જોડ્યા, કે તરત જ આખા ફૂલ હાઉસે તાળીઓના ગડગડાટ કર્યા, અને મંચના પાછળના કોઈ ભાગમાંથી ભવ્ય રીતે ભવ્ય પોષાકમાં તારી એન્ટ્રી થઈ! હું ક્ષણભર માટે આંખનો પલકારો પણ ના પાડી શક્યો! કદાચ, આખુ ફૂલ હાઉસ પણ, મારી સાથે સ્તબ્ધ થઈ ગયું! લટક-મટકતી તું, તારા એ જ મધુરા સ્મિત સાથે પોડિયમ તરફ આગળ વધી. મને અંદાજ આવી ગયો કે સંચાલન તું કરવાની છે. અને હું ધારી ધારીને તને જોઈ જ રહ્યો, એટલે હંસાભાભીએ ગોદો માર્યો. તારી સુંદરતામાં જરૂર વધારો થયો હતો. તારો ગેટ-અપ ભવ્ય હતો. પણ તારી ચાલ અને તારું સ્મિત હજી એને એ જ હતા તેની મને નવાઈ લાગી. હંસાભાભીએ દલપતના કાનમાં કંઈક કહ્યું. તેં પોડિયમ પાસે ઊભા રહીને, એ જ મધુરા સ્મિત સાથે હાથ ઊંચો કરીને મારી બાજુમાં હંસાભાભી તરફ જોયું, એટલે મંચ ઉપરની એક

ફોકસ-લાઈટ તારી ઉપર આવી. હવે તું ઝબકી ઊઠી. હંસાભાભીએ પણ સહેજ હાથ ઊંચો કરીને તારું અભિવાદન કર્યું, અને મારા કાનમાં ધીમેથી ગણગણ્યાં,

'છે ને હજી એવી ને એવી જ!'

મેં મારા હોઠ ખોલ્યા વિના જ તારી સામે નજર રાખીને 'હં' કર્યું. અને તારું મધુર સંચાલન શરૂ થયું. હજી એ જ રૂપાની ઘંટડી જેવો અવાજ! પણ આંખ નચાવીને, મધુર સ્મિત સાથે સંચાલન કરવાની સ્ટાઈલ, કદાચ અમેરિકામાં કોઈ પ્રોફેશનલ મારફત કેળવાઈ હશે તેથી ઘડાયેલી લાગી. હું મુગ્ધ થઈને જોઈ જ રહ્યો. મારી આંખોના પલકારા ઓછા થયા. હંસાભાભી થોડી થોડી વારે, સહેજ વાંકા વળીને, મારી સામે જોવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે હું સહેજ હળવુ સ્મિત કરવાનો પ્રયત્ન કરતો હતો, પણ હું , કોને ખબર કેમ ? નર્વસ થઈ ગયો હતો એ પાકું! અને તારું સંચાલન, કોઈ શીતળ ઝરણાની જેમ વહી રહ્યું હતું. આખુ ફૂલ હાઉસ મારી માફક મંત્રમુગ્ધ થઈને, સંતૂરવાદકની સાથે સાથે તારું સંચાલન માણી રહ્યું હતું, ત્યારે કોને ખબર કેમ, હું તારી નજર મારી તરફ પડે છે કે કેમ તે જ ચકાસવામાં મશગૂલ હતો!

ક્યાં ઈન્ટરવલનો સમય થઈ ગયો તેની ખબર ના પડી.

ફક્ત રૂપાની ઘંટડી ફરી પાછી રણકી,

'હવે ફક્ત દસ મિનિટનો વિરામ. એન ઈન્ટરવલ ફોર ટેન મિનિટ્સ' અને લાકડાવાલો ધીમે ધીમે બંધ થતા પડદાની પાછળથી પાછો અમારી તરફ ધસી આવ્યો,

'પટેલસાહેબ, અંદર પધારો. આપણા ઘરની લીલા મસાલાવાળી ચા તમારી રાહ જુએ છે!'

દલપતે મારી સામે જોયું : 'દેહાઈ, ચા પીધાનો કે?' અને હંસાભાભીએ હાથ પકડીને મને ઊભો કરી દીધો,

'હા હા વળી. શું કામ નહિ પીવાના?'

અને અમે પાછળ બેક-સ્ટેજમાં આવ્યા ત્યારે મારી નજર તને શોધતી હતી. તું મુખ્ય કલાકાર સંતૂરવાદક સાથે લળી લળીને વાતો કરી રહી હતી, તે તરફ લાકડાવાલા ધસી ગયો, ને તને અમારી તરફ ખેંચી લાવ્યો. તું લગભગ દોડવાની ઝડપથી અમારી તરફ ધસી આવીને હંસાભાભીને, તીણી ચીસ પાડીને ભેટી પડી : 'હંસાભા.... ભીઈઈઈઈઈ!'

'બસ હવે. છોડ તો ખરી! આજે તને મારે એક ખાસ પરિચય કરાવવાનો છે!' હંસાભાભીએ મહામુસીબતે તને પોતાનાથી અળગી કરી, એટલે તું એમની આંખોમાં કુતૂહલથી જોઈ રહી.

'તારા ગામ પલસાણાથી મારા દિયર આવ્યા છે!' કહીને, હંસાભાભીએ મારા ખભા ઉપર સ્નેહથી હાથ મૂક્યો, એટલે તેં તરત જ દલપતની સામે જોયું, અને આંખો પટપટાવીને દલપતને કહ્યું,

'પટેલસાહેબ! તમે તો છૂપા રૂસ્તમ છો! મારા જ ગામના છો અને આજ સુધી મને કહેતા પણ નથી?' - તારો સૂર કજિયાનો હતો.

'ના બેન. ઉં પલહાણાનો નથી. મારું ગામ તો કણાવ. તમારા દેહાઈ લોકોના મોટા મ્હાદેવ મારા કણાવમાં. તેથી, કિકુ-પાધરાના ભંડારમાં આ દેહાઈ કણાવ આવતો ત્યારે અમે આખ્યો દાડો લખોટી રમતા!' દલપતે તને કહ્યું, એટલે હંસાભાભીએ જરાક લંબાવ્યું,

'આજકાલ મારા દિયર મુંબઈમાં નાટકો કરે છે, પણ આમ તો તેઓશ્રી લેખક છે! તારા પલસાણાના બેકગ્રાઉન્ડ ઉપર એમણે કેટલીક સુંદર વાર્તાઓ લખી છે! કદાચ તારા વાંચવામાં આવી હોય!'

'એમ? તો તો આપણે એમના વાર્તા-વાંચનનો કાર્યક્રમ અહીં જ ગોઠવીએ!' પાછળથી લાકડાવાલાએ ઉત્સાહથી કહ્યું, એટલે મારે સહેજ ગલ્લાંતલ્લાં કરતો હોઉં તેમ કહેવું પડ્યું,

'પ...ણ... હું... મારી સાથે વાર્તા લઈને... નથી આવ્યો.' અને મેં, તારા સિવાયના બધા સામે, ગળગળુ સ્મિત કર્યું.

'આપણે ઇંચકે બેહીને એકાદ એંમી કાઢજે ને દેહાઈ! આ લાકડાવારો પાછો આપણા આથમાં આવે એવો નથી, ભાઈ!' દલપતે મને ધબ્બો મારીને પ્રોત્સાહિત કર્યો, એટલે બધા જ હસી પડ્યા. હું પૌતે ફક્ત બાઘાની માફક ઊભો રહ્યો.

'કંઈ વાંધો નહિ,' તેં મારી દયા ખાતી હોય તે રીતે કહ્યું, અને પહેલી જ વાર મારી સામે જોયું, અને સૌજન્યપૂર્વક કહ્યું,

'અમેરિકામાં રોકાવાના હો તો એકાદ દિવસ અમારે ત્યાં જમવાનું રાખજો.'

મારા મનમાં તરત જ સવાલ જાગ્યો, 'ક્યાં? ક્યારે? કેવી રીતે?' પણ મોઢેથી હું માત્ર એટલું જ બોલી શક્યો,

'ભલે.'

અને તું, 'એસ્ક્યુઝ મી' કહીને, નમ્રતાપૂર્વક પાછી ફરી. લાકડાવાલા પણ મારી સાથે પાછો ફર્યો, એટલે તું એના કાનમાં સહેજ મોટેથી બડબડી,

'મને તો એમ, કે તમે શોભિત દેસાઈને ઉપાડી લાવ્યા હશો!'

અમે પણ પાછા વળ્યા. કોને ખબર કેમ, મારા મનમાં જ હું ગણગણ્યો,

*'આ સતત અવગણના એની મહેરબાની છે મરીઝ*
*ધીમે ધીમે એ કરી દેવાના બેપરવા મને.'* **મ**

# ‘મમતા’ જાહેર ખબરના દર




# MAMATA

## Monthly Magazine of Gujarati Short Stories

## Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | Width x height | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| | Premium Positions | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: K. A. Vaidya, 084888 73909**



જીંદગીનો સાર જીંદગીના પ્રવાસની એકે એક પળને માણવામાં છે.
ઝાયડસ
જીવનને સમર્પિત
Zydus
dedicated to life
કેડિલા હેલ્થકેર લિમીટેડ
ઝાયડસ ટાવર, સેટેલાઈટ ક્રોસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ભારત. ફોન : +૯૧-૭૯-૨૬૮ ૬૮ ૧૦૦ (૨૦ લાઈન્સ) ફેક્સ : +૯૧-૨૬૮૬ ૨૩ ૬૫ www.zyduscadila.com

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 12, October 2012

GUJGUJ13769/06/1/2011-TC



## આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો

Printed, Published and Owned by ARVINDKUMAR VALLABHDAS THAKAR.
Printed at Allied Offset Printers (Guj) Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad - 380 021
and Published from Plot No. 977/2, Sector No 7-C, Gandhinagar - 382 007 (Gujarat State).
Editor - ARVINDKUMAR VALLABHDAS THAKAR

Please Return Undelivered Mail to Mamata Monthly, 977/2 Sector 7-C, Gandhinagar 380-007